RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 28-06-2026 I VOL : 12 I Issue : 103 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**

સમય બદલાય છે,
પરંતુ મહેનતનો
પરિણામ નથી બદલાતો,
મહેનત કરો મનથી,
સફળતા ચોક્કસ મળશે
”

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  TET પરીક્ષા ફરજિયાતના વિરોધમાં શૈક્ષિક મહાસંઘનું એલાન


4  તનથી પહેલાં મનનું મિલન: શા માટે આજના લગ્નજીવનમાં 'સંવાદ' અને 'ધીરજ' ખૂટી રહ્યા છે?

6  ટ્રોમા એવી વસ્તુ છે, જેમાંથી બહાર આવી શકાતું નથી: રિયા ચક્રવર્તી

7  ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને 7-1થી હરાવ્યું:પાછળ રહ્યા પછી સતત 7 ગોલ કર્યા

## એક નજર...

### 18 હજાર કરોડની નેટવર્થ ધરાવતી ટેલર સ્વિફ્ટના લગ્નની તડામાર તૈયારીઓ



વિશ્વભરના લોકપ્રિય પોપ સિંગર્સમાંની એક સિંગર ટેલર સ્વિફ્ટ વર્તમાન સમયમાં પોતાના લગ્નના સમાચારોને લઈને ભારે ચર્ચામાં છે. અહેવાલો અનુસાર, ટેલર સ્વિફ્ટ અને તેમના મંગેતર ટ્રેવિસ કેલ્સ ટૂંક સમયમાં જ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. અહેવાલો મુજબ, સિંગર ટૂંક સમયમાં ન્યૂયોર્કના પ્રખ્યાત મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં પોતાના વેડિંગ ફંક્શન્સ સેલિબ્રેટ કરતી જોવા મળી શકે છે.

## NEWS TRACK

### વેનેઝુએલા ભૂકંપમાં વિનાશ બાદ કુદરતનો ચમત્કાર, કાટમાળમાંથી 18 દિવસના નવજાતને હેમખેમ બચાવાયો

જ્યારે કુદરત પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવે છે ત્યારે ચારેબાજુ માત્ર તબાહી જ જોવા મળે છે, પરંતુ તે જ તબાહીની વચ્ચે જ્યારે જિંદગી જીતી જાય છે, ત્યારે તેને જ આપણે 'ચમત્કાર' કહીએ છીએ. આવો જ એક અકલ્પનીય અને આંખમાં આંસુ લાવી દે તેવો ચમત્કાર વેનેઝુએલામાં જોવા મળ્યો છે. શક્તિશાળી ભૂકંપના કારણે અનેક ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ છે. આ જ કાટમાળની નીચે એક 18 દિવસનું નવજાત બાળક ફસાયેલું હતું, જેને બચાવ ટીમે ભારે જહેમત બાદ જીવતું બહાર કાઢ્યું છે. જ્યારે આ માસૂમ બાળકને તેના લાચાર અને રડતા પિતાના હાથમાં સોંપવામાં આવ્યું, ત્યારે ત્યાં હાજર દરેક વ્યક્તિ રડી પડી હતી. આ ભાવુક પુનઃમિલનનો વીડિયો સોશિયલ મીડિયા પર અત્યારે જોરદાર વાઈરલ થઈ રહ્યો છે અને કરોડો લોકોની આંખો ભીની કરી રહ્યો છે. આ કુદરતી કરિશ્મા અહીં જ પૂરો ન હતો થયો. બચાવ ટુકડીએ આશા ગુમાવ્યા વિના તે જ જગ્યાએ ફરીથી સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું.

### યુરોપમાં હિટવેવ: ગરમીથી બચવા નહાવા પડેલા 55 ડૂબ્યાં, શાળાઓ બંધ; હાઈવે તૂટ્યા

જે દેશો પોતાની ગુલાબી ઠંડી અને ખુશનુમા વાતાવરણ માટે દુનિયાભરમાં જાણીતા છે, તે યુરોપિયન દેશો અત્યારે ભઠ્ઠીની જેમ શેકાઈ રહ્યા છે. સમગ્ર યુરોપમાં અત્યારે સદીની સૌથી ભયાનક હિટવેવ ફરી વળ્યું છે. પરિસ્થિતિ એટલી હદે ગંભીર બની ગઈ છે કે ફ્રાન્સમાં ગરમીના કારણે 4 માસૂમ બાળકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ગરમીથી બચવા નદી-તળાવોમાં નહાવા પડેલા 55 થી વધુ લોકો ડૂબી ગયા છે. વૈજ્ઞાનિકોના મતે, ઈતિહાસમાં યુરોપનો આ સૌથી ગંભીર અને વ્યાપક હિટવેવ છે, જેમાં પ્રદેશના 850 મોટા શહેરોમાંથી અડધાથી વધુ શહેરો અભૂતપૂર્વ 'હીટ સ્ટ્રેસ' નો સામનો કરી રહ્યા છે. ફ્રાન્સમાં ગરમીના કારણે બાળકોના મોતના જે કિસ્સા સામે આવ્યા છે તે કોઈપણ માતા-પિતાની આંખોમાં આંસુ લાવી દે તેવા છે. માર્સેલીની એક હોસ્પિટલમાં 18 મહિનાના એક માસૂમ બાળકનું હાઈપરથર્મિયાના કારણે મોત થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ઓફિસે જતા પિતા પોતાના પુત્રને ડે-કેરમાં ડ્રોપ કરવાનું ભૂલી ગયા અને ભૂલથી તેને ધોમધખતા તડકામાં કારમાં જ બંધ મૂકીને જતા રહ્યા હતા.

### હૈદરાબાદમાં ટ્રમ્પના નામે રસ્તો બન્યો

# ટ્રમ્પ ભારત આવશે, અમેરિકી વિદેશ મંત્રી રૂબિયોનું નિવેદન

**વોશિંગ્ટન/નવી દિલ્હી**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્ષ 2027ની શરૂઆતમાં ભારત આવી શકે છે. ન્યૂઝ એજન્સી IANS અનુસાર, હૈદરાબાદમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આ નિવેદન આપ્યું.




જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ભારતની પ્રગતિ, વિકાસ અને વૈશ્વિક સ્તરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકાને કેવી રીતે જુએ છે, ત્યારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું, 'અમે વડાપ્રધાન મોદી અને તેમના દ્વારા કરવામાં આવેલા કાર્યોના ખૂબ મોટા પ્રશંસક છીએ.'

આ ટ્રમ્પની બીજી ભારત યાત્રા હશે. આ પહેલા ટ્રમ્પ વર્ષ 2020માં અમદાવાદમાં તેમની પ્રથમ ભારત યાત્રા પર આવ્યા હતા.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હૈદરાબાદમાં યુએસ કોન્સ્યુલેટ નજીકના રસ્તાને 'ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ' નામ આપવા બદલ ભારતનો આભાર માન્યો છે. શુક્રવારે, તેમણે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર લખ્યું: 'ભારતના હૈદરાબાદમાં નવું ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ. હું આ રીતે સન્માનિત થનાર પ્રથમ યુએસ રાષ્ટ્રપતિ છું. આભાર!'

ટ્રેડ ડિલ અને ટેરિફ: બંને રાષ્ટ્રો એક મુખ્ય દ્વિપક્ષીય વેપાર કરાર (BTA)ની ખૂબ નજીક છે. ટ્રમ્પની નવી ટેરિફ નીતિઓ અને ભારતીય માલ પરના ટેક્સમાં ઘટાડો અંગે સીધી વાતચીત થશે.

## બંગાળમાં UCC લાગુ થશે : CM શુભેન્દુ અધિકારી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ કહ્યું કે તેમની સરકાર રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરશે. લેન્ડ જિહાદ, લવ જિહાદ અને બળજબરીથી ધર્માંતરણ વિરુદ્ધ કડક કાયદો પણ લાવવામાં આવશે.

તેમણે કહ્યું કે જે લોકો ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યા છે. દેશની સંસ્કૃતિ કે રાષ્ટ્રીય સુરક્ષા વિરુદ્ધની ગતિવિધિઓમાં સામેલ છે, તેમને રાજ્યમાં રહેવા દેવામાં આવશે નહીં. ગેરકાયદેસર ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને તેમના દેશ પાછા મોકલવામાં આવશે.

વંદે માતરમના 150 વર્ષ પૂરા થવા પર કોલકાતાના રવીન્દ્ર સદનમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન શુભેન્દુએ આ વાતો કહી. શુભેન્દુ અધિકારીએ જણાવ્યું કે કટોકટીનો વિરોધ કરનારાઓને 9 ઓગસ્ટે સન્માનિત કરવામાં આવશે. આ માટે 'લોકતંત્ર સેનાની' સંકલન સમિતિ બનાવવામાં આવશે. પાત્ર લોકોને સરકારી માન્યતા પ્રમાણપત્રો આપવામાં આવશે. તેમણે કહ્યું કે સામાજિક, બંધારણીય અને રાષ્ટ્રીય મુદ્દાઓ પર સેમિનારનું આયોજન કરવામાં આવશે. કુદરતી આફતો દરમિયાન રાહત અને સામાજિક સેવા સંબંધિત કાર્યક્રમો પણ ચલાવવામાં આવશે.

### હિંદુ ભાઈઓને મુક્ત કરો, નહીં તો કત્લેઆમ થશે

# 14 હત્યારાઓને આજીવન કેદ, મુસ્લિમ-જજને હત્યાની ધમકી

**મધ્યપ્રદેશ**

મધ્યપ્રદેશના નર્મદાપુરમમાં મોબ લિંચિંગ કેસમાં 14 લોકોને આજીવન કેદની સજા સંભળાવનાર મુસ્લિમ મહિલા જજ તબસ્સુમ ખાન (ADJ) ને એક યુવકે હત્યાની ધમકી આપી છે.



યુવક વીડિયોમાં કહી રહ્યો છે કે જો 10 દિવસમાં અમારા બધા હિંદુ ભાઈઓ મુક્ત નહીં થાય, તો દેશ-પ્રદેશમાં કત્લેઆમ થશે.

બીજા વીડિયોમાં એક મહિલા પણ જજને ધમકાવી રહી છે. તે કહી રહી છે- એક મુસ્લિમ જજ બની ગઈ અને તેણે પોતાની ઔકાત બતાવી દીધી. જેહાદી જજ બની ગઈ. અમારા 14 હિંદુ ભાઈઓને આજીવન કેદની સજા સંભળાવી. તમારે તેની સજા ભોગવવી પડશે.

જજને ધમકી આપતો વીડિયો વાયરલ થયા બાદ ગૃહ મંત્રાલયની સાયબર સેલે IT એક્ટ હેઠળ નોટિસ મોકલી છે. સાથે જ સિઓની માલવા પોલીસે 2 અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધી તપાસ શરૂ કરી દીધી છે.

આ અંગે કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું- નફરત ફેલાવનારાઓ પર તાત્કાલિક કાર્યવાહી થાય છે, પરંતુ મોદીના ભારતમાં નફરત ફેલાવનાર ખુલ્લેઆમ ફરી રહ્યા છે. સાયબર સેલ કાર્યવાહી નથી કરી રહી, પરંતુ તેને નોટિસ મોકલી રહી છે.

12 જૂનના રોજ સિવની માલવાની ADJ તબસ્સુમ ખાનની કોર્ટે ગૌ-તસ્કરી સંબંધિત મોબ લિંચિંગ કેસમાં 14 આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. તેમને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી.

# મહાવિસ્ફોટ : કરજણમાં ધારાસભ્ય અક્ષય પટેલ અને ઘુઘા ભરવાડની 'ગેંગ' બેફામ! 'માં નર્મદા'ના કાળજા ચીરી કરોડોનું રેતી-માટી કૌભાંડ...!

## પિંગરવાડામાં ગોચર જમીન પર 50 ફૂટ ઊંડા ખાડા, નારેશ્વર રોડ પર રોયલ્ટી વગર 5 લાખ ટન રેતીનો સ્ટોક! | સીએમ ભૂપેન્દ્ર પટેલ મૌન, હર્ષ સંઘવીનો ડાયલોગ કરજણમાં 'ફેલ'? સીધી ગાંધીનગર ખાણ-ખનિજ વિભાગ પર પ્રહાર કરતી 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેટિવ સ્ટોરી







કરજણ નગરપાલિકાનો સભ્ય ઘુઘો ભરવાડ



કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ



કરજણ નગરપાલિકા કાર્યાલય
તા.કરજણ, જી. વડોદરા
પીન કોડ નં. ૩૯૧ ૨૪૦
ફોન નં. ૦૨૬૬૬ ૨૯૯૦૮૫
E mail : np_karjan@yahoo.co.in

નં.કનપાજાન/બાંધકામ/વશી/૨૪૧/૨૦૨૫
તા.૨૮/૦૪/૨૦૨૫

પ્રતિશ્રી,
ભરવાડ બાથાભાઈ હરીભાઈ
રહે, જલારામનગર,નવાબજાર,
કરજણ.

વિષય :– જે.સી.બી., ટ્રેક્ટર, ટ્રેલર તથા ટેન્કર વિગેરે વાહનો ભાડે મેળવવા અંગેના કામનો વર્ક ઓર્ડર.

ઉપરોક્ત વિષયે સંદર્ભ હેઠળના પત્ર લગત જણાવવાનું કે, સનેઃ ૨૦૨૫ – ૨૬ ના વર્ષમાં વાહનો ભાડે મેળવવા અંગેના કામ માટે જાહેર નિવિદા પ્રસિધ્ધ કરી નિયત ભાવપત્રકમાં ભાવ મંગાવવામાં આવેલ હતા. જે કામે આવેલ નિયત પત્રકો પૈકી આપશ્રીનું ભાવ પત્રક સૌથી નીચા ભાવનું જણાઈ આવેલ જેમાં જણાવ્યા મુજબના આપશ્રીના ભાવો અત્રેથી ગ્રાહય રાખવામાં આવે છે. સદરહું ભાવો આપશ્રીના વાહન, ડ્રાઈવર, ડીઝલ તથા તમામ ટેક્ષ સહિતના છે, જે નીચે મુજબ છે.

| અ.નં | કામનું નામ | મંજુર કરેલ ભાવ (રૂપિયામાં) |
|---|---|---|
| | વાહનો ભાડે મેળવવાનું કામ. | |
| ૧ | ટ્રેક્ટર | ૧૫૦૦.૦૦ |
| ૨ | ટ્રેક્ટર ટ્રેલર સહિત | ૨૦૦૦.૦૦ |
| ૩ | ટ્રેક્ટર ટેન્કર સહિત | ૨૨૦૦.૦૦ |
| ૪ | જે.સી.બી. | ૮૦૦.૦૦ |
| | કુલ :– | ૬૫૦૦.૦૦ |

તો આ વર્ક ઓર્ડર મળ્યેથી અત્રેની કચેરીએથી મળતી સુચના અનુસાર જરૂરીયાત મુજબના વાહનો ભાડે આપવા આ વર્ક ઓર્ડર આપવામાં આવે છે.

વધુમાં આ વર્ક ઓર્ડર મળ્યેથી દિન – ૭ માં આ કામે જરૂરી કરારખત કરવા રૂ.૩૦૦/– નો નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ રજુ કરવા જણાવવામાં આવે છે.

ચીફ ઓફિસર
કરજણ નગરપાલિકા,કરજણ

**બરોડા/કરજણ**

ગુજરાત સરકાર ભલે ડિજિટલ ઈન્ડિયા અને પારદર્શક શાસનની વાતો કરે, પરંતુ બરોડા જિલ્લાના કરજણ તાલુકામાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ બચ્યું જ નથી! અહીં કોઈ બંધારણ કે કાયદો નથી ચાલતો, અહીં માત્ર ને માત્ર કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને નગરપાલિકાના સદસ્ય ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘાની કાળી સલ્તનત ચાલે છે. માં નર્મદાની પવિત્ર ભૂમિને બાજ મશીનો દ્વારા ૨૦૦ ફૂટ ઊંડે સુધી ખોદી નાખીને કુદરતી સંપત્તિની એવી લૂંટ ચલાવવામાં આવી રહી છે કે હવે માં નર્મદાનો શ્રાપ આ પાપીઓને લાગશે. આ આખી ગેંગ સામે ગુજરાત સરકાર, બરોડા કલેક્ટર અને સ્થાનિક પોલીસ સરેન્ડર થઈ ગઈ હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

કૌભાંડ ૧: પિંગરવાડા ગામમાં ગોચર જમીન પર માટી ખનનનો કાળો કારોબાર!

કરજણના પિંગરવાડા ગામમાં કરોડો રૂપિયાનું ગેરકાયદેસર માટી ખનન આચરવામાં આવ્યું છે.

૫૦ ફૂટથી ઊંડા ખાડા: ગામની ગાયો માટેની પવિત્ર ગોચર જમીન પર ૪૦ થી ૫૦ જેટલા રાક્ષસી ખાડા ખોદી નાખવામાં આવ્યા છે, જેની ઊંડાઈ ૫૦ ફૂટ કરતાં પણ વધારે છે!

જેલ રિટર્ન ઘુઘાનો આતંક: આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર કરજણ નગરપાલિકાનો સદસ્ય ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘો છે. આ એ જ ઘુઘો છે જેની અગાઉ ગેરકાયદેસર રિવોલ્વર સાથે પોલીસે ધરપકડ કરી હતી અને તે જેલની હવા ખાઈ આવ્યો છે. છતાં તંત્ર આ ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સ સામે લાલ આંખ કેમ નથી કરતું?

કૌભાંડ ૨: નગરપાલિકામાં 'ચીફ ઓફિસર સોલંકી - એન્જિનિયર રાણા અને ઘુઘા'ની ત્રિપુટીનું રાજ!

કરજણ નગરપાલિકામાં ભ્રષ્ટાચારની ગંગા વહી રહી છે. અહીં ચીફ ઓફિસર સોલંકી અને એન્જિનિયર રાણાએ જાણે ઘુઘા ભરવાડના શરણે આખી નગરપાલિકા ગીરવે મૂકી દીધી છે!

કમિશન વગર નો ટેન્ડર: કરજણમાં ઘુઘાની પરમિશન વગર કોઈ ટેન્ડર પાસ થતું નથી. દરેક ટેન્ડરમાં ટકાવારી અને કમિશન ફિક્સ છે અને ટેન્ડરો માત્ર એના સગા-સંબંધીઓને જ લહાણી કરવામાં આવે છે.

મુદત પૂરી છતાં ટેન્ડર ચાલુ: તાજેતરમાં મોટું પાપ બહાર આવ્યું છે કે, ભાથા ભરવાડને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ સુધીનું જ ટેન્ડર આપવામાં આવ્યું હતું, જે ૨-૩ મહિના પહેલાં પૂરું થઈ ગયું હોવા છતાં ચીફ ઓફિસર સોલંકીની રહેમનજર હેઠળ આજે પણ આ ટેન્ડર ગેરકાયદેસર રીતે ચાલુ રાખીને કરોડોની મલાઈ ખાવામાં આવી રહી છે.

કૌભાંડ ૩: નારેશ્વર રોડ પર ૫ લાખ ટન રેતીનો બિનવારસી સ્ટોક!

કહેવાય છે કે આ આખી ગેંગના ગોડફાધર કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ છે. તેમના જ ઈશારે કરજણમાં માટી અને રેતી ખનનનું મસમોટું સામ્રાજ્ય ઊભું કરાયું છે.

રોયલ્ટી ચોરી: અક્ષય પટેલ અને ઘુઘા ભરવાડે નારેશ્વર રોડની બંને સાઈડ આશરે ૫ લાખ ટન મેટ્રિક રેતીનો જથ્થો એક પણ રૂપિયાની રોયલ્ટી ભર્યા વગર સ્ટોક કરી દીધો છે! સરકારની આંખમાં ધૂળ નાખીને કરોડોની ટેક્સ ચોરી કરાઈ રહી છે.

૩૦૦ ડમ્પરોનો આતંક: બાપજી અને રાધે કૃષ્ણ ટ્રાન્સપોર્ટના માલિક દ્વારા આ કાળા કારોબારમાં આશરે ૨૫૦ થી ૩૦૦ 'આઈવા ડમ્પર' દિવસ-રાત ઓવરલોડ રેતી ભરીને દોડે છે. ક્ષમતા કરતાં વધુ, એટલે કે ૫૦-૫૦ ટન રેતી લોડ કરીને આ ડમ્પરો રસ્તાઓ તોડી રહ્યા છે અને લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

ક્યાં મરી ગઈ છે સરકારી સિસ્ટમ? કલેક્ટર, એસડીએમ અને પોલીસ કેમ લાચાર?

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, આ ખનન માફિયાઓ દ્વારા દર મહિને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે અને આ ભ્રષ્ટાચારના 'પેકેટો' ઉપરથી લઈને નીચે સુધી બધાને પહોંચાડવામાં આવે છે!

બરોડા જિલ્લા પોલીસ, એસડીએમ કરજણ, ટ્રાફિક પોલીસ, મામલતદાર કે બરોડા કલેક્ટર... કોઈનામાં ત્રેવડ નથી કે આ ધારાસભ્યની ગેંગ સામે આંગળી પણ ચીંધી શકે!

ગાંધીનગર ખાણ-ખનિજ વિભાગના ચાવડા પણ બધું જાણતા હોવા છતાં કોઈ તપાસ કરતા નથી. હદ તો ત્યાં થાય છે કે બરોડા જિલ્લા બીજેપી પ્રમુખને પણ દર મહિને ફિક્સ પેકેટ પહોંચાડવામાં આવતું હોવાની ચર્ચા બજારમાં ગરમ છે! આ બધાને શરમ આવવી જોઈએ!

'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના સરકારને સીધા અને ધારદાર સવાલો:

૧. સીએમ સાહેબ, તમારી કડકાઈ ક્યાં ગઈ? - મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નાક નીચે કરજણ નર્મદા નદીને જેસીબી અને પોકલેન મશીનોથી ખોતરી રહ્યા છે, તો સરકાર ગાંધીનગરથી ફ્લાઈંગ સ્ક્વોડ મોકલીને અહીં તાત્કાલિક સઘન રેડ (Raid) કેમ નથી પાડતી?

૨. હર્ષ સંઘવીનો ડાયલોગ કરજણમાં કેમ ફેલ? - રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી વારંવાર કહે છે કે 'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો.' હર્ષભાઈ, કરજણમાં ધારાસભ્ય અક્ષય પટેલની પોતાની અલગ સરકાર ચાલે છે, ત્યાં દારૂ, જુગાર, ડ્રગ્સ અને ખનિજ ચોરી એમના જ ઈશારે થાય છે. શું કરજણ ગુજરાતની બહાર છે?

૩. ખાણ-ખનિજ વિભાગ કેમ લકવાગ્રસ્ત છે? - ગાંધીનગરની ખાણ-ખનિજ વિભાગની કમિશનર ટીમ પિંગરવાડા ગામના ૫૦ ફૂટ ઊંડા ખાડા અને નારેશ્વર રોડ પર પડેલી ૫ લાખ ટન રેતી સીઝ કરીને જવાબદારોને જેલ ભેગા કેમ નથી કરતી? આટલી મોટી રોયલ્ટી ચોરી છતાં ડ્રોન સર્વેક્ષણ કેમ કરવામાં આવતું નથી?

જનતાનો આક્રોશ: હવે આરપારની લડાઈ!

કરજણ તાલુકાની જનતામાં ભારે ચર્ચા અને આક્રોશ છે. લોકો પૂછી રહ્યા છે કે શું આ આખી ભ્રષ્ટ સિસ્ટમ મલાઈ ખાઈને મોજ કરતી રહેશે કે પછી ગાંધીનગરથી ખાણ-ખનિજ વિભાગની સેન્ટ્રલ ટીમ ત્રાટકીને આ આખી ત્રિપુટી (અક્ષય પટેલ, ઘુઘો અને અધિકારીઓ) ને જેલના સળિયા પાછળ ધકેલશે?

ગાંધીનગર બેઠેલા આકાઓ કાન ખોલીને સાંભળી લે... જો કરજણની આ ગેંગ સામે તાત્કાલિક દરોડા પાડીને ખાડા પૂરવામાં નહીં આવે અને કરોડોનો દંડ વસૂલવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ કૌભાંડના પુરાવાઓ સાથે જનતાની અદાલતમાં આખી સરકારને ખુલ્લી પાડશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# છોટાઉદેપુરમાં કુદરતી સંપત્તિની લૂંટ! નદીઓના કાળજા ચીરતા ભૂમાફિયાઓ સામે તંત્ર નતમસ્તક?





- પાવી જેતપુરના સિહોદ બ્રિજથી લઈને તેજગઢ સુધી રેતી ચોરીનું મસમોટું નેટવર્ક
- 'સાહેબો'ની આંખે ભ્રષ્ટાચારના ચશ્મા કે પછી માફિયાઓનો ખોફ?
- જનતાના આકરા સવાલોથી સિસ્ટમ હલબલી!

છોટાઉદેપુર

તંત્ર જ્યારે ૨૪ કલાકમાં ૩૩ વાહનો પકડવાનો આંકડો બતાવીને પીઠ થાબડતું હોય, ત્યારે જમીની હકીકત કંઈક જુદી જ કહાની કહી રહી છે. છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકા સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વહેતી નદીઓ આજે ભૂમાફિયાઓના લોભનો ભોગ બની રહી છે. સ્થાનિક પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે, નદીઓના પટ ખોખલા થઈ રહ્યા છે, અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો લગાડવામાં આવી રહ્યો છે. છતાં, જવાબદાર ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક પ્રશાસન મૌન સાધીને બેઠું છે, જેનાથી જનતામાં હવે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

સ્થાનિકોના ગંભીર આક્ષેપો અનુસાર, આ આખો કાળો કારોબાર કોઈ ચોક્કસ વિસ્તાર પૂરતો સીમિત નથી, પરંતુ તેનું નેટવર્ક કરોડો રૂપિયાનું છે. સિહોદ બ્રિજ (પાવી જેતપુર): બ્રિજની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાંથી પણ રાતોરાત રેતી ઉપાડી લેવાય છે, જેનાથી ભવિષ્યમાં બ્રિજના અસ્તિત્વ સામે પણ જોખમ ઊભું થઈ શકે છે.

નાલેજ અને પાદરવાટ: આ ગ્રામ્ય વિસ્તારોની સીમમાંથી પસાર થતી નદીઓ જાણે ભૂમાફિયાઓની જાગીર બની ગઈ હોય તેમ દિવસ-રાત જેસીબી મશીનો ચાલે છે.

ઓલી અંબા અને તેજગઢ: આ વિસ્તારોમાં ટ્રેક્ટરોની આખી ફોજ ગેરકાયદેસર રેતી ભરીને હાઈવે પર બેખોફ દોડે છે.

ગામના ચોરે અને પાનની ગલ્લે માત્ર એક જ ચર્ચા છે કે, 'જ્યારે સામાન્ય માણસ પોતાના ઘરના ચણતર માટે એક ટ્રેક્ટર રેતી લાવે તો તંત્ર દંડ ફટકારે છે, તો પછી આ માફિયાઓ રોજની સેંકડો ટ્રકો અને ટ્રેક્ટરો કઈ પરમિશનથી ખાલી કરે છે?'

રાતના અંધારામાં જ નહીં, હવે તો ભરબપોરે પણ નદીઓના પટમાંથી ગેરકાયદેસર ખનન થાય છે. ઓવરલોડ ભરેલા આ વાહનો ગ્રામ્ય માર્ગો પરથી પૂરપાટ ઝડપે પસાર થાય છે, જેના કારણે ગામના રસ્તાઓ બિસ્માર બન્યા છે અને અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે. છતાં, ખાણ-ખનિજ વિભાગ (Mining Department) ના અધિકારીઓ એસી ચેમ્બરમાંથી બહાર નીકળવા તૈયાર નથી!

પાક્કો ગુજરાત ન્યૂઝના સિસ્ટમને હચમચાવતા સીધા સવાલો:

૧. હપ્તાખોરીનું ગણિત શું છે? - દરરોજ નજર સામેથી પસાર થતા સેંકડો ગેરકાયદેસર વાહનો સ્થાનિક પોલીસ અને ખાણ-ખનિજ વિભાગને કેમ દેખાતા નથી? શું માફિયાઓ અને અધિકારીઓ વચ્ચે કોઈ 'ગઠબંધન' કામ કરી રહ્યું છે?

૨. માત્ર રજાઓમાં જ કેમ નાટક? - વહીવટીતંત્ર રજાઓના દિવસોમાં સ્પેશિયલ ડ્રાઈવ કરીને સંતોષ માની લે છે, પણ બાકીના ૩૬૫ દિવસ આ વિસ્તારોમાં નિયમિત ચેકિંગ કેમ કરવામાં આવતું નથી?

૩. મોટા માથાઓ પર ક્યારે હાથ નખાશે? - પકડાય છે માત્ર ગરીબ ડ્રાઈવરો કે ટ્રેક્ટર માલિકો, પણ આ આખા કાળા કારોબાર પાછળ જે મુખ્ય સૂત્રધારો (કિંગપિન) બેઠા છે, તેમના સુધી કાયદાના હાથ કેમ પહોંચતા નથી?

૪. પારદર્શક તપાસથી કેમ ડરે છે તંત્ર? - સ્થાનિકો સતત માંગ કરી રહ્યા છે કે આ વિસ્તારોમાં વિડીયોગ્રાફી કરાવીને તપાસ થાય, તો તંત્ર આ બાબતે કેમ મૌન છે?

અધિકારીઓનું રહસ્યમય મૌન: દાળમાં કંઈક કાળું છે કે આખી દાળ જ કાળી છે?

આ આખા સળગતા મામલે જ્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ની ટીમે સંબંધિત વિભાગના અધિકારીઓનો સત્તાવાર પ્રતિભાવ લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે હંમેશની જેમ 'સાહેબો' વ્યસ્ત હોવાના બહાના હેઠળ કેમેરા અને સવાલોથી ભાગતા નજરે પડ્યા હતા. અધિકારીઓનું આ મૌન જ સાબિત કરે છે કે ક્યાંક ને ક્યાંક પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે.

જનતાની આખરી ચેતવણી!

સિહોદ, નાલેજ, પાદરવાટ અને તેજગઢની જનતાએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં આ ગેરકાયદેસર ખનન કાયમી ધોરણે બંધ કરવામાં નહીં આવે અને દોષિતો સામે કડક પગલાં લેવાશે નહીં, તો સ્થાનિકો રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરશે. હવે જોવાનું એ રહેશે કે માત્ર કાગળ પર 'ઝીરો ટોલરન્સ'ની ગુલબાંગો પોકારતું તંત્ર ખરેખર કોઈ 'ઘાતક' એક્શન લે છે કે પછી ભૂમાફિયાઓ સામે નતમસ્ત થઈને જ રહેશે!

**ધગધગતો અહેવાલ: ઇમરાન મિર્ઝા (પાક્કો ગુજરાત ન્યૂઝ - જનતાનો બુલંદ અવાજ)**

## વરસાદ-કાદવ વચ્ચે દર્દીને ઝોળીમાં ઉપાડી હોસ્પિટલ દોડ્યા! દેડિયાપાડામાં 108ના કર્મચારીઓ બન્યા તારણહાર

નર્મદા

નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ચોમાસા દરમિયાન સેવા નિભાવવી કેટલી મુશ્કેલ છે, તેનો વધુ એક જીવતો જાગતો કિસ્સો સામે આવ્યો છે.

ડેડિયાપાડા તાલુકાના પૂર્વ પટ્ટી વિસ્તારમાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓએ માનવતા અને ફરજનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને, એક દર્દીનો જીવ બચાવ્યો છે. તેમની આ સરાહનીય કામગીરીની સ્થાનિક સ્તરે ભારે પ્રશંસા થઈ રહી છે.

આવી વિકટ અને કટોકટીભરી પરિસ્થિતિમાં પણ 108ની ટીમે હાર ન માની. એમ્બ્યુલન્સના પાયલોટ મેહુલ વસાવા અને EMT સુનિલ રાઠવાએ ત્વરિત નિર્ણય લીધો, અને પોતાની હિંમત તેમજ ફરજનિષ્ઠા દર્શાવી હતી. તેઓ દર્દીના ઘર સુધી પહોંચ્યા અને લાકડી તેમજ કપડાની મદદથી એક ઝોલી તૈયાર કરી. દર્દીને તે ઝોલીમાં બેસાડીને બંને કર્મચારીઓએ કાદવભર્યો અને અત્યંત મુશ્કેલ રસ્તો પગપાળા પાર કર્યો હતો. કોરોના અને ચોમાસા જેવી અનેક ઋતુઓમાં ખડેપગે રહેતા આ વોરિયર્સે દર્દીને કષ્ટદાયક માર્ગ પરથી સુરક્ષિત રીતે ઊંચકીને મુખ્ય માર્ગ પર ઉભેલી એમ્બ્યુલન્સ સુધી લઈ ગયા હતા.

દર્દીને એમ્બ્યુલન્સમાં શિફ્ટ કર્યા બાદ, પ્રાથમિક સારવાર આપતા આપતા તેને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સમયસર તબીબી સારવાર મળી જતાં, દર્દીની સ્થિતિ હવે સ્થિર છે, અને તેનો જીવ બચી ગયો છે.

ભારે વરસાદ અને પ્રતિકૂળ સંજોગો વચ્ચે પોતાની જાનની પરવા કર્યા વિના દર્દીની વહારે આવેલા 108ના પાયલોટ મેહુલ વસાવા અને EMT સુનિલ રાઠવાની આ કામગીરીને સ્થાનિક ગ્રામજનો અને સોશિયલ મીડિયા પર લોકો બિરદાવી રહ્યા છે.

## જામનગરમાં 5,000થી વધુ મરઘીના બચ્ચાનું ગેરકાયદે વેચાણનું કૌભાંડ પકડાયું, બે પરપ્રાંતીય શખસો ઝડપાયા

જામનગર

જામનગર શહેર અને આસપાસના પંથકમાં ગેરકાયદે અને ક્રૂરતાપૂર્વક મરઘીના બચ્ચાંનું વેચાણ કરવાનું એક મોટું નેટવર્ક ઝડપાયું છે. પશ્ચિમ બંગાળથી આણંદ થઈને જામનગર લાવવામાં આવેલા આશરે 5 હજાર જેટલા મરઘીના બચ્ચાંઓને એનિમલ વેલ્ફેર સંસ્થાએ બચાવી લીધા છે. એક નાના બોક્સમાં ક્ષમતા કરતાં દસ ગણા બચ્ચાંઓને પૂરીને રાખવામાં આવ્યા હતા, જ્યાં તેઓ ખોરાક-પાણી વિના ગુંગળાઈ રહ્યા હતા. જીવદયા પ્રેમીઓએ આ તમામ બચ્ચાંઓને મુક્ત કરાવી સુરક્ષિત સ્થળે મોકલ્યા છે, જ્યારે ગેરકાયદે વેચાણ કરતાં બે પરપ્રાંતીય શખ્સોને સિટી બી. ડિવિઝન પોલીસના હવાલે કર્યા છે.

મળતી માહિતી અનુસાર, પશ્ચિમ બંગાળના નવ જેટલા શખ્સો છેલ્લા ત્રણેક દિવસ પહેલાં આણંદથી મોટી સંખ્યામાં મરઘીના બચ્ચાંઓને બોક્સમાં ભરીને જામનગર લાવ્યા હતા. તેઓ જામનગરના બેડેશ્વર વિસ્તારમાં જાહેર રોડ પર માત્ર 25 રૂપિયામાં એક બચ્ચું વેચી રહ્યા હોવાની બાતમી એનિમલ વેલ્ફેરની સંસ્થા 'જીવા ફાઉન્ડેશન'ને મળી હતી. બાતમીના આધારે જામનગરની આ સંસ્થાના દીપેન પરમાર અને તૃપ્તિબહેન દાવદરા મરઘીના બચ્ચાં ખરીદવાના બહાને ગ્રાહક બનીને બેડેશ્વર વિસ્તારમાં પહોંચ્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું કે, જે બોક્સમાં માત્ર 5 બચ્ચાં રાખી શકાય તેમાં આ શખ્સોએ 50થી વધુ બચ્ચાંઓને ખીચોખીચ ભર્યા હતા.

## રસ્તો બિસ્માર ને કામ અધૂરું, તોય રાજકોટ-જેતપુર હાઈવે પર ટોલ ટેક્સ કેમ? કોંગ્રેસ MLAએ સરકારને ઘેરી

રાજકોટ

રાજકોટથી જેતપુર સુધીના હાઈવેની બિસ્માર હાલત અને અધૂરી કામગીરી વચ્ચે વાહનચાલકો પાસેથી ટેક્સ ઉઘરાવવાનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. હાઈવેનું કામ પૂરું ન થયું હોવા છતાં એક ખાનગી કંપની દ્વારા ગેરકાયદે રીતે ટોલ ટેક્સ વસૂલવામાં આવતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ અન્યાય સામે પાટણ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ સી. પટેલે મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે આ સમગ્ર પ્રક્રિયાને પ્રજા સાથે ખુલ્લેઆમ લૂંટ અને છેતરપિંડી ગણાવીને તાત્કાલિક તપાસની માંગ કરી છે. ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં હાઈવેની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપતાં જણાવ્યું છે કે, 'રાજકોટથી જેતપુર રોડને સિક્સ લેન બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે, પરંતુ આ કામ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. હાઈવે પર આવતા મોટાભાગના પુલોના કામ હજુ પણ અધૂરા પડ્યા છે. માર્ગ પર સતત ચાલતા કામના કારણે વાહનચાલકો માટે ઘણી બધી જગ્યાએ જોખમી ડાયવર્ઝન આપવામાં આવ્યા છે, જેના લીધે સામાન્ય જનતા અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.'

પત્રમાં સરકારની નીતિઓ અને ખાનગી કંપનીની જોહુકમી સામે આકરા પ્રહારો કરતાં ધારાસભ્યે સવાલ ઉઠાવ્યો છે કે, જ્યારે વાહનચાલકોને પૂરી સુવિધા કે સલામત રસ્તો જ આપવામાં આવતો નથી, તો પછી આ પ્રકારે અધૂરા રસ્તે ટોલ ટેક્સ ઉઘરાવવાની પરવાનગી કોણે આપી? મધ્યમ વર્ગના લોકો, નોકરિયાતો અને ખેડૂતો પાસેથી કોઈ પણ પ્રકારની સુવિધા આપ્યા વિના જ કરોડો રૂપિયા પડાવવાની આ પ્રવૃત્તિ પ્રજા સાથેની ખુલ્લી લૂંટ જ છે.

## પ્રશિક્ષણ વર્ગના ખર્ચ માટે વડોદરા ભાજપ દ્વારા ફંડની ઉઘરાણી શરૂ કરતાં વિવાદ : કાર્યકર્તાઓમાં રોષ

વડોદરા

ગુજરાતના તમામ શહેર જિલ્લામાં કાર્યકર્તાઓ માટે દીનદયાળ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવા પ્રદેશ ભાજપ દ્વારા સૂચના આપવામાં આવી છે જેના ભાગરૂપે વડોદરા શહેરમાં તારીખ 28 જૂન તા.5 અને 12મી જુલાઈના રોજ યોજવામાં આવનાર છે જેના માટેનું ફંડ એકઠું કરવાની જવાબદારી કાર્યકર્તાના માથે થોપી બેસાડી છે. પ્રદેશ સમિતિ દ્વારા કાર્યકર્તાઓ પાસેથી રૂ.100 ઓનલાઈન ભરપાઈ કરવા જણાવ્યું છે ત્યારે વડોદરા ભાજપ દ્વારા હોદ્દેદારો અને ચૂંટાયેલા સભ્યો પાસેથી રોકડા પૈસા જમા કરાવવા જણાવ્યું છે. જેથી કાર્યકર્તાઓ અને ચૂંટાયેલા સભ્યોમાં છુપો રોષ ફેલાયો છે. એટલુજ નહીં કાર્યકર્તાઓને છૂટ આપવામાં આવી છે કે, આ પ્રશિક્ષણ શિબિર માટે કોઈ ભાજપના હિતેચ્છુ પૈસા આપવા માગતા હોય તો તેવા વ્યક્તિઓ પાસેથી પણ પૈસા ઉઘરાવી શકશે અને તે નાણાં પાર્ટીમાં જમા કરાવી શકશે. ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા કાર્યકર્તાઓ માટે દીન દયાળ પ્રશિક્ષણ વર્ગ ગુજરાતના તમામ શહેર જિલ્લામાં આયોજન કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં પ્રદેશ ભાજપ સમિતિ દ્વારા કાર્યકર્તાઓ પાસેથી રૂ.100 જમા કરાવવા માટે ખાસ ઓનલાઈન સિસ્ટમ રાખવામાં આવનાર છે જેમાં કાર્યકર્તાઓએ નાણાં જમા કરાવવાના રહેશે તેમ પણ જણાવ્યું છે. ત્યારે બીજી બાજુ વડોદરા શહેરમાં આગામી તારીખ 28 જૂન તારીખ પાંચમી જુલાઈ અને તારીખ 12મી જુલાઈના રોજ અટલાદરા સ્વામિનારાયણ મંદિર, કાયાવરોહણ અને ત્રિમંદિર અને ખટંબા ખાતે રાખવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.


પત્નીને ઉત્તેજનાવર્ધક દવાઓ આપી શારીરિક સંબંધ બાંધતો

## પૂર્વ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ તેના પતિની વિકૃત હરકતોથી કંટાળી નોંધાવી પોલીસ ફરિયાદ

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ તેના પતિની વિકૃત હરકતોથી કંટાળી પોલીસ ફરિયાદ નોંધાવી છે. પતિ દ્વારા અન્ય યુવતી સાથેના વીડિયો અને પોર્ન વીડિયો બતાવી શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હોવાનો આક્ષેપ કરાયો છે. પોલીસે પતિ સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરના એક વિસ્તારમાં રહેતી યુવતીના વર્ષ 2011માં મુસ્લિમ રીત રિવાજથી સારંગપુર વિસ્તારમાં રહેતા યુવક સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિ સાસુ અને દિયર દ્વારા નાની નાની બાબતોમાં ઝઘડો કરવા લાગ્યા હતા અને આ બાબતે પિયરમાં પણ યુવતીએ જાણ કરી હતી. દહેજમાં રોકડ રૂપિયા મળશે પરંતુ કઈ મળ્યા નહોતા અને ત્યારબાદ ઝઘડા ચાલુ રાખ્યા હતા. સાસુ દ્વારા પણ યુવતીને અવારનવાર મેણા ટોણા મારવામાં આવતા હતા જે ત્રાસ યુવતી સહન કરતી હતી.




વર્ષ 2012માં મહિલાએ પુત્રીને જન્મ આપ્યો હતો જેનો પતિએ કોઈ ખર્ચ આપ્યો નહોતો ત્યારબાદ શારીરિક ત્રાસ આપવા લાગ્યો હતો. મહિલાનો પતિ રોજ રાત્રે મોડા આવતો અને મહેફિલોમાં જતો હતો ઘરે આવીને રાત્રે બળજબરી કરીને શારીરિક સંબંધ બાંધતો હતો. જ્યારે બીમાર હોય ત્યારે ડોક્ટરે આપેલી દવાની સાથે મહિલાને ઉત્તેજન વધે એવી દવા આપી અને બીમાર અવસ્થામાં પણ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો જેનો ઈનકાર કરતા ગાળો બોલીને માર મારતો હતો.

## જસદણની આલ્ફા સ્કૂલના સંચાલકો વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો

જસદણ

જસદણની આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ એન્ડ ટ્રેનિંગ સેન્ટરમાં અભ્યાસ કરતી ૧૦ વર્ષીય વિદ્યાર્થિની આયુષીના રહસ્યમય મોત બાદ ચકચાર મચી ગઈ છે. આ મામલે મૃતક બાળકીના પિતાએ શાળાના સંચાલકો પર ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા હતા, જેના પગલે પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. રિપોર્ટ અને પરિવારની ફરિયાદના આધારે જસદણ પોલીસે આલ્ફા સ્કૂલના બે સંચાલકો વિરૂધ્ધ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરીને સકંજામાં લેવા સાથે તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે. મહુવાના મોટા જાદરા ગામના વતની રમેશભાઈ બલદાણિયાએ પોતાની પુત્રી આયુષીને ગત ૨૭ એપ્રિલે આલ્ફા સ્કૂલમાં અભ્યાસ માટે મોકલી હતી. આયુષીને થોડા દિવસો પહેલા અછબડા અને તાવની તકલીફ હતી. આક્ષેપ મુજબ, બાળકી ગંભીર રીતે બીમાર હોવા છતાં સંચાલકોએ પરિવારને સમયસર જાણ કરી ન હતી અને તેને તબીબી સારવાર પણ પૂરી પાડી ન હતી.

17 બંધ મકાનોમાં લોકો સામાન સાથે રહેવા આવી ગયા હતા

## શાહપુરમાં EWS આવાસ યોજનામાં બંધ મકાનોમાં લોકોએ કબજો જમાવ્યો, હવે પોલીસ ફરિયાદ નોંધાશે

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં બે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. શહેરના શાહપુર વિસ્તારમાં આવેલી જ્યુપીટર મીલ કમ્પાઉન્ડ EWS આવાસ યોજનાના બંધ મકાનોના સરકારી તાળા તોડીને ગેરકાયદેસર રીતે રહેવા આવી ગયેલા તત્વો સામે એક્શન લેવાયા છે. તંત્રએ તાત્કાલિક ધોરણે 17 જેટલા મકાનો ખાલી કરાવી ફરી સીલ મારી દીધા છે અને હવે જવાબદારો સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની તૈયારી શરૂ કરી છે. આ ઉપરાંત, ચોમાસા દરમિયાન શહેરમાં મચ્છરોના ઉપદ્રવ અને મલેરિયા-ડેન્ગ્યુ જેવા રોગચાળાને નાથવા માટે કમિટી દ્વારા વધુ 12 કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે આ અંગે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, શાહપુરમાં જ્યુપીટર મિલની જગ્યામાં બનાવવામાં આવેલા EWS આવાસમાં કેટલાક લોકો ગેરકાયદેસર વસવાટ કરી રહ્યા હોવાની ચોંકાવનારી



માહીતી કમિટીના સભ્ય રાજેશ પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ માહિતીના આધારે એસ્ટેટ વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ તપાસ કરી 17 જેટલા મકાનોમાંથી ગેરકાયદે રહેતા લોકોનો સામાન બહાર કઢાવી મકાનો ખાલી કરાવ્યા હતા અને ત્યાં ફરીથી સરકારી તાળા મારી દીધા હતા. મકાનો ખાલી પડ્યા હોવાની બાતમી મળતા જ લોકોએ જાતે તાળા તોડી કબજો જમાવ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને ચેરમેને આ અસામાજિક તત્વો વિરુદ્ધ તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર (FIR) નોંધાવવા અધિકારીઓને કડક સૂચના આપી છે.

## વડોદરામાં સરેઆમ ગુંડાગર્દી : ગારમેન્ટના વેપારી પર ધાણીપાશ ખૂની નિકળીને ફાયરિંગ

### બાઇક સવાર શૂટરો હવામાં ઓગળી ગયા, કાયદો-વ્યવસ્થાના લીરેલીરા

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં હવે ગુનેગારોને ખાખીનો કોઈ ખોફ ન રહ્યો હોય તેમ ધોળાદિવસે રસ્તા પર સરેઆમ ફાયરિંગની સનસનાટીભરી ઘટના સામે આવી છે. વડોદરામાં એક ગારમેન્ટના (કપડાંના) જાણીતા વેપારીને નિશાન બનાવીને બાઈક પર આવેલા અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ જીવલેણ હુમલા બાદ હુમલાખોરો હવામાં તમંચા લહેરાવતા પૂરપાટ ઝડપે બાઈક પર ફરાર થઈ ગયા હતા. ધોળાદિવસે બજાર વચ્ચે થયેલા આ ગોળીબારથી સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે અને વેપારી આલમમાં દહેશતનો માહોલ ફેલાયો છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ, ગારમેન્ટના વેપારી જ્યારે પોતાની દુકાને અથવા કોઈ કામ અર્થે પસાર થઈ રહ્યા હતા, ત્યારે અગાઉથી જ રેકી કરીને ટાંપીને બેઠેલા શૂટરોએ વ્યુહાત્મક રીતે તેમની ગાડી નજીક આવીને સીધું જ ફાયરિંગ ઝીંકી દીધું હતું. ગોળી વાગતાની સાથે જ વેપારી લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. આસપાસના લોકો અને અન્ય વેપારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત વેપારીને સારવાર અર્થે નજીકની હાઈટેક હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે.

જેતપુરમાં સિટી બસ પ્રોજેક્ટની ફાઇલ વહીવટી તંત્રએ અભેરાઈએ ચડાવી દીધી: પ્રજા પરેશાન

## વર્ષ 2023-24ના બજેટમાં મુખ્યમંત્રી સડક પરિવહન યોજના હેઠળ કરાયેલી 6 બસોની જોગવાઈ માત્ર કાગળ પર

જેતપુર

સાડી ઉદ્યોગ માટે પ્રખ્યાત જેતપુર શહેરમાં રોજીરોટી કમાવવા આવતા હજારો શ્રમિકો અને સ્થાનિક નાગરિકોની સુવિધા માટે મંજૂર થયેલો સિટી બસ પ્રોજેક્ટ નગરપાલિકાની ઘોર બેદરકારીનો શિકાર બન્યો છે. સત્તાધીશોએ બજેટમાં મોટી જાહેરાતો કરી દીધી, પરંતુ વાસ્તવિકતામાં સ્થાનિક વહીવટી તંત્રએ આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટની ફાઈલને અભેરાઈએ ચડાવી દેતા પરિવહનની સમસ્યા દિન-પ્રતિદિન વધુ નેગેટિવ અને જટિલ બની રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુર નગરપાલિકાના વર્તમાન સત્તાધીશો દ્વારા તેમના શાસનકાળના છેલ્લા જનરલ બોર્ડમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું બજેટ રજૂ કરાયું હતું. જેમાં રૂ. ૧,૦૬,૭૭,૪૨,૦૦૦ ની આવક અને રૂ. ૧,૦૬,૩૮,૪૨,૦૦૦ ના ખર્ચ સાથેનું રૂ. ૩,૯૦,૦૦૦ ની પુરાંતવાળું બજેટ સર્વાનુમતે મંજૂર કરાયું હતું. આ બજેટમાં શાસકોએ 'મુખ્યમંત્રી સડક પરિવહન યોજના' અંતર્ગત શહેરમાં ૬ નવી સિટી બસ ખરીદીને સેવા શરૂ કરવાની ખાસ જોગવાઈ કરી હતી. જોકે, આ જાહેરાત માત્ર બોર્ડ પૂરતી જ સીમિત રહી ગઈ છે અને પ્રોજેક્ટ ખોરંભે ચડી ગયો છે. આ ૬ સિટી બસ માટે પ્રતિ બસ દૈનિક ૨૦૦ કિલોમીટરની મર્યાદા નક્કી કરાઈ હતી. પરંતુ સરકાર અને ખાનગી એજન્સીઓ વચ્ચે કિલોમીટર દીઠ અપાતા ભાવમાં જમીન-આસમાનનો તફાવત હોવાથી આખી યોજના અટવાઈ છે. સરકાર દ્વારા પ્રતિ કિલોમીટર માત્ર રૂ. ૨૨ ની આસપાસનો ભાવ મંજૂર કરવામાં આવ્યો છે, જ્યારે આજના મોંઘવારીના સમયમાં ડીઝલ અને મેન્ટેનન્સનો જંગી ખર્ચ જોતાં ખાનગી એજન્સીઓ પ્રતિ કિલોમીટર રૂ. ૩૫ થી ૪૦ ની માંગ કરી રહી છે. આ સમગ્ર નિષ્ફળતા મુદ્દે જેતપુર નગરપાલિકાના ચીફ ઓફિસર પાર્થિવ પરમારે લૂલો બચાવ કરતા જણાવ્યું હતું કે, અગાઉ તંત્ર દ્વારા સતત સાત વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ એક પણ એજન્સીએ તેમાં રસ દાખવ્યો ન હતો. આઠમા પ્રયાસમાં એક એજન્સી આગળ આવી હતી, પરંતુ તેણે પ્રતિ કિલોમીટર રૂ. ૩૩ થી ૩૫ નો ઉંચો ભાવ માંગતા અને નેગોશિએશન નિષ્ફળ જતા એક વર્ષ પૂર્વે જ એ ટેન્ડર રદ્દ કરી દેવાયું હતું. સૌથી મોટી આશ્ચર્યની બાબત એ છે કે, બજેટ મંજૂર થયાને અને ટેન્ડર રદ્દ થયાને એક વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં પાલિકા તંત્રએ કોઈ મજબૂત વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી નથી. અત્યારે માત્ર અન્ય બે એજન્સીઓનો સંપર્ક કરીને 'ટેન્ડર ન ભરવા પાછળની મુશ્કેલી જાણવાના' બહાના હેઠળ નવેસરથી કવાયત કરવાની ઔપચારિક વાતો થઈ રહી છે.

પાક્કો ગુજરાત

રવિવાર । 28 જૂન 2026 । અમદાવાદ

# TET પરીક્ષા ફરજિયાતના વિરોધમાં શૈક્ષિક મહાસંઘનું એલાન

## 29 જૂનથી 788 સાંસદોને અપાશે આવેદન, રાજ્યમાં શિક્ષકોની 33 હજાર જગ્યા ખાલી; 12 હજાર ક્લાર્ક-પટ્ટાવાળાની ભરતી અટકી



**રાજકોટ**

રાજકોટના આજી વિસ્તારમાં સેવા ભારતી કાર્યાલય ખાતે ગુજરાત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ABRSM)ની રાજ્ય કક્ષાની આજે 27 જૂનના કારોબારી બેઠક મળી હતી. જેમાં ગુજરાતના 75000 સહિત દેશના 25 લાખ શિક્ષકોને TET પરીક્ષા ફરજિયાતના મુદ્દાને લઈને 29 જૂનથી 5 જુલાઈ સુધી દેશના તમામ પક્ષના લોકસભાના 543 અને રાજ્યસભા 245 સાંસદોને આવેદનપત્ર આપવાનું એલાન થયુ છે.

ભારતમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન તમામ સાંસદો શિક્ષકોના આ પ્રશ્નને વાચા આપે અને સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સુધારો કરી 2010 પહેલાના શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે એવી માંગણી મૂકવામાં આવી છે. આ દરમિયાન રાજ્યની શાળાઓમાં શિક્ષકો સહિત 33 હજાર જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. જ્યારે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં 12 હજાર ક્લાર્ક અને પટ્ટાવાળાની ભરતી બાકી હોવાનો મુદ્દો ઉઠાવવામા આવ્યો હતો.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાતના અધ્યક્ષ મિતેશ ભટ્ટે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના 9 સંવર્ગ કાર્યરત છે, જેમાં 1.20 લાખ સદસ્યો નોંધાયેલા છે. હાલમાં ટેટ પરીક્ષાની જે અનિવાર્યતા ઊભી થઈ છે, તેને અનુલક્ષીને જેમને આ પરીક્ષા પાસ કરવાની થાય છે ,તેવા 75,000 જેટલા શિક્ષકો છે. જ્યારે ભારતના 25 લાખ શિક્ષકોને આ નિર્ણયની અસર થાય છે. જેથી કેન્દ્રીય કક્ષાએથી જે કાર્યક્રમ આપવામાં આવેલો છે તે મુજબ 5 જુલાઈ સુધી સમગ્ર ભારતના તમામ પક્ષના સાંસદોનો સંપર્ક કરવામાં આવશે, જેમાં શિક્ષકોને જે તકલીફ પડે છે તેની વાત મૂકવામાં આવશે. શિક્ષકોની નોકરી, નોકરીની શરતો, તેમનું પ્રમોશન અને નિવૃત્તિમાં જે કંઈ પણ પ્રશ્નો છે, તેની સાંસદોને રજૂઆત કરવામાં આવશે. જેમાં વિનંતી કરવામાં આવશે કે, આગામી ચોમાસુ સત્રમાં શિક્ષકોનો અવાજ રજૂ કરવામાં આવે. તેમના પ્રશ્નોની રજૂઆત થાય. જેમાં પ્રશ્નોત્તરી દરમિયાન, શૂન્ય કાળ દરમિયાન અથવા તો અથવા તો ચર્ચા સ્વરૂપે આ બાબતની ચર્ચા થાય અને શિક્ષકોના હિતમાં કાયદામાં જે કંઈ પણ સુધારો કરવાની જરૂર પડે તેની કાર્યવાહી કરવામાં આવે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા જ ચુકાદો આપવામાં આવ્યો છે, તેને સંગઠન પૂરેપૂરુ માન આપે છે, પરંતુ 25 લાખ શિક્ષકોના પરિવારને પણ અસર થાય છે. જેમાં તેમની સેવા શરતો મુજબ તેમના મેરીટના આધારે નિમણૂક મળેલી છે. તેમને નોકરી મળી તે વખતેની સ્થિતિ અને આપેલી છૂટછાટના આધારે શિક્ષકોને ટેટ પરીક્ષાની અનિવાર્યતા માંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી છે.

સંગઠનની કાર્ય પદ્ધતિ અનુસાર, પ્રદેશ કારોબારી નિયમિત રીતે મળતી હોય છે. આવતીકાલે રાજકોટમાં પ્રદેશ કારોબારી છે અને તેમાં સમગ્ર ગુજરાતમાંથી 400થી વધુ પદાધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે. દરેક જિલ્લા અને રાજ્યકક્ષાએ જે પ્રશ્નો છે, તેની ચર્ચા થશે અને ચર્ચા બાદ જે નિર્ણય લેવામાં આવશે તે પ્રમાણે આગળની રણનીતિ ઘડી કાઢવામાં આવશે. જેમાં મુખ્યત્વે શાળાની જ્યારથી શરૂઆત થઈ ત્યારથી મહેકમ પ્રમાણે કાયમી શિક્ષકોની નિમણૂક આપવામાં આવે.

# ઢાબા પર એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટનો દરોડો

## વેઈટર તરીકે આકરી મજૂરી કરાવનાર માલિક સામે ગુનો દાખલ : બે સગીરોને મુક્ત કરાવ્યા

**ગાંધીનગર**

ગાંધીનગરના રાંધેજા-માણસા હાઈવે પર આવેલ ઢાબા પર એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દ્વારા દરોડો પાડીને બાળમજૂરી કરતા બે પરપ્રાંતીય સગીર વયના બાળકોને મુક્ત કરાવવામાં આવ્યા છે. જ્યારે ઢાબાના માલિક વિરુદ્ધ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ પેથાપુર પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં ઓપરેશન ચાઈલ્ડ હુડ ફ્રીડમ હેઠળ ખાસ ડ્રાઈવ ચાલી રહી છે. આ ડ્રાઈવ હેઠળ હોટલો, ઢાબા અને રેસ્ટોરેન્ટ્સ જેવા વ્યવસાયિક સ્થળો પર સગીરો પાસે મજૂરી કરાવતા તત્વો સામે કડક તપાસના આદેશ છે.જે અંતર્ગત ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનના એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના વુમન હેડ કોન્સ્ટેબલ ચેતનાબેન અતુલભાઈ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન રાંધેજા હાઈવે પર આવેલા રાજપુરોહીત જોધપુર સ્પેશિયલ દાલબાટી ઢાબા પર સગીર બાળકો પાસે ગેરકાયદેસર કામ કરાવાતું હોવાની ખાનગી બાતમી મળી હતી.

આ બાતમીના આધારે પોલીસે ઢાબા પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. રેઈડ દરમિયાન ત્યાંથી બે સગીર વયના બાળકો કામ કરતા મળી આવ્યા હતા. જેઓની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે મુક્ત કરાયેલા સગીરોમાં એકની ઉંમર 16 વર્ષ અને બીજાની 17 વર્ષ છે, જેઓ મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વતની છે. આ બાળકો પાસે સવારના 11થી બપોરના 3 અને સાંજના 7થી રાતના 11 વાગ્યા સુધી એમ બે શિફ્ટમાં વેઈટર તરીકે આકરી મજૂરી કરાવવામાં આવતી હતી અને તેના બદલામાં તેમને માસિક 10,000 રૂપિયા પગાર આપવામાં આવતો હતો.

# કપડવંજમાં ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ : 10 કિલોમીટર સુધી ધરા ધ્રુજી, સમગ્ર પંથકમાં દહેશત

**કપડવંજ**

ખેડા જિલ્લાના કપડવંજ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારા અને ભયાનક સમાચાર સામે આવ્યા છે. અહીંના ડમ્પિંગ સ્ટેશનની સામે ધમધમતી એક ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં આજે અચાનક પ્રચંડ વિસ્ફોટ સર્જાયો હતો. આ બ્લાસ્ટ એટલો શક્તિશાળી હતો કે તેના અવાજ અને કંપનને કારણે સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી અને દહેશતનો માહોલ ફેલાઈ ગયો હતો.



સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેની અસર ફેક્ટરીની આસપાસના અંદાજે ૧૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં અનુભવાઈ હતી. બ્લાસ્ટને કારણે આજુબાજુના અનેક ગામોમાં ધરતી ધ્રુજી ઉઠી હતી, જેથી ભૂકંપ આવ્યો હોવાની આશંકાથી લોકો ગભરાઈને પોતાના ઘરોની બહાર દોડી આવ્યા હતા. ધડાકાના પગલે આકાશમાં ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર, કપડવંજ ડમ્પિંગ સ્ટેશનની બિલકુલ સામે કોઈ પણ જાતની મંજૂરી કે સુરક્ષાના નિયમો વિના આ ફટાકડા બનાવવાની ફેક્ટરી ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી હતી. રહેણાંક અને અવરજવર વાળા વિસ્તારની નજીક આ પ્રકારનો જોખમી કાળો કારોબાર કોની રહેમનજર હેઠળ ચાલી રહ્યો હતો, તે લોકમુખે ચર્ચાનો વિષય બન્યો છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, વહીવટી તંત્ર અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને રાહત તેમજ બચાવ કામગીરી હાથ ધરી હતી. આ ભયાનક વિસ્ફોટમાં જાનહાનિ કે કોઈને ઈજા થઈ છે કે કેમ તેની વિગતો મેળવવામાં આવી રહી છે. ફેક્ટરીનો માલિક કોણ છે અને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ક્યારથી ચાલતી હતી તે અંગે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ ચક્ર ગતિમાન કર્યા છે.

# સરગાસણ બ્રિજ પર મધરાતે પૂરઝડપે દોડતી કારે અન્ય 3 કારને અડફેટે લીધી, 1માં આગ લાગી

**ગાંધીનગર**

ગાંધીનગરના સરગાસણ બ્રિજ પાસે ગઈકાલે રાત્રે એક એવો ભયાનક અકસ્માત થયો કે જોનારા લોકોના કાળજા કંપી ગયા. નશામાં ચૂર નબીરાઓએ હાઈવે પર 100 થી પણ વધુની સ્પીડે ગાડી દોડાવીને અકસ્માત સર્જ્યો હતો.

આ અકસ્માતમાં એક પછી એક ચાર ગાડીઓ એવી તો અથડાઈ કે બધી ગાડીઓનો કુરચો બોલી ગયો, કેટલાક નશાખોર નબીરાઓએ બેદરકારીપૂર્વક ગાડી દોડવતા આ અકસ્માત સર્જાયો હોવાનું નજરે જોનાર લોકોનું કહેવું છે.

સરગાસણ એસ,જી હાઈવે સ્વાગતમોલની સામે જ બ્રિજ શરુ થાય ત્યા એક ઈનોવા ગાડી પહેલી લાઈનમા જઈ રહી હતી અને તેની પાછળ જ એક મહિન્દ્રા કંપનીની ઈલેક્ટ્રિક કાર (EV) ચાલતી હતી. આ મહિન્દ્રા કારવાળાએ આગળ જતી ઈનોવાને ઓવરટેક કરવા માટે પોતાની ગાડી સહેજ સાઈડમાં લીધી, બરાબર એ જ ટાઈમે પાછળથી પૂરપાટ ઝડપે આવતી એક ક્રેટા કારના ડ્રાઈવરે ગાડી પરનો કાબૂ ગુમાવી દીધો.

# ડભોઇ ચાંદોદમાં ફરી એસટી બસ સેવા ખોરવાઈ : મુસાફરો અને વિદ્યાર્થીઓની હાલાકી

## નગરજનો અને વિદ્યાર્થીઓએ ડભોઇ એસટી ડેપો ખાતે પહોંચી રોષ પૂર્વક રજૂઆત કરી આવેદનપત્ર પાઠવ્યું

**ડભોઇ**

ચાંદોદ નગરમાં એસટી બસ સેવા ફરી એકવાર બંધ થતા નગરજનો, મુસાફરો અને વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી મૂળ બસ સ્ટેન્ડ પર બસો આવતી બંધ થઈ જતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક ધારાસભ્યની રજૂઆતને પગલે 10 મહિના જેટલા લાંબા સમયના સંઘર્ષ બાદ એપ્રિલ મહિનાના અંતમાં ચાંદોદના મૂળ બસ સ્ટેન્ડ પર તમામ ડેપોની એસટી બસો રાબેતા મુજબ શરૂ કરવામાં આવી હતી. જોકે, આ ખુશી માત્ર ત્રણ મહિના જ ટકી અને ફરી એકવાર બસો બંધ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, એસટી વિભાગ દ્વારા ચાંદોદ માં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર આવેલા ગાયકવાડી સમયના જૂના નાળા અંગે તાજેતરમાં PWD વિભાગ પાસે અભિપ્રાય




માંગવામાં આવ્યો હતો.

જેથી બસ સેવા કાર્યરત રાખી શકાય વર્ષ અગાઉ PWD વિભાગ દ્વારા આ નાળુ બિસ્માર હોવાનો રિપોર્ટ તો આપી દેવામાં આવ્યો, પરંતુ ત્યારબાદ હજુ સુધી નાળાની કોઈ મરામત કામગીરી શરૂ કરવામાં આવી નથી આ બંને વિભાગો વચ્ચેના તાલમેલના અભાવે અને PWD ના અધિકારીઓ દ્વારા સંતોષકારક જવાબ ન મળતા, એસટી તંત્રએ સુરક્ષાના બહાને બસો બંધ કરી દીધી છે

બસ સેવા બંધ થવાને કારણે રોજબરોજ અવરજવર કરતા મુસાફરો અને વિદ્યાર્થીઓની હાલત કફોડી થઈ છે.

આ સમસ્યાના ઉકેલ માટે આજે નગરના અગ્રણીઓ, નાગરિકો અને વિદ્યાર્થીઓ દ્વારા એસટી ડેપો ખાતે પહોંચી ડેપો મેનેજરને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી જેથી

લોકોના આક્રોશને જોતા, એસટી ડેપો મેનેજરે PWD વિભાગના અભિપ્રાયની રાહ જોઈ, આગામી સોમવાર સુધીમાં ચાંદોદ બસ સ્ટેન્ડ ખાતે તમામ બસો રાબેતા મુજબ શરૂ કરવાની ખાતરી આપી છે. હાલમાં નગરજનોની એક જ માંગ છે કે, જ્યાં સુધી નાળાના સમારકામની કામગીરી શરૂ ન થાય ત્યાં સુધી મુસાફરોની સુવિધા માટે બસ સેવા ચાલુ રાખવી જોઈએ.

### આપની પૂર્વ મહિલા ઉમેદવાર નંદિની બોસમીયાના મોતનું ઘેરાતું રહસ્ય

# સંતાન ન જોઈતું હોવાથી લિવ-ઈન પાર્ટનરે ગર્ભાશય કઢાવી નાખ્યું હોવાનો બહેનનો સળગતો આક્ષેપ કરાયો

**રાજકોટ**

આમ આદમી પાર્ટીમાંથી નગરપાલિકાની ચૂંટણી લડનાર ૨૩ વર્ષીય નંદિની બોસમીયાના રહસ્યમય મોતની ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી છે. ગોંડલ ચોકડી નજીક આવેલા એક ફ્લેટમાંથી નંદિનીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. પોલીસ જ્યાં આ સમગ્ર મામલાને પ્રાથમિક દ્રષ્ટિએ આત્મહત્યા માનીને તપાસ ચલાવી રહી છે, ત્યાં બીજી તરફ મૃતકના પરિવારે લિવ-ઈન પાર્ટનર અસલમ હુસેન સમા પર સુઆયોજિત હત્યાનો ગંભીર અને સણસણતો આક્ષેપ મૂક્યો છે. મળતી માહિતી મુજબ, ગત ૨૨ જૂનના રોજ




ગોંડલ ચોકડી પાસેના ફ્લેટમાંથી નંદિની બોસમીયાની લાશ મળી આવી ત્યારે દરવાજો અંદરથી બંધ હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે નંદિની અને તેના લિવ-ઈન પાર્ટનર અસલમ હુસેન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી મૈત્રી કરારના આધારે સંબંધો હતા. જો કે, અસલમ પહેલેથી પરિણીત હોવાને કારણે અને તેને સંતાન હોવાથી તે વારંવાર પોતાની પત્ની પાસે જતો રહેતો હતો, જેને પગલે બંને વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી ઉગ્ર વિવાદો અને મતભેદો ચાલતા હતા.

આ ઘટનામાં સૌથી ચોંકાવનારો અને હૃદયદ્રાવક ખુલાસો મૃતકની બહેન રૂપલ બોસમીયાએ કર્યો છે. રૂપલે આક્ષેપ કર્યો છે કે, અસલમ એક રીઢો બુટલેગર છે. તેણે નંદિનીને સંતાન ન થાય તે માટે ક્રૂરતાની તમામ હદો વટાવીને ઓપરેશન કરાવી તેનું ગર્ભાશય જ કઢાવી નાખ્યું હતું. એટલું જ નહીં, અસલમની માતા અને બહેન પણ નંદિનીને સતત ટોર્ચર કરતા હતા. ભૂતકાળમાં જૂનાગઢ ખાતે અસલમના પરિવારજનોએ નંદિની પર જીવલેણ હુમલો પણ કર્યો હતો. છેલ્લા એકાદ મહિનાથી આ શારીરિક-માનસિક ત્રાસ અસહ્ય બની જતાં નંદિની અસલમથી અલગ થઈને, એકલી રહીને નોકરી કરીને નવું જીવન શરૂ કરવા માંગતી હતી.

પરિવારજનોએ પોલીસની આત્મહત્યાની થિયરીને સંપૂર્ણપણે ફગાવી દેતા દાવો કર્યો છે કે, અસલમે જ નંદિનીની ક્રૂરતાપૂર્વક હત્યા કરીને લાશને લટકાવી દીધી છે જેથી આ કેસ આત્મહત્યાનો લાગે. ઘટના બાદથી જ કથિત આરોપી અસલમ હુસેનનો મોબાઈલ ફોન બંધ આવી રહ્યો છે અને તે ફરાર છે, જે તેની સંડોવણી તરફ આંગળી ચિંધી રહ્યો છે.

# કચ્છના વ્રજવાણીથી કોંગ્રેસની 'કિસાન અધિકાર પદયાત્રા'નો પ્રચંડ પ્રારંભ : બે તબક્કાની લડતનું દ્વારકામાં સમાપન થશે

## વ્રજવાણી ખાતેથી શરૂ થયેલી આ પદયાત્રામાં જે પ્રકારે સામાન્ય ખેડૂતો પોતાના ટ્રેક્ટરો અને પરંપરાગત પોશાકમાં જોડાયા

**વ્રજવાણી/કચ્છ**

ગુજરાતના ખેડૂતોના હકો, પાક વીમો, જમીન સંપાદન અને વીજળી જેવા સળગતા પ્રશ્નોને લઈને વિપક્ષ કોંગ્રેસે સરકાર સામે આરપારની જંગનું બ્યુગલ ફૂંકી દીધું છે. કચ્છના ઐતિહાસિક અહિંસા ધામ વ્રજવાણી ખાતેથી કોંગ્રેસ દ્વારા 'કિસાન અધિકાર પદયાત્રા' નો ધમાકેદાર પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં ખેડૂતો પર થઈ રહેલા કથિત અન્યાય અને અત્યાચારના વિરોધમાં શરૂ થયેલી આ પદયાત્રા બે અલગ-અલગ તબક્કામાં સમગ્ર ગુજરાતમાં ભ્રમણ કરશે અને અંતે ભગવાન દ્વારકાધીશના શરણોમાં, એટલે કે દ્વારકા ખાતે તેનું ભવ્ય સમાપન થશે. યાત્રાના પહેલા જ દિવસે કચ્છની ધરા પર



મોટી સંખ્યામાં ખેડૂતો અને કોંગ્રેસના અગ્રણી નેતાઓનો જમાવડો જોવા મળ્યો હતો.

પદયાત્રાની શરૂઆત માટે વ્રજવાણી ધામની પસંદગી પાછળ પણ એક મોટો સંદેશ છે. અહિંસા અને સમર્પણની આ ભૂમિ પરથી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ શાસક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. નેતાઓએ જણાવ્યું હતું કે, વર્તમાન સરકારમાં ખેડૂતોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. એક તરફ જેતપર જેવા વિસ્તારોમાં ખેડૂતો પોતાના ખેતરો બચાવવા આંદોલન કરી રહ્યા છે, તો બીજી તરફ સમગ્ર રાજ્યમાં મોંઘા બિયારણ, ખાતરની અછત અને અપૂરતી વીજળીને કારણે ખેડૂત દેવાના ડુંગર નીચે દબાતો જાય છે. સરકાર માત્ર ઉદ્યોગપતિઓના હિત સાધવામાં વ્યસ્ત છે અને અન્નદાતા રસ્તા પર રઝળી રહ્યો છે.

કોંગ્રેસની આ રણનીતિ સરકાર માટે આગામી દિવસોમાં મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. આ પદયાત્રાને બે તબક્કામાં વહેંચવામાં આવી છે:

પ્રથમ તબક્કો: કચ્છ અને સૌરાષ્ટ્રના સરહદી અને ગ્રામીણ વિસ્તારોમાં ફરીને ખેડૂતોની સ્થાનિક સમસ્યાઓને વાચા આપશે.

બીજો તબક્કો: મધ્ય અને ઉત્તર ગુજરાતના ખેડૂત બહુલ વિસ્તારોને આવરી લઈને જનજાગૃતિ ફેલાવશે.

આ યાત્રા વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાંથી પસાર થઈને હજારો ખેડૂતોના સહી ઝુંબેશ અને આવેદનપત્રો એકત્ર કરશે. આ મહાપદયાત્રાનું સમાપન જગત મંદિર દ્વારકા ખાતે થશે, જ્યાં કોંગ્રેસ એક મોટી કિસાન મહારેલી યોજીને પોતાની શક્તિનું પ્રદર્શન કરશે.

# મહેસાણાના મોટીદાઉ નજીક હાઈવે પર આઈસ્ક્રીમ ભરેલી ટ્રકમાં ભીષણ આગ

## ચાલુ ટ્રકે કેબિનમાંથી નીકળ્યા ધુમાડા અને જોતજોતામાં આખી કેબિન બળીને ખાખ, ડ્રાઈવરની સતર્કતાથી મોટી જાનહાનિ ટળી!

**મહેસાણા**

મહેસાણા-પાલનપુર હાઈવે પર શુક્રવારે બપોરે એક મોટી હોનારત સર્જાતા-સર્જાતા રહી ગઈ છે. હાઈવે પર પૂરપાટ ઝડપે દોડતી આઈસ્ક્રીમ ભરેલી એક ટ્રકમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં ટ્રકનો આગળનો ભાગ એટલે કે આખી કેબિન બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી. જો કે, આ કાળઝાળ આગ વચ્ચે ડ્રાઈવરે અદ્ભુત સમયસૂચકતા અને બહાદુરી દાખવતા એક બહુ મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી ગઈ છે.

મળતી વિગતો મુજબ, આઈસ્ક્રીમનો મોટો જથ્થો ભરીને પાલનપુરથી મહેસાણા તરફ આવી રહેલી ટ્રક (MH 04 LY 0663) જ્યારે મહેસાણા જિલ્લાના મોટીદાઉ ગામ નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક જ તેના




બોનેટ અને કેબિનના ભાગમાંથી કાળોડિબાંગ ધુમાડો નીકળવા લાગ્યો હતો. ટ્રક હાઈવેની વચ્ચોવચ હોવા છતાં, ડ્રાઈવરે જરાય ગભરાયા વગર તુરંત જ સતર્કતા દાખવી અને ટ્રકને રોડની બિલકુલ સાઈડમાં પાર્ક કરી દીધી હતી. ડ્રાઈવર અને ક્લીનર તાત્કાલિક નીચે ઉતરી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. તેઓ નીચે ઉતર્યાના ગણતરીના સેકન્ડોમાં જ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી કેબિનને લપેટમાં લઈ લીધી હતી.

### ન્યાયનો હથોડો અને સિસ્ટમનો સડો : ચૈતર વસાવાને તો સાત વર્ષની જેલ થઈ ગઈ પણ

# સેંકડો નિર્દોષોના ભોગ લેનારા મોરબી, તક્ષશિલા અને હરણીના અસલી ગુનેગારો ક્યારે જેલના સળિયા ગણશે?

**અમદાવાદ : પવન માકન (ગ્રુપ એડિટર ધાની મીડિયા)**

ગુજરાતના રાજકારણ અને કાયદાકીય જગતમાંથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. ડેડિયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવા, તેમની પત્ની અને સાથીદારોને નર્મદા સેશન્સ કોર્ટે સરકારી કર્મચારીઓ પર હુમલો અને ખંડણીના કેસમાં કડક વલણ અપનાવીને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કાયદો દરેક માટે સમાન છે અને કોર્ટે આ ચુકાદો આપીને સાબિત કર્યું છે કે કોઈ વ્યક્તિ કાયદાથી ઉપર નથી.

પરંતુ, આ ચુકાદાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ ગુજરાતની જનતાના મનમાં એક ઘાતક અને તીખો સવાલ ઉઠી રહ્યો છે: "શું આ ન્યાયતંત્રની ગતિ માત્ર રાજકીય નેતાઓ અને નાના કર્મચારીઓ પૂરતી જ સીમિત છે? સામાન્ય જનતાના જીવ લેનારા મોટા મગરમચ્છો સામે કાયદાનો આ હથોડો કેમ ઢીલો પડી જાય છે?"

મોરબી, તક્ષશિલા અને હરણી કાંડ: જ્યાં લાશોના ઢગલા થયા, ત્યાં ન્યાય ક્યાં મોક્ષ પામી ગયો?

આજે ગુજરાતનો કરદાતા અને સામાન્ય નાગરિક 'પાક્કો ગુજરાત' ના માધ્યમથી સિસ્ટમને ઢંઢોળીને પૂછી રહ્યો છે કે, ચૈતર વસાવાના કેસમાં જે ઝડપ અને કડકાઈ દેખાડવામાં આવી, તેવી કડકાઈ આ નરસંહારોમાં કેમ ગાયબ છે?

મોરબીનો ઝૂલતો બ્રિજ કાંડ: ૧૩૫ થી વધુ માસૂમો ઓરેવા કંપનીની બેદરકારીને કારણે મચ્છુ નદીમાં હોમાઈ ગયા. આખા દેશની આંખોમાં આંસુ હતા. વર્ષો વીતી ગયા, પણ તેના અસલી માલિકો અને તેમને છાવરનારા ઉચ્ચ અધિકારીઓ આજે પણ ખુલ્લેઆમ કેમ ફરે છે? તેમને ક્યારે સાત વર્ષ કે આજીવન કેદની સજા થશે?

સુરતનો તક્ષશિલા કાંડ: ૨૨ માસૂમ બાળકો આગની જ્વાળાઓમાં જીવતા ભુંજાઈ ગયા. ગેરકાયદેસર બાંધકામોની મંજૂરી આપનારા કોર્પોરેશનના ભ્રષ્ટ અધિકારીઓ અને બિલ્ડરો સામે ક્યારે આવો જ ઘાતક ચુકાદો આવશે? ભોગ બનનાર પરિવારોના આંસુ ક્યારે સુકાશે?

વડોદરાનો હરણી બોટ કાંડ: લાઈફ જેકેટ વગર માસૂમ બાળકોને તળાવમાં મોતના મુખમાં ધકેલી દેવાયા. ૧૨ બાળકો અને ૨ શિક્ષકોના મોતના ગુનેગાર કોન્ટ્રાક્ટરો અને તંત્રના બાબુઓ સામે કાયદો કેમ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યો છે?

### શોપિંગ મોલ અને કોમ્પ્લેક્ષોના બેઝમેન્ટ પાર્કિંગ ખુલ્લા કરાવાયા

# રસ્તા પરથી ગેરકાયદે દબાણો હટાવી ગંદકી કરનારાઓ પાસેથી 10,500નો દંડ વસૂલાયો

**ગાંધીનગર**

ગાંધીનગર શહેરમાં દિન-પ્રતિદિન વકરતી જતી ટ્રાફિકની સમસ્યાને હલ કરવા અને જાહેર જનતાને પડતી અગવડતાઓ દૂર કરવાના હેતુથી પાટનગરનું વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ અને સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા સંયુક્ત રીતે એક મેગા દબાણ હટાવો અભિયાન છેડવામાં આવ્યું છે. આ વ્યાપક ઝુંબેશ અંતર્ગત રક્ષાશક્તિ સર્કલથી લઈને રિલાયન્સ ચોકડી સુધીના વ્યસ્ત માર્ગો તેમજ કુડાસણ ખાતે આવેલા ગૌરવપથ પર વાહનચાલકો તથા રાહદારીઓને અવરોધતા તમામ પ્રકારના ગેરકાયદેસર દબાણો દુર કરવામાં આવ્યા છે. આ ઝુંબેશમાં મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા, ટાઉન પ્લાનિંગ શાખા, સેનિટેશન શાખાની સાથે ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ બંદોબસ્ત પણ મોટી સંખ્યામાં જોડાયો હતો. તંત્રની તપાસ દરમિયાન શહેરના જાણીતા કોમર્શિયલ સેન્ટરો જેવા કે પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષ, પ્રમુખ આર્કેડ કોમ્પ્લેક્ષ, રાધે સ્ક્વેર અને પ્રમુખ આનંદ ઓર્બિટ મોલ વગેરે જગ્યાઓ પર મોટા પાયે દબાણો થયા હોવાનું સામે આવ્યું હતું. આ સિવાય ગ્રાહકો અને મુલાકાતીઓ માટે રાખવામાં આવેલા બેઝમેન્ટ પાર્કિંગ પણ બંધ હાલતમાં જોવા મળ્યા હતા, જેના કારણે વાહનો રસ્તા પર પાર્ક થતા હોવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા અગાઉ જ આ તમામ કોમ્પ્લેક્ષોને બેઝમેન્ટ પાર્કિંગ ખુલ્લા કરવા બાબતે નોટિસ ફટકારવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન તમામ સંબંધિત આસામીઓને સ્થળ પર રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા અને ટ્રાફિક પોલીસની હાજરીમાં જ તમામ વાહનોને બેઝમેન્ટ પાર્કિંગમાં યોગ્ય રીતે પાર્ક કરાવવાની કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# ‘હું કોઈ અખબાર નથી જે રોજ બદલાઈ જાઉં...’

### આજના ‘ઈન્સ્ટન્ટ યુગ’ માં શાશ્વત પ્રેમ અને વફાદારીની એક અણમોલ ફિલસૂફી

‘તેરે હી કિસ્સે, તેરી હી કહાનીયાં, મિલેંગે મુઝ મેં...!
મૈં કોઈ અખબાર નહીં જો, રોઝ બદલ જાઉં...!!‘

જ્યારે શબ્દો માત્ર હોઠોથી નહીં પણ આત્મામાંથી નીકળે છે, ત્યારે તે શાયરી મટીને જિંદગીનો આયનો બની જાય છે. સોશિયલ મીડિયા પર વાયરલ થતી આ બે પંક્તિઓ માત્ર કોઈ પ્રેમીની અભિવ્યક્તિ નથી, પરંતુ આજના ભૌતિકવાદી અને અત્યંત ઝડપી યુગમાં સંબંધોની ઘટતી જતી ગંભીરતા સામે એક બહુ મોટો પડકાર છે. તે એક એવી ઘોષણા છે જે કહે છે કે દુનિયા ભલે ગમે તેટલી ઝડપે બદલાય, પણ મારી લાગણીઓ કોઈ ‘ડેઈલી ન્યૂઝપેપર’ નથી જે દર ૨૪ કલાકે નવો ચહેરો ધારણ કરી લે!

૧. ‘ઈન્સ્ટન્ટ કલ્ચર’ અને સંબંધોની ક્ષણભંગુરતા

આજે આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં બધું જ ‘ઈન્સ્ટન્ટ’ જોઈએ છે - ઈન્સ્ટન્ટ નૂડલ્સ, ઈન્સ્ટન્ટ સક્સેસ અને કદાચ ઈન્સ્ટન્ટ સંબંધો પણ. સોશિયલ મીડિયા પર એક ‘સ્વાઈપ’ કરવાથી માણસો બદલાઈ જાય છે અને એક ‘બ્લોક’ કરવાથી વર્ષોના સંબંધો સેકન્ડોમાં પૂરા થઈ જાય છે. સવારના બ્રેકિંગ ન્યૂઝ જેમ સાંજ સુધીમાં જૂના થઈ જાય છે, તેમ લોકોના દિલમાં કોઈ



વ્યક્તિનું સ્થાન પણ બહુ ઝડપથી બદલાવા લાગ્યું છે.

આવા કળિયુગ જેવા સમયમાં, જ્યારે કોઈ વ્યક્તિ એમ કહે છે કે ‘હું અખબાર નથી...‘ ત્યારે તે વાસ્તવમાં એ વચન આપે છે કે મારો પ્રેમ કે મારી મિત્રતા સમય, સંજોગો કે ભૌતિક આકર્ષણો જોઈને બદલાશે નહીં. તે એક અડગ પર્વત જેવી સ્થિરતાની વાત કરે છે.

૨. અખબાર અને માનવ મનની અદ્ભુત સરખામણી

આ શાયરીમાં ‘અખબાર’ (ન્યૂઝપેપર) ના પ્રતીકનો બહુ સચોટ ઉપયોગ થયો છે. અખબારનું આયુષ્ય કેટલું? માત્ર એક જ દિવસ. સવારે જે અખબાર માટે લોકો કતાર લગાવે છે, સાંજ પડતાં જ તે રદ્દીના ટોપલામાં ફેંકાઈ જાય છે. અખબારની મજબૂરી છે કે તેણે રોજ નવા કિસ્સા, નવી હેડલાઈન્સ અને નવા ચહેરા લાવવા જ પડે, નહિતર તેનું અસ્તિત્વ જોખમાય છે.

પરંતુ સાચો સંબંધ ક્યારેય અખબાર જેવો અસ્થાયી હોઈ શકતો નથી. સાચો સંબંધ તો કોઈ ‘અમર પુસ્તક’ (Classic Book) જેવો હોય છે, જેનું કવર ભલે જૂનું થાય, પણ અંદરના પાના પર લખાયેલા અક્ષરો ક્યારેય ભૂંસાતા નથી.

૩. ’તેરે હી કિસ્સે...’ - સમર્પણની પરાકાષ્ઠા

‘જો તમે કોઈને સાચા દિલથી ચાહો છો, તો તમે એક જીવતી-જાગતી ડાયરી બની જાવ છો, જેમાં માત્ર સામેની વ્યક્તિના જ સ્મરણો અંકિત હોય છે.‘

શાયર જ્યારે કહે છે કે ‘તેરે હી કિસ્સે, તેરી હી કહાનીયાં, મિલેંગે મુઝ મેં‘, ત્યારે તે પ્રેમમાં ઓગળી જવાની વાત કરે છે. આ એ સ્થિતિ છે જ્યાં બે વ્યક્તિઓ વચ્ચે ‘હું’ અને ‘તું’ નો ભેદ મટી જાય છે.

તમારી આંખો બંધ હોય તો પણ સામેવાળાનો ચહેરો દેખાય.

તમારી વાતોમાં અનાયાસે જ તેમનો ઉલ્લેખ આવી જાય.

તમારી ખુશી અને તમારા દુઃખનો રસ્તો તેમની લાગણીઓમાંથી થઈને પસાર થાય. આ કોઈ પાગલપન નથી, પણ એક એવી પવિત્ર વફાદારી છે જ્યાં માણસ સામેની વ્યક્તિની બધી જ યાદો, તેની આદતો, તેની સારી-નરસી વાતોને પોતાના અસ્તિત્વનો એક હિસ્સો બનાવી લે છે.

૪. આજના યુગમાં ‘સ્થિરતા’ એ જ સૌથી મોટું સદ્ગુણ છે

આ લેખ માત્ર પ્રેમ પૂરતો સીમિત નથી, તે આજના યુવાનોને એક બહુ મોટો સંદેશ આપે છે. સંબંધોમાં ‘કમિટમેન્ટ’ (પ્રતિબદ્ધતા) ની ભારે અછત વર્તાઈ રહી છે. લોકો મુશ્કેલ સમય આવતા જ પાર્ટનર બદલવાનું વિચારે છે. પરંતુ યાદ રાખો, જિંદગી એ કોઈ ન્યૂઝ ચેનલ નથી જ્યાં દર મિનિટે ‘ટીઆરપી’ માટે વાર્તાઓ બદલવી પડે.

જિંદગીમાં કોઈ એક વ્યક્તિ એવી હોવી જ જોઈએ, જેની પાસે તમે વર્ષો પછી પણ જાઓ, તો તેનો પ્રેમ અને તેનો આદર એવો જ અકબંધ હોય જેવો પહેલા દિવસે હતો. જે બદલાતા સમય સાથે પણ પોતાની વફાદારી ન બદલે, તે જ સાચો માણસ.

અંતર્નાદ (The Final Thought):

જો તમારી પાસે પણ કોઈ એવી વ્યક્તિ છે જે દુનિયાના આ અફરાતફરીના માહોલમાં અખબારની જેમ રોજ બદલાતી નથી, પણ તમારી બધી વાર્તાઓને પોતાના દિલમાં સાચવીને બેઠી છે, તો સમજી લેજો કે તમે આ દુનિયાના સૌથી અમીર વ્યક્તિ છો. કારણ કે આજના સમયમાં ‘બદલાતા સમાચાર’ તો ગલીએ ગલીએ મળી જશે, પણ ‘સ્થિર અહેસાસ’ માત્ર નસીબદારોને જ મળે છે. ચાલો, આપણે પણ કોઈના જીવનમાં અખબાર નહીં, પણ એક કાયમી અને સુંદર પ્રકરણ બનીએ!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# તનથી પહેલાં મનનું મિલન: શા માટે આજના લગ્નજીવનમાં 'સંવાદ' અને 'ધીરજ' ખૂટી રહ્યા છે?

પ્રસ્તાવના: સ્ત્રીની અપેક્ષા અને પુરુષની દ્રષ્ટિ

દરેક સ્ત્રીના જીવનની એક સહજ અને મૂળભૂત ઈચ્છા હોય છે કે તેના જીવનમાં પતિ કે પ્રેમી તરીકે જે પુરુષ આવે, તે તેને માત્ર પોતાની જિંદગીનો એક ભાગ ન ગણે, પણ તેના અસ્તિત્વને સમજે. સ્ત્રી ઈચ્છે છે કે તેની લાગણીઓનું સન્માન થાય, તેના વિચારોને સાંભળવામાં આવે અને તેના મોન પાછળ છુપાયેલા શબ્દોને ઓળખવામાં આવે.

આપણા સમાજમાં અવારનવાર એક બહાનું આગળ ધરી દેવાય છે કે ‘સ્ત્રીના ચરિત્રને અને તેના મનને સમજવું બ્રહ્મા માટે પણ મુશ્કેલ છે.’ પરંતુ વાસ્તવિકતા એ છે કે સ્ત્રી ત્યારે જ અકળ અને મુશ્કેલ લાગે છે જ્યારે પુરુષ તેને માત્ર ભોગ-વિલાસ કે ઉપભોગનું સાધન સમજે છે. જે ક્ષણે પુરુષ સ્ત્રીને પ્રેમ અને સમર્પણની દેવી તરીકે સ્વીકારી લે છે, તે જ ક્ષણે સ્ત્રી પોતાના હૃદયમાં સચવાયેલો પ્રેમનો અફાટ દરિયો પોતાના સાથી પર ન્યોછાવર કરવા તત્પર બની જાય છે.

જે પુરુષ માત્ર સ્ત્રીના બાહ્ય સૌંદર્ય કે શરીર તરફ આકર્ષાય છે, તે કદાચ સ્ત્રીનું શરીર મેળવી લેશે, પણ એ સંબંધમાં ક્યારેય આત્મિક સંતોષ કે પરમ આનંદ મેળવી શકશે નહીં. સાચું સુખ અને દામ્પત્યની ધન્યતા ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે તનની સુંદરતા સાથે તેના મનની સુંદરતાને પણ સ્વીકારવામાં આવે. સ્ત્રીના માથાના વાળથી લઈને પગની એડી સુધીના અંગો પર કવિઓએ સુંદર રચનાઓ કરી છે, કારણ કે તે કુદરતની સૌથી સુંદર કૃતિ છે. પરંતુ આ બાહ્ય સુંદરતા પણ ત્યારે જ ઝળકી ઉઠે છે જ્યારે તેનું મન અંદરથી ખુશ અને સુરક્ષિત અનુભવે.

સુવિધા અને અલય: પરસ્પર આદર અને ધીરજની એક આદર્શ વાર્તા

લગ્નજીવનની આ જ ફિલસૂફીને સમજાવતો એક સુંદર કિસ્સો સુવિધા અને અલયનો છે. બંનેના લગ્નને હજી થોડા જ દિવસો થયા હતા. સગાઈ (વેવિશાળ) પછીના સમયગાળામાં બંનેએ એકબીજાને ખૂબ સારી રીતે સમજવાનો અને ઓળખવાનો પ્રયત્ન કર્યો હતો. બંને વચ્ચે આકર્ષણ પણ હતું અને પ્રેમ પણ. પરંતુ લગ્નની પહેલી રાત (ફર્સ્ટ નાઈટ) તેમના માટે અપેક્ષા કરતાં થોડી અલગ અને મુશ્કેલ રહી.

સુવિધા માનસિક રીતે તો અલયને પોતાનો પતિ સ્વીકારી ચૂકી હતી અને તેની સાથે જોડાઈ ગઈ હતી, પરંતુ શારીરિક સંબંધ બાંધવાની બાબતમાં તેના મનમાં એક અજાણ્યો ભય, સંકોચ અને ખચકાટ હતો. સ્ત્રીના આ સંકોચને આજના સમયમાં ઘણા પુરુષો નજરઅંદાજ કરે છે, પરંતુ અલય એક સંવેદનશીલ જીવનસાથી હતો. તે સુવિધાની માનસિક સ્થિતિને તરત જ સમજી ગયો. તેણે કોઈપણ પ્રકારની ઉતાવળ કે જબરદસ્તી કરવાને બદલે, સુવિધાને પ્રેમથી પોતાના બાહોપાશમાં લીધી, તેના કપાળ પર સ્નેહનું ચુંબન કર્યું અને આલિંગનમાં લઈને સુવાડી દીધી. અલય માત્ર શરીરનો ભૂખ્યો નહોતો, તેને મન સુવિધાના મન અને તેની સહજતાની કિંમત વધારે હતી.

## રોમાંચક સ્પર્શ અને ધીમે-ધીમે વધતી નિકટતા

અલયે જાણતો હતો કે શારીરિક રીતે સહજ થવા માટે સૌપ્રથમ માનસિક અંતર કાપવું જરૂરી છે. તેથી, તેણે સુવિધા સાથે વધુમાં વધુ ગુણવત્તાયુક્ત સમય વિતાવવાનું શરૂ કર્યું. દિવસ દરમિયાન ઘરમાં નાની-નાની શારીરિક છેડછાડ (Healthy Flirting) દ્વારા તેણે સુવિધાના સંકોચની દીવાલને તોડવાનું શરૂ કર્યું.

ચારેક સુવિધા રસોડામાં કે રૂમમાં કામ કરતી હોય તો પાછળથી આવીને તેને પ્રેમથી પકડી લેવી અને તેના ખભા પર વહાલભર્યું ચુંબન કરવું, તો ક્યારેક સવારે તે સૂતી હોય ત્યારે તેની કમરમાં આંગળીઓથી ગલગલીયાં કરવાં. આ સુંવાળા, નિખાલસ અને કોઈ અપેક્ષા વગરના સ્પર્શે સુવિધાના મનમાં અલય પ્રત્યેનું આકર્ષણ બેવડાવી દીધું. જોકે, સુવિધા હજી પણ પોતાના મનની ઉત્તેજના અને તરંગોને વ્યક્ત કરવામાં થોડી શરમાતી હતી, પણ અલયે પોતાની ધીરજ ગુમાવી નહીં.

## મધુરજનીનો સાચો આનંદ: જ્યારે તન અને મન એક થયા

કહેવાય છે ને કે પ્રેમ જ્યારે પરિપક્વ થાય ત્યારે તે પોતાનો માર્ગ જાતે જ શોધી લે છે. લગ્નના એક મહિના પછી એક દિવસ એવો આવ્યો જ્યારે અલય સ્નાન કરીને, શરીર પર માત્ર ટુવાલ વીંટીને બાથરૂમમાંથી બહાર આવ્યો. આ ક્ષણે અલયના પુરુષત્વ અને તેની સુંદરતાને જોઈને સુવિધા પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેઠી. તેના હૃદયના ધબકારા વધી ગયા, શ્વાસની ગતિ તેજ થઈ ગઈ અને બધી જ શરમ-સંકોચ બાજુ પર મૂકીને તે પાછળથી અલયને સજ્જડ રીતે ભેટી પડી.

અલય પણ પોતાની પત્નીના આ બદલાયેલા મિજાજ અને તેની તીવ્ર ઈચ્છાને ક્ષણભરમાં સમજી ગયો. તેણે પાછા વળીને સુવિધાને એક તસતસતું, ગાઢ ચુંબન આપ્યું. એ રાત્રે લગ્નના એક મહિના પછી બંનેએ સાચા અર્થમાં ‘મધુરજની’ (Suhagrat) નો આનંદ માણ્યો. એ મિલન અદ્ભુત હતું, કારણ કે તેમાં માત્ર શારીરિક ઉત્તેજના નહોતી, પણ મનથી અને તનથી એકબીજામાં ઓતપ્રોત થઈ જવાનો આત્મિક સંતોષ હતો.

## આજના આધુનિક કપલ્સ માટે લાલબત્તી: શા માટે બેડરૂમ ‘મશીન’ બની રહ્યા છે?

સુવિધા અને અલયની આ વાર્તા સુખદ રહી કારણ કે તેમની વચ્ચે અન્ડરસ્ટેન્ડિંગ હતી. પરંતુ જો આપણે આજના આધુનિક સમાજ તરફ નજર કરીએ, તો એક કડવી વાસ્તવિકતા સામે આવે છે. આજે મોટાભાગના કપલ્સ લગ્નજીવનના આ સૌથી મહત્વના પાસા એટલે કે ’જાતીય જીવન’ (Sexual Life) વિશે ક્યારેય ખુલીને ચર્ચા જ કરતા નથી.

લગ્નજીવનમાં ક્યાં ખામી રહી જાય છે, તે સમજવા માટે નીચેના મુદ્દાઓ પર વિચાર કરવો જરૂરી છે:

1. યાંત્રિક સંબંધો (Mechanical Sex): આજના દોડધામભર્યા જીવનમાં સેક્સ માત્ર એક નિયતક્રમ (Routine Task) બની ગયું છે. રાત્રે થાકેલા-પાકેલા ઘરે આવ્યા પછી, માત્ર શારીરિક ભૂખ સંતોષવા ખાતર એક મશીનની જેમ ક્રિયા પૂરી કરીને બંને ભાગીદારો અલગ થઈને સૂઈ જાય છે.

2. સંતોષનો અભાવ અને મૌન: પત્નીને તેના સાથી તરફથી ઓર્ગેઝમ (ચરમસીમાનો આનંદ) મળે છે કે નહીં, અથવા પતિને સંબંધમાં ક્યાંક અધૂરપ લાગે છે કે નહીં - આ વિષે બંને ક્યારેય એકબીજા સાથે વાત નથી કરતા. સ્ત્રીઓ મોટેભાગે સંકોચવશ મૌન રહે છે, જેના કારણે લાંબા ગાળે તેમનામાં ચીડિયાપણું અને ડિપ્રેશન આવી જાય છે.

3. ભાવનાત્મક શૂન્યતા: પતિ-પત્નીને એવું લાગવા માંડે છે કે તેઓ માત્ર સમાજ ખાતર કે બાળકો ખાતર એક છત નીચે રહે છે અને તેમનું શારીરિક જોડાણ માત્ર એક ફરજ પૂરતું જ મર્યાદિત છે.

તેનાથી વિપરિત, સુવિધા અને અલય માત્ર શારીરિક રીતે જ નજીક ન આવ્યા, પણ સમય પસાર થવાની સાથે તેઓ બેડરૂમમાં એકબીજાને કઈ બાબત વધુ પસંદ પડે છે અને કઈ વાતોથી આનંદ અધૂરો રહી જાય છે, તેની પણ ખૂબ જ હળવાશથી અને નિખાલસતાથી ચર્ચા કરતા હતા. આ ચર્ચા જ સંબંધને જીવંત રાખે છે.

## 'પાક્કો ગુજરાત' નો સંદેશ: દામ્પત્યને સુગંધિત બનાવવાની જડીબુટ્ટી

જીવનસાથીઓ માટે સમજવા જેવી બાબત એ છે કે લગ્ન એ માત્ર બે શરીરનું કાયદાકીય જોડાણ નથી. જો તમારે સંબંધમાં લાંબી ઈનિંગ રમવી હોય અને પ્રેમની સુગંધને આજીવન જાળવી રાખવી હોય, તો તનની સાથે મનનું જોડાણ અનિવાર્ય છે.

પોતાના પાર્ટનર સાથે મિત્ર બનો, તેમના ખચકાટને સમજો, તેમને સમય આપો અને સેક્સ જેવા સેન્સિટિવ વિષય પર બેડરૂમમાં ખુલીને, હળવાશથી સંવાદ (Communication) કરો. જ્યારે મનથી બે વ્યક્તિઓ એકબીજાને સંપૂર્ણ સમજી લે છે, ત્યારે તનનું મિલન સ્વર્ગીય આનંદમાં પરિવર્તિત થઈ જાય છે. મન અને તનનું આ જ સંતુલન કોઈપણ લગ્નજીવનને અતૂટ અને અમર બનાવે છે.

# અયોધ્યા રામ મંદિરમાં કરોડોની હેરાફેરી કે મહાકૌભાંડ?

### ચંપત રાય અને ડૉ. અનિલ મિશ્રાના રાજીનામાથી દેશભરમાં ભારે ખળભળાટ: 8 આરોપી પકડાયા, પણ અસલી ‘સુત્રધાર’ કોણ?

અયોધ્યા/અમદાવાદ (વિશેષ પ્રતિનિધિ):

કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર સમાન અયોધ્યા રામ મંદિરમાંથી સામે આવેલા એક સણસણતા અહેવાલે સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાના અચાનક આપી દેવાયેલા રાજીનામા બાદ હવે અનેક ગંભીર અને સળગતા સવાલો ઊભા થયા છે. આ ઘટના માત્ર સામાન્ય ચોરી કે લૂંટ નથી, પરંતુ તેની પાછળ કોઈ બહુ મોટું આર્થિક કૌભાંડ અથવા સુઆયોજિત સાઝિશ હોવાની આશંકાએ જોર પકડ્યું છે. આખરે પ્રભુ શ્રીરામના દરબારમાં આ કેવો મોટો ખેલ ખેલાઈ ગયો, જેને છુપાવવા માટે આટલા મોટા ગજાના નેતાઓએ પદ છોડવું પડ્યું?

શું રાજીનામા માત્ર એક મહોરું છે? અસલી ચહેરો ક્યારે સામે આવશે? સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રામ મંદિર ટ્રસ્ટમાં છેલ્લા કેટલાક સમયથી નાણાકીય વ્યવહારો અને વ્યવસ્થાપનને લઈને આંતરિક વિખવાદ ચાલતો હતો. ચંપત રાય અને ડૉ. અનિલ મિશ્રા જેવા પાયાના કહી શકાય તેવા હોદ્દેદારોના રાજીનામા એ વાતની સાબિતી છે કે પાણી હવે માથા પરથી પસાર થઈ ચૂક્યું છે. આ રાજીનામા સ્વેચ્છાએ આપવામાં આવ્યા છે કે પછી ભીનું સંકેલવા માટે દબાણપૂર્વક લેવડાવવામાં આવ્યા છે, તે સૌથી મોટો સવાલ છે. શ્રદ્ધાળુઓ પૂછી રહ્યા છે કે, જે રામ મંદિર માટે દેશ-વિદેશમાંથી ગરીબમાં ગરીબ માણસે પણ પોતાની પરસેવાની કમાણી દાનમાં આપી, ત્યાં પારદર્શિતાના નામે આ શું ચાલી રહ્યું છે? ૮ આરોપીઓની ધરપકડ, પણ માસ્ટરમાઈન્ડ હજુ પણ પોલીસ પકડથી દૂર! આ મામલે પોલીસે અત્યાર સુધીમાં ૮ જેટલા શંકાસ્પદ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પરંતુ, તપાસની ગતિ જોતા એવું લાગી રહ્યું છે કે પકડાયેલા લોકો માત્ર નાના પ્યાદા છે. બેંક ટ્રાન્ઝેક્શન, દાનની રકમની હેરાફેરી કે કથિત લૂંટની આ આખી સ્ક્રિપ્ટ કોઈ સામાન્ય ગુનેગારના મગજની ઉપજ હોઈ શકે નહીં. સવાલ એ થાય છે કે, આ ૮ આરોપીઓને ટ્રસ્ટની અંદરથી કોણે મદદ કરી? કોની રહેમનજર હેઠળ સુરક્ષિત ગણાતા આ પરિસરમાં ગાબડું પડ્યું? શું પોલીસ આ નાના પ્યાદાઓથી આગળ વધીને એ ‘સફેદપોશ મહાઠગ’ સુધી પહોંચવાની હિંમત બતાવશે ખરી? ‘પાક્કો ગુજરાત’ ના તંત્ર અને સરકારને સીધા સવાલો: ૧. આસ્થા સાથે ખિલવાડ કરનારા કોણ? કરોડો ભક્તોના દાનના નાણાં પર તરાપ મારવાની હિંમત કોના પીઠબળથી થઈ? ૨. રાજીનામા બાદ કાયદાકીય તપાસ કેમ નહીં? માત્ર રાજીનામા અપાવી દેવાથી પાપ ધોવાઈ જશે? ચંપત રાય અને અનિલ મિશ્રા જેવા મોટા ગજાના લોકોની સઘન પૂછપરછ કેમ કરવામાં આવતી નથી? ૩. સુરક્ષા વ્યવસ્થા ક્યાં ગઈ? જે મંદિરની સુરક્ષા માટે સેન્ટ્રલ ફોર્સિસ અને હાઈટેક સિસ્ટમ તૈનાત છે, ત્યાં આવી ગેરરીતિ કે ચોરી થવી એ સુરક્ષા તંત્રની નકામી નીતિ દર્શાવે છે કે પછી આ અંદરના જ લોકોનું કારસ્તાન છે? ભક્તોમાં ભારે આક્રોશ, પારદર્શક તપાસની માંગ આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ દેશભરના રામભક્તોમાં ભારે આક્રોશ અને દુઃખની લાગણી વ્યાપી ગઈ છે. સોશિયલ મીડિયા પર લોકો આકરા પ્રહારો કરી રહ્યા છે કે પ્રભુના ઘરમાં પણ ભ્રષ્ટાચાર કરનારાઓને ક્યારેય માફ ન કરી શકાય. જો આ મામલે કોઈ હાઈલેવલ ન્યાયિક તપાસ (Judicial Inquiry) કરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં નહીં આવે, તો લોકોનો સિસ્ટમ અને ટ્રસ્ટ પરથી ભરોસો ઉઠી જશે.

# જાસૂસી માટે બોયફ્રેન્ડને છોડ્યો, પાકિસ્તાની ફૌજી સાથે લગ્ન કર્યા: વોશરૂમમાંથી ગુપ્ત મેસેજ મોકલીને INS વિક્રાંતને ડૂબતાં બચાવ્યું!

વિશેષ અહેવાલ:

દેશભક્તિ અને જાસૂસીની દુનિયામાં એવી કેટલીય વાર્તાઓ છે જે સામાન્ય માણસની કલ્પના બહારની હોય છે. ભારતની એક એવી જ જાંબાઝ દીકરીની આ સત્ય ઘટના છે, જેણે પોતાના દેશની રક્ષા માટે પોતાના પ્રેમ, પરિવાર અને ખુશીઓનું બલિદાન આપી દીધું. આ કહાની છે ભારતીય જાસૂસ 'સહમત' (નામ બદલેલ છે) ની, જેણે પાકિસ્તાન આર્મીના ઘરમાં ઘૂસીને ભારત વિરુદ્ધના એક બહુ મોટા ષડયંત્રનો પર્દાફાશ કર્યો હતો અને ભારતના ગૌરવ સમાન યુદ્ધજહાજ INS વિક્રાંતને ડૂબતાં બચાવ્યું હતું.

## વતન માટે પ્રેમની આહુતિ અને પાકિસ્તાની આર્મી ઓફિસર સાથે લગ્ન

કાશ્મીરની એક કોલેજમાં ભણતી સહમત એક સામાન્ય યુવતી હતી અને તે પોતાના એક કોલેજ ફ્રેન્ડને પ્રેમ કરતી હતી. પરંતુ જ્યારે તેના પિતા (જે પોતે ભારતીય ગુપ્તચર એજન્સી માટે કામ કરતા હતા) એ દેશની સુરક્ષા માટે તેને પાકિસ્તાનમાં જાસૂસી કરવાની જવાબદારી સોંપી, ત્યારે સહમતે જરાય અચકાયા વગર પોતાના પ્રેમનો ત્યાગ કરી દીધો. એક સોચી-સમજેલી વ્યૂહરચના હેઠળ, સહમતના લગ્ન પાકિસ્તાન આર્મીના એક ઉચ્ચ અધિકારી (બ્રિગેડિયર)ના પુત્ર અને પોતે પણ આર્મી ઓફિસર એવા શ્યામ સાથે કરાવવામાં આવ્યા.

## દુશ્મનના ઘરમાં બની ‘ઇન્ડિયન સ્પાય’

લગ્ન કરીને પાકિસ્તાન ગયેલી સહમત માટે પડકાર ખૂબ મોટો હતો. તેણે કડક સુરક્ષા ધરાવતા પાકિસ્તાની મિલિટરી ઓફિસરના ઘરમાં રહીને ભારત માટે ગુપ્ત માહિતીઓ એકત્ર કરવાની હતી. સહમતે પોતાના સ્માર્ટ માઈન્ડ અને ટ્રેનિંગનો ઉપયોગ કરીને ટૂંક જ સમયમાં પાકિસ્તાન આર્મીના ઓફિશિયલ ક્વાર્ટર્સમાં પોતાનો વિશ્વાસ જમાવી લીધો અને ત્યાં થતી સંવેદનશીલ હિલચાલ પર નજર રાખવાનું શરૂ કર્યું.

વોશરૂમમાંથી મોકલેલો એ એક ગુપ્ત મેસેજ અને INS વિક્રાંતનો બચાવ

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પહેલાં, પાકિસ્તાની નેવી અને આર્મીએ ભારતના સૌથી શક્તિશાળી એરક્રાફ્ટ કેરિયર 'INS વિક્રાંત'ને સમુદ્રમાં જ તોડી પાડવા માટે એક અત્યંત ગુપ્ત અને મોટો પ્લાન તૈયાર કર્યો હતો. પાકિસ્તાન પોતાની સબમરીન 'ગાઝી' દ્વારા આ હુમલો કરવાનું હતું. સહમતને આ ભયાનક ષડયંત્રની ગંધ આવી ગઈ. ચારેય બાજુ પાકિસ્તાની સૈનિકો અને કડક ચોકીપહેરો હોવા છતાં, સહમતે હિંમત હાર્યા વગર ઘરના વોશરૂમ (બાથરૂમ)માં છુપાઈને મોર્સ કોડ (Morse Code) દ્વારા ભારતીય ગુપ્તચર એજન્સીને આ મેસેજ મોકલી આપ્યો કે, ‘પાકિસ્તાન INS વિક્રાંત પર હુમલો કરવાનું છે.‘

## ભારતે પાકિસ્તાનનો પ્લાન નિષ્ફળ બનાવ્યો

સહમતના આ એક જ ગુપ્ત મેસેજ પર ભારતીય સેના એલર્ટ થઈ ગઈ અને તાત્કાલિક પોતાની વ્યૂહરચના બદલી નાખી. પરિણામે, ભારતે પાકિસ્તાનની સબમરીન 'પીએનએસ ગાઝી'ને સમુદ્રની અંદર જ જળસમાધિ આપી દીધી અને INS વિક્રાંતને આંચ પણ ન આવી. પોતાના જીવના જોખમે દેશને બચાવનારી આ વીરાંગનાની જાસૂસી સફર અહીં પૂરી નહોતી થઈ. પાકિસ્તાનમાં તેના પર શંકા કઈ રીતે ગઈ? તેણે ત્યાંથી ભારત પાછા આવવા માટે શું કર્યું? તે જાણવા માટે જુઓ 'સહમત પાર્ટ-૨' આગામી અંકમાં...

# સુદાનમાં ગૃહયુદ્ધ બાદ માનવીય સંકટની સ્થિતિ

સુદાનમાં ઝડપથી વધી રહેલું ગૃહયુદ્ધ હવે વધુ એક મોટા માનવીય સંકટ તરફ આગળ વધી રહ્યું છે. 'રેપિડ સપોર્ટ ફોર્સીસ' (RSF) એ નોર્થ કોર્ડોફાનની રાજધાની અલ-ઓબેદને ત્રણ તરફથી ઘેરી લીધું છે. ઉત્તર અને પશ્ચિમથી RSFની સેનાઓ આગળ વધી રહી છે. આ દરમિયાન થયેલા ભીષણ ડ્રોન હુમલામાં પાંચ ઓઈલ ટેન્ક ફાર્મ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે, જેને પગલે સ્થિતિ વધુ તણાવપૂર્ણ બની છે.

અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્ર (UN)એ ચેતવણી આપી છે કે, અહીં મોટા પાયે નરસંહાર થઈ શકે છે. આ અનુમાન નથી, પરંતુ 'અલ-ફાશર'ના અનુભવો પર આધારિત વાસ્તવિકતા છે. ઓક્ટોબર 2025માં RSFએ અલ-ફાશર પર સંપૂર્ણ કબજો જમાવ્યો હતો. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલી ઉચ્ચ સ્તરીય તપાસમાં તે હુમલામાં નરસંહારના પુરાવા મળી આવ્યા હતા. અલ-ઓબેદ પણ એ જ વિનાશક અને લોહિયાળ માર્ગ તરફ આગળ વધી રહ્યું છે.

અલ-ઓબેદનું મહત્ત્વ

અલ-ઓબેદ સુદાનના મધ્ય ભાગમાં આવેલું એક અત્યંત મહત્વપૂર્ણ શહેર છે. આ ક્ષેત્રમાંથી પસાર થતો મુખ્ય હાઈવે પશ્ચિમી દારફુરને પૂર્વીય વિસ્તારો સાથે સીધો જોડે છે. આ ઉપરાંત દેશની મુખ્ય ઓઈલ પાઈપલાઈન પણ આ જ વિસ્તારમાંથી પસાર થાય છે. જો RSF આ શહેર પર કબજો કરી લેશે તો સમગ્ર પશ્ચિમ સુદાન પર તેનું નિયંત્રણ અને વર્ચસ્વ અત્યંત મજબૂત થઈ જશે.

જો અલ-ઓબેદ શહેર પર RSFનો કબજો થઈ જશે.

# ઈઝરાયલ-લેબેનોન વચ્ચે આખરે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર, નેતન્યાહૂએ હિઝબુલ્લાહને ચેતવ્યાં

જેરુસલેમ

ઈઝરાયલ અને હિઝબુલ્લાહના લડાકુઓ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગને શાંત કરવા માટે અમેરિકાની મધ્યસ્થતામાં ઘણા દિવસોથી ચાલી રહેલી વાટાઘાટો આખરે સફળ રહી છે. શુક્રવારે વોશિંગ્ટન સ્થિત વિદેશ મંત્રાલયમાં ઈઝરાયલ અને લેબેનોને એક ઐતિહાસિક શાંતિ કરારની રૂપરેખા (ફ્રેમવર્ક એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીને બંને દેશો વચ્ચે કાયમી શાંતિ સ્થાપવા તરફનું પ્રથમ અને અત્યંત મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે. અમેરિકાની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકામાં લેબેનોનના રાજદૂત નાડા હમાદેહ મોવાદ અને ઈઝરાયલના રાજદૂત યેચિયલ લાઈટર દ્વારા આ ત્રિપક્ષીય દસ્તાવેજ પર સહીઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, ‘આજે અમે એક એવા પ્રવાસની શરૂઆત કરી છે જે બેશક ઘણો મુશ્કેલ હશે, પરંતુ આ પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ અને અનિવાર્ય છે.‘ બીજી તરફ, ઈઝરાયલી રાજદૂત લાઈટરે ખૂબ જ મજબૂતાઈથી વાટાઘાટો કરવા બદલ લેબેનોની રાજદૂત હમાદેહની પ્રશંસા કરી હતી. લેબેનોનના રાજદૂતે જણાવ્યું કે આ કરાર લેબેનોનની સાર્વભૌમત્વની પુનઃસ્થાપના અને લોકોની સુરક્ષા માટે પ્રથમ કદમ છે. વોશિંગ્ટનમાં શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના સમયમાં જ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક મોટું અને કડક નિવેદન આપ્યું છે. નેતન્યાહૂએ સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે, જ્યાં સુધી આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહનું સંપૂર્ણપણે નિઃશસ્ત્રીકરણ (નિરસ્ત્રીકરણ) નહીં થાય, ત્યાં સુધી ઈઝરાયલી સેના દક્ષિણ લેબેનોનમાં પોતાની હાજરી જાળવી રાખશે.



પાક્કો ગુજરાત

રવિવાર | 28 જૂન 2026 | અમદાવાદ

નગરપાલિકા દ્વારા લેવાયેલા એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે

# ડભોઇ નગરપાલિકા સામે ધર્મપુરીના ગ્રામજનોનો હલ્લાબોલ: ગટરનું દૂષિત પાણી ગામ તરફ વાળવાના નિર્ણયથી ભારે રોષ..



ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઇ નગરપાલિકા દ્વારા લેવાયેલા એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે નજીકના ધર્મપુરી ગામના લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. નગરપાલિકા દ્વારા ડભોઇ નગરનું ગંદુ અને દૂષિત પાણી ધર્મપુરી ગામ તરફ વાળવાની હિલચાલ શરૂ કરાતા ગ્રામજનો અને ખેડૂતો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. રોષે ભરાયેલા લોકોએ નગરપાલિકા વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી 'નગરપાલિકા હાય હાય' ના નારા લગાવ્યા હતા અને પોતાનો સખત વિરોધ નોંધાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ડભોઇના નાદોદી ભાગોળ બહાર, ચોતરીયા પીર નજીક આવેલી નર્મદા નિગમની કેનાલની બાજુમાંથી પસાર થતી ગટરના ગંદા પાણીના નિકાલ માટે નગરપાલિકા દ્વારા સાઈફન તૈયાર કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ સાઈફન દ્વારા ગટરનું દૂષિત પાણી ધર્મપુરી ગામ તરફ લઈ જવાની તજવીજ હાથ ધરાઈ છે, જેનો ગ્રામજનો સખત વિરોધ કરી રહ્યા છે.

ખેડૂતો અને ગ્રામજનોએ સાઈફન વાળી જગ્યા પર જ એકત્ર થઈને નગરપાલિકાના આ વલણ સામે રોષ ઠાલવ્યો હતો. ગ્રામજનોનો આક્ષેપ છે કે જો આ દૂષિત પાણી ગામ તરફ છોડવામાં આવશે તો ગામની આસપાસની અંદાજે 300 વીઘા જેટલી ખેતીલાયક જમીનને વ્યાપક નુકસાન થશે, જેથી પાક નિષ્ફળ જવાની અને જમીન બંજર બનવાની ભીતિ છે. આ ઉપરાંત, ગંદા પાણીના કારણે સમગ્ર ગામમાં રોગચાળો ફેલાવવાની અને સ્થાનિકોના સ્વાસ્થ્ય પર સીધી માઠી અસર થવાની પૂરેપૂરી દહેશત વર્તાઈ રહી છે.

ધર્મપુરી ગામના લોકોએ નગરપાલિકાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો પાલિકા આ ગટરનું ગંદુ પાણી ગામ તરફ લાવવાનો વિચાર માંડી નહીં વાળે અને કામગીરી તાત્કાલિક બંધ નહીં કરે, તો આગામી દિવસોમાં ગ્રામજનો ન્યાય માટે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

આ વિરોધ પ્રદર્શનમાં ધર્મપુરી ગામના સરપંચ, ઉપસરપંચ તેમજ ગ્રામ પંચાયતના તમામ સભ્યો અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા અને એકસૂરે પાલિકાના આ વહીવટ સામે મોરચો માંડ્યો હતો. હવે જોવાનું એ રહેશે કે તંત્ર ગ્રામજનોની આ વ્યાજબી માંગણી સ્વીકારે છે કે પછી આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરે છે.

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે "ઝીરો ટોલરન્સ" નીતિ અંતર્ગત

# જેતપુર તાલુકાના અમરનગર ગામે જુગારનો અખાડો ઝડપાયો, 8 શખ્સો ઝડપાયા, 6 ફરાર

આ સમગ્ર કામગીરી પી.આઈ. એમ.એલ. આહિર, યુ.એચ.સી. ગીરીશભાઈ બગડા, પો.કો. પ્રદ્યુમનસિંહ વાઘેલા, ઝવેરભાઈ સારલા અને હાર્દિકસિંહ ચુડાસમાની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર તાલુકાના અમરનગર ગામે રહેણાંક મકાનમાં ચાલતા જુગારના અખાડા પર જેતપુર તાલુકા પોલીસે સફળ દરોડો પાડી 8 શખ્સોને રંગે હાથ ઝડપી પાડ્યા છે, જ્યારે 6 આરોપીઓ ફરાર થઈ જતા તેમને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય, રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.એ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એલ. આહિર તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે મળેલી બાતમીના આધારે અમરનગર ગામે મુનાભાઈ જેસુરભાઈ મકવાણાના રહેણાંક મકાને દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા ધીરુભાઈ રૂપાભાઈ મકવાણા, સુનીલભાઈ જયસુખભાઈ મકવાણા, વિજયભાઈ ગીરધરભાઈ સોલંકી, કરણભાઈ ધીરુભાઈ મકવાણા, રાહુલભાઈ ધીરુભાઈ મકવાણા, દીપાભાઈ બાબુભાઈ ડાભી, વશરામભાઈ રવજીભાઈ વાડદોરીયા અને સાગરભાઈ લખુભાઈ ડાભીને ઝડપી પાડ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી રૂપિયા 15770ની રોકડ રકમ તથા ગંજીપત્તાના 52 પાના કબ્જે કર્યા હતા. જ્યારે સુરાભાઈ જયસુખભાઈ મકવાણા, પારસભાઈ લખુભાઈ ડાભી, અજયભાઈ અરજણભાઈ મકવાણા, મહેશભાઈ અરજણભાઈ મકવાણા, હરેશભાઈ હરસુખભાઈ મકવાણા તથા મુનાભાઈ જેસુરભાઈ મકવાણા ફરાર થઈ જતા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે,



આ સમગ્ર કામગીરી પી.આઈ. એમ.એલ. આહિર, યુ.એચ.સી. ગીરીશભાઈ બગડા, પો.કો. પ્રદ્યુમનસિંહ વાઘેલા, ઝવેરભાઈ સારલા અને હાર્દિકસિંહ ચુડાસમાની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. પકડાયેલા તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉચ્ચ કક્ષાએથી લેવાયા આકરા પગલાં!

# આણંદ ખાખી આલમમાં મોટો ભૂકંપ: LCBના ઇન્ચાર્જ PI B.M. માળી સસ્પેન્ડ

આણંદ

આણંદ જિલ્લા પોલીસ તંત્રમાંથી આ ક્ષણના સૌથી મોટા અને સનસનાટીભરી સમાચાર સામે આવી રહ્યા છે. આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) બી. એમ. માળીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ (ફરજ મોકૂફ) કરી દેવામાં આવતા સમગ્ર ખાખી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેમના શિરે મુખ્ય જવાબદારી છે, તેવા LCB ચીફ સામે ઉચ્ચ કક્ષાએથી સીધા જ કડક અને આકરા પગલાં લેવામાં આવતા પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો છે. મળતી વિગતો મુજબ, ઈન્ચાર્જ PI બી. એમ. માળી સામેની કોઈ ચોક્કસ ફરિયાદ અથવા વિભાગીય ગેરરીતિ-બેદરકારીને પગલે આ સસ્પેન્શનનો આદેશ છૂટ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સામાન્ય રીતે LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) એ આખા જિલ્લાની ગુનાખોરી ડામવા માટેની સૌથી પાવરફુલ બ્રાન્ચ ગણાય છે. આવા



મહત્વના પદ પર બેઠેલા અધિકારીને અચાનક સસ્પેન્ડ કરી દેવા પાછળ કોઈ બહુ મોટો મામલો અથવા શંકાસ્પદ ભૂમિકા હોવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત પોલીસ વિભાગની છબી ખરડાતા અટકાવવા માટે ગૃહ વિભાગ અને ઉચ્ચ પોલીસ પ્રશાસન (DGP ઓફિસ) હાલમાં અતિ કડક વલણ અપનાવી રહ્યું છે. બી. એમ. માળીના સસ્પેન્શન બાદ આણંદ LCB નો ચાર્જ તાત્કાલિક અન્ય અધિકારીને સોંપવાની તજવીજ હાથ ધરાઈ છે.

જેતપર ખેડૂત આંદોલનમાં જનમેદનીનો મહાસાગર ઉમટ્યો

# ખેતરોમાં વીજ પોલ ઊભા કરવા સામે ધરતીપુત્રોનો પ્રચંડ બ્યુગલ : પગ મૂકવાની પણ જગ્યા ન બચી...!

જેતપર (વિશેષ પ્રતિનિધિ)


પોતાની કિંમતી અને ફળદ્રુપ જમીનને બચાવવા માટે સૌરાષ્ટ્રના જેતપર પંથકમાં ખેડૂતોએ આરપારની લડાઈના મંડાણ કરી દીધા છે. ખેતરોની વચોવચ મંજૂરી વિના કે અપૂરતા વળતર સાથે વીજ કંપનીઓ દ્વારા ઊભા કરવામાં આવી રહેલા તોતિંગ વીજ પોલ અને હાઈટેન્શન લાઈનોના વિરોધમાં આજે જેતપર ખાતે એક વિશાળ ખેડૂત સંમેલન અને આંદોલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આંદોલનમાં આસપાસના ડઝનબંધ ગામોમાંથી હજારોની સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટરો અને વાહનો ભરીને ઉમટી પડ્યા હતા. આક્રોશ એટલો પ્રચંડ હતો કે આખા આંદોલન સ્થળે પગ મૂકવાની પણ જગ્યા બચી નહોતી. ચારેય તરફ માત્ર ધરતીપુત્રોનો હિંમતભર્યો અવાજ અને સરકાર વિરોધી નારેબાજી ગુંજી રહી હતી. ખેડૂત આગેવાનોએ આક્રમક મૂડમાં જણાવ્યું હતું કે, વીજ કંપનીઓ ખેડૂતોને વિશ્વાસમાં લીધા વિના જ બળજબરીપૂર્વક ઊભા પાકમાં મોટા-મોટા વીજ પોલ (ટાસ્ક) ઊભા કરી રહી છે. આનાથી માત્ર જે-તે વર્ષનો પાક જ નષ્ટ નથી થતો, પરંતુ કાયમ માટે ખેતરનો મોટો હિસ્સો બિનઉપયોગી બની જાય છે. હાઈટેન્શન લાઈનો નીચે ખેતી કરવી જોખમી બને છે અને જમીનના બજારભાવ પણ તળિયે બેસી જાય છે. કંપનીઓ દ્વારા અપાતું વળતર માત્ર નામના બરાબર છે. પોતાની પેઢીઓની મિલકત સમાન જમીન આ રીતે કોર્પોરેટ કંપનીઓના હવાલે થતી જોઈને ખેડૂતોનો પિત્તો ગયો છે અને તેમણે સ્પષ્ટ ચીમકી આપી છે કે, 'જાન દેંગે પર જમીન નહીં દેંગે!'

જેતપરમાં ખેડૂતોની આ પ્રચંડ ભીડ અને એકતા જોઈને સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસનના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જો કે, ખેડૂત સંગઠનોએ સ્પષ્ટ કર્યું છે કે આ તો માત્ર ટ્રેલર છે, જો તાત્કાલિક ધોરણે ખેડૂતોની માંગણીઓ સંતોષવામાં નહીં આવે અને વીજ પોલનું કામ રોકવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આખા રાજ્યમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે અને જરૂર પડ્યે સચિવાલયનો ઘેરાવો કરવામાં આવશે. હવે જોવાનું એ રહે છે કે કાનમાં આંગળા નાખીને બેઠેલી સરકાર આ ધરતીપુત્રોની રાડ સાંભળે છે કે પછી બળપ્રયોગ કરીને આંદોલનને દબાવવાનો પ્રયાસ કરે છે.

# ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની મોટી સફળતા : પોલીસ કસ્ટડીમાંથી ફરાર પ્રોહિબિશનનો આરોપી ઝડપાયો

નડિયાદ

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસને એક મોટી સફળતા મળી છે. આણંદ જિલ્લાના ઉમરેઠ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન (દારૂબંધી) ના ગુનામાં અટકાયત કરાયા બાદ પોલીસ તપાસ દરમિયાન કસ્ટડીમાંથી નજર ચૂકવીને ભાગી ગયેલા રીઢા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલો આરોપી પર્વત ઉર્ફે ભગત ગોતાભાઈ પઢીયાર (રહે. વિંઝોલ, તા. ઠાસરા) અમદાવાદ-ઈન્દોર હાઈવે પરથી પસાર થઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને આરોપી જ્યારે હાઈવે પર આવેલા લાડવેલ ગામથી કઠલાલ તરફ જઈ રહ્યો હતો, ત્યારે જ ક્રાઈમ બ્રાન્ચે તેને ઘેરીને ઝડપી લીધો હતો. આરોપી પર્વત ઉર્ફે ભગત પઢીયાર સામે આણંદના ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેમાં તેની ધરપકડ પણ કરાઈ હતી. જો કે, પોલીસ તપાસ અને કસ્ટડી દરમિયાન તે પોલીસ જવાનોની નજર ચૂકવીને નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસની કસ્ટડીમાંથી આરોપી ભાગી જતાં પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ હતી. પોલીસ જાપ્તામાંથી ભાગેલા આ આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા હતા, જેમાં અંતે ખેડા ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. હાલમાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીની અટકાયત કરી છે અને તેની સામે કસ્ટડીમાંથી ભાગવા બદલ વધુ એક ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી માટે ઉમરેઠ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.



કોંગ્રેસ 14 બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખશે

# ઇડર APMCની ચૂંટણી જાહેર થતાં રાજકીય માહોલ ગરમાયો 'બધું પહેલેથી જ ગોઠવાઈ ગયું' હોવાની ચર્ચાઓ તેજ બની...!

ઈડર, જાકીર મેમણ

કોંગ્રેસ 14બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખશે ઈડર એપીએમસીની ચૂંટણી જાહેર થતાં રાજકીય માહોલ ગરમાયો છે. માર્કેટ યાર્ડમાં 'બધું પહેલેથી જ ગોઠવાઈ ગયું' હોવાની ચર્ચાઓ તેજ બની છે, ત્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે પણ મેદાનમાં ઉતરવાની જાહેરાત કરી છે. કોંગ્રેસ પક્ષ તમામ 14 બેઠકો પર પોતાના પ્રેરિત ઉમેદવારો ઉભા રાખશે.

ઈડર એ.પી.એમ.સી. માર્કેટ લાંબા સમયથી ભરતી વિવાદ સહિતના વિવિધ મુદ્દાઓને લઈ ચર્ચામાં રહ્યું છે. ભરતી પ્રક્રિયાને લઈને અનેક વખત સવાલો ઉઠ્યા હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી




ન થતા ખેડૂતો અને વેપારીઓમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ, ઇડર એપીએમસીની કુલ 14 બેઠકો માટે આગામી 9 સપ્ટેમ્બરના રોજ મતદાન યોજાશે, જ્યારે 10 સપ્ટેમ્બરના રોજ મતગણતરી હાથ ધરાશે. નવા કાયદા મુજબ લાયકાત ન ધરાવતી સહકારી ખરીદ-વેચાણ મંડળી વિભાગની બે મંડળીઓ રદ થતા અગાઉની 16 બેઠકોના બદલે આ વખતે 14 બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીમાં 10 ખેડૂત પ્રતિનિધિઓ અને 4 વેપારી પ્રતિનિધિઓમાંથી ડિરેક્ટરોની પસંદગી થશે.

ખાસ કરીને સૌની નજર હવે ભારતીય જનતા પાર્ટી દ્વારા કોને મેન્ડેટ આપવામાં આવે છે તેના પર ટકેલી છે.

જોકે, ઇડરના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે એપીએમસીની અંદર મોટાભાગની ગોઠવણો પહેલેથી જ થઈ ચૂકી છે અને ચેરમેન પદ માટેનું નામ પણ લગભગ નક્કી થઈ ગયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં માર્કેટ યાર્ડ ખાતે યોજાયેલી એક જન્મદિવસની ઉજવણી પણ રાજકીય ચર્ચાનું કેન્દ્ર બની હતી. લાંબા સમયથી રાજકીય રીતે સામસામે રહેલા કેટલાક આગેવાનો એક જ મંચ પર સાથે જોવા મળતા આગામી ચૂંટણી માટે નવા રાજકીય સમીકરણો રચાઈ રહ્યા હોવાની ચર્ચાઓએ વેગ પકડ્યો છે.

# જામનગરથી છત્તીસગઢ જતાં ટેન્કરમાંથી 7,335 લિટર ડીઝલની ચોરી : ડ્રાઇવર સામે ગુનો નોંધાયો

જામનગર

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર સ્થિત ન્યારા કંપનીના ઝાખર ગેટ પરથી ભરાયેલ ડીઝલના ટેન્કરમાંથી માર્ગમાં જ 7,335 લિટર ડીઝલની ચોરી થઈ હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે ટેન્કરના ડ્રાઈવર વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસઘાતનો ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, દાદરા અને નગર હવેલીના સિલવાસા ખાતે રહેતા તથા ગ્લોબલ પેટ્રોકેમ સોલ્યુશન કંપનીના સંચાલક અજીતસિંહ હંસરાજસિંહે તેમની કંપનીનું ટેન્કર નં. ડીએલ-01-જીડી-9431માં આશરે 35,000 લિટર ડીઝલ ભરી વાડીનારથી છત્તીસગઢના કોરબા જિલ્લાના બ્યુરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિનરલ્સ (પ્રા.) કંપની ખાતે મોકલ્યું હતું. ટેન્કર 9 ડિસેમ્બર, 2025ના રોજ ગંતવ્ય સ્થળે પહોંચ્યા બાદ માલ ખાલી કરતી વખતે 7,335 લિટર ડીઝલની ઘટ જણાઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ટેન્કરના ડ્રાઈવર સુભાષસિંહ શિવ બહાદુરે જામનગરથી કોરબા વચ્ચેના માર્ગમાં અલગ-અલગ સ્થળોએ ટેન્કરમાંથી ડીઝલ કાઢી તેની ગેરકાયદે વેચાણ કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે.

બોર્ડ દ્વારા કર્મચારીઓની બદલીના નિર્ણયથી વિવાદ

# હિંમતનગર પાલિકાની સામાન્ય સભામાં ચીફ ઓફિસરને ભીંસમાં લેવાનો રાજકી પેંતરો

ઈડર, જાકીર મેમણ

બોર્ડ દ્વારા કર્મચારીઓની બદલીના નિર્ણયથી વિવાદ હિંમતનગર નગરપાલિકાની ગુરૂવારે યોજાયેલ સામાન્ય સભામાં ચાર કર્મચારીઓની બદલીનો મામલો ગરમાયો હતો. કર્મચારીઓની બદલી, કાર્ય અને ફરજ સોંપવી વગેરે બાબતોની સત્તા ચીફ ઓફીસરની હોવા છતાં સામાન્ય સભામાં બોર્ડ દ્વારા સત્તા ન હોવા છતાં ઠરાવ કરાયા બાદ રાતોરાત કાર્યાલય આદેશ કરી દેવાયો હોવાનો મામલો હવે કાયદાની ભેખડે ચઢ્યો છે અને વિરોધ પક્ષ દ્વારા ગેરકાયદેસર ઠરાવ પસાર કરવા બદલ પ્રાદેશિક કમિશ્નર સમક્ષ અપીલ કરવામાં આવનાર છે. ગુરુવારે સાંજે પાલિકાના સભાખંડમાં પાલિકા પ્રમુખ અરૂણાબેન પંડિયાના અધ્યક્ષસ્થાને અને ચીફ ઓફીસર ઉપેન્દ્ર ગઢવીની ઉપસ્થિતિમાં યોજાયેલી સામાન્ય સભામાં નવું જીમ અને ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીની ઉપસ્થિતિમાં યોજાયેલ સામાન્ય સભામાં નવુ જીમ સેક્ટર, લાયબ્રેરી બનાવવા સહિતના વિકાસ કામોને બહાલી આપવા સહિત ચાર કર્મચારીઓને વધારાની ફરજ સોંપવાનો અને બદલી કરવાનો (19 નંબરના) મુદ્દો ચર્ચામાં લાવી વિરોધ પક્ષના આગ્રહને વશ થઈ મતદાન બાદ બહુમતીથી ઠરાવ કરાયા બાદ રાતોરાત ત્રણ કાયમી કલાર્ક અરૂણભાઈ પ્રજાપતિને હાઉસિંગ વિભાગના વડાની સ્વતંત્ર કામગીરી, હિતેશભાઈ રાવલને હાઉસિંગ કામગીરી ઉપરાંત વ્યવસાયવેરા, ગુમાસ્તાધારા વિભાગના વડા તરીકેની, વસંતભાઈ કે. પટેલને હાઉસિંગ કામગીરી ઉપરાંત આંતરિક ઓડીટની સ્વતંત્રે કામગીરી તથા આકાશ બારોટને ભૂગર્ભગટર વિભાગમાં ખાતાના વડાના માર્ગદર્શન હેઠળ માત્ર એસ.ટી.પી. અને પમ્પિંગ સ્ટેશનને લગતી કામગીરી સંભાળવા કાર્યાલય આદેશ કરી દેવાયા હતા. વિરોધ પક્ષના નેતા ઈમરાન અલજીવાલાએ જણાવ્યું કે સામાન્ય સભામાં વિરોધ પક્ષના નેતા ઈમરાન અલજીવાલાએ જણાવ્યું કે સામાન્ય સભામાં વિરોધ નોંધાવ્યો છે કર્મચારી સેવા વિષયક કાર્યસૂચિ મુદ્દા નં 19મા અમે વિરોધ સભામાં વિરોધ નોંધાવ્યો છે કર્મચારી સેવા વિષયક કાર્યસૂચિ મુદ્દા નં 19મા અમે વિરોધ નોંધાવ્યો છે.

ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ 1963 ની કલમ 47(2) મુજબ કર્મચારીઓની વહીવટી અને શિસ્તભંગના નિર્ણયો લેવાની સત્તા માત્ર ચીફ ઓફિસરને છે. સામાન્ય સભાને કોઈ કાયદાકીય સત્તા નથી. હિંમતનગર પાલિકામાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ પાલિકાના ચૂંટાયેલા સદસ્યો નહી પરંતુ અન્ય પદાધિકારીઓના વિશ્વાસુ બની ગયા હોવાના રાજકીય દ્વેષ સાથે તેમની ફરજ નિષ્ઠાને એરણે ચઢાવી બદલી કરાવવા, રૂખસદ અપાવવા ભારે દબાણ કરી ચીફ ઓફીસરને ભીંસમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સુરતમાં કાળમુખા ડમ્પરની બર્બરતા: મોપેડને કચડતા 22 વર્ષીય યુવાન માતા અને 3 વર્ષની માસૂમ દીકરીનું કમકમાટીભર્યું મોત

સુરત

સુરત શહેર જાણે ડમ્પર અને ભારે વાહનોના ચાલકો માટે 'ડેથ ટ્રેક' બની ગયું હોય તેમ વધુ એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. સુરતમાં મોડી રાત્રે એક બેફામ ઝડપે દોડતા કાળમુખા ડમ્પરના ચાલકે નિર્દોષ મોપેડ સવાર પરિવારને અડફેટે લીધો હતો. આ પ્રચંડ ટક્કરમાં મોપેડ પર સવાર ૨૨ વર્ષીય યુવાન માતા અને તેની માત્ર ૩ વર્ષની માસૂમ દીકરીનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાના કારણે કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ કરુણ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં તંત્ર અને બેફામ ડમ્પર ચાલકો સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ, ૨૨ વર્ષીય માતા પોતાની ૩ વર્ષની દીકરી સાથે મોપેડ પર સવાર થઈને પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવેલા ડમ્પર ચાલકે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે માતા-પુત્રી બંને ડમ્પરના તોતિંગ વ્હીલ નીચે આવી ગયા હતા. અકસ્માત સર્જીને કાયર ડમ્પર ચાલક વાહન મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડેલી માસૂમ બાળકી અને માતાને જોઈને અરેરાટી વ્યાપી ગઈ હતી.

# ખનીજ માફિયાઓ સાવધાન! : છોટાઉદેપુરમાં કલેક્ટર ગાર્ગી જૈનનો સપાટો, માત્ર 24 કલાકમાં 33 વાહનો ડિટેઈન

છોટાઉદેપુર

સરકારી રજાઓનો ફાયદો ઉઠાવીને રાતોરાત લાખો રૂપિયાનું ગેરકાયદેસર ખનન કરી લેવાના મનસૂબા ઘડીને બેઠેલા ખનીજ માફિયાઓને છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને જોરદાર આંચકો આપ્યો છે. કલેક્ટરના એક સપાટાએ જિલ્લાના તમામ ગેરકાયદેસર ખનિજ ચોરોની ઉંઘ હરામ કરી દીધી છે. માત્ર ૨૪ કલાકની અંદર વહીવટીતંત્રએ સપાટો બોલાવીને ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા કુલ ૩૩ વાહનો ઝડપી પાડ્યા છે.





ખનીજ માફિયાઓ એવું વિચારીને બેઠા હતા કે લાંબી સરકારી રજાઓ દરમિયાન અધિકારીઓ આરામ કરતા હશે, પણ કલેક્ટર ગાર્ગી જૈનનું આયોજન માફિયાઓ કરતાં બે કદમ આગળ નીકળ્યું. કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ એક ખાસ ટીમની રચના કરવામાં આવી હતી. આ ટીમે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યાથી જિલ્લાના ખૂણે-ખૂણામાં અને સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ચેકિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ધાકધમકી વગરના સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર રેતી અને ખનિજ ભરીને જતા વાહનોમાં નાસભાગ મચી ગઈ હતી. ટીમે સ્થળ પર જ: ૧૬ ટ્રેક્ટરો અને ૧૭ મોટા ટ્રકો મળીને કુલ ૩૩ વાહનોને કાયદાના સકંજામાં લઈ લીધા છે. તમામ વાહનો સામે કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્રએ આ એક્શન દ્વારા સાબિત કરી દીધું છે કે છોટાઉદેપુરમાં ગેરકાયદેસર ખનન સામે શૂન્ય સહનશીલતા (Zero Tolerance) ની નીતિ છે. રજાના દિવસો હોય કે સામાન્ય દિવસો, કાયદો તોડનારાઓને છોડવામાં નહીં આવે. કલેક્ટર ગાર્ગી જૈનની આ ધાકધામી કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ ગયો છે કે છોટાઉદેપુરની ધરતી પરથી ખનિજ ચોરી કરનારા તત્વોની હવે ખેર નથી.

# કતાર બ્લાસ્ટના ભોગ બનેલા સની પટેલનો પાર્થિવ દેહ વતન પહોંચતા કાળજું કંપાવતા દ્રશ્યો સર્જાયા : અંતિમ યાત્રામાં હજારોની માનવમેદની ઉમટી

સુરત

રોજીરોટી કમાવવા અને પરિવારના ઉજ્જવળ ભવિષ્યના સપના આંખોમાં આંજીને સાત સમુંદર પાર કતાર ગયેલા સુરતના ૨૫ વર્ષીય આશાસ્પદ યુવાન સની પટેલનો મૃતદેહ જ્યારે તિરંગામાં લપેટીને વતન લાવવામાં આવ્યો, ત્યારે આખું ગામ શોકના સાગરમાં ડૂબી ગયું હતું.

કતારના એક પ્લાન્ટમાં થયેલા ભયાનક બ્લાસ્ટમાં (Qatar Plant Blast) કરુણ મોતને ભેટનાર સનીની અંતિમ યાત્રામાં હજારો લોકો આંસુ ભરેલી આંખે જોડાયા હતા.

પોતાના ઘરના કમાઉ દીકરા અને હજુ હમણાં જ જેના લગ્ન થયા હતા તેવા જીવનસાથીને ગુમાવી દેતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

મળતી વિગતો મુજબ, સુરત ગ્રામીણ વિસ્તારનો વતની સની પટેલ કતાર ખાતે એક પ્રતિષ્ઠિત પ્લાન્ટમાં એન્જિનિયર/ટેકનિશિયન તરીકે ફરજ બજાવતો હતો. ગત દિવસોમાં પ્લાન્ટમાં અચાનક થયેલા પ્રચંડ બ્લાસ્ટની દુર્ઘટનામાં સનીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. કાયદાકીય પ્રક્રિયા અને સરકારી મંજૂરીઓ બાદ સનીનો પાર્થિવ દેહ વિમાન મારફતે ભારત અને ત્યાંથી તેના વતનમાં લાવવામાં આવ્યો હતો.



## સુશાંત કેસના આઘાતમાંથી રિયા ચક્રવર્તી હજુ બહાર આવી નથી

# ટ્રોમા એવી વસ્તુ છે, જેમાંથી બહાર આવી શકાતું નથીઃ રિયા ચક્રવર્તી

મુંબઈ

રિયા ચક્રવર્તીએ તાજેતરમાં સુશાંત સિંહ રાજપૂતના મોત પછી થયેલા આઘાત (ટ્રોમા) વિશે વાત કરી છે. તેણે જણાવ્યું છે કે તે તેમાંથી સંપૂર્ણપણે સાજા થઈ શકી નથી. ઉપરાંત, એક્ટ્રેસે પોતાની વાઈરલ ટી-શર્ટ વિશે પણ વાત કરી છે. નેહા ધૂપિયા અને અંગદ બેદી સાથેની વાતચીત દરમિયાન રિયા ચક્રવર્તીએ સુશાંત સિંહ રાજપૂત અને આઘાત (ટ્રોમા) વિશે વાત કરી છે. નેહા ધૂપિયાએ રિયાને પૂછ્યું કે એક ઈન્ટરવ્યુમાં તમારી માતાએ સવાલ કર્યો હતો કે મારી દીકરી આમાંથી કેવી રીતે સાજી થશે, શું તમે આમાંથી સંપૂર્ણપણે સાજા થઈ ગયા છો? તો જવાબમાં અભિનેત્રીએ કહ્યું, 'આ એવી કોઈ વસ્તુ નથી કે જેમાંથી તમે ક્યારેય સંપૂર્ણપણે બહાર આવી શકો. આ એક આઘાત (ટ્રોમા) છે. જો તે મગજમાં ન પણ રહે, તો પણ તેની અસર શરીરમાં રહે છે.' આગળ તેમણે કહ્યું, 'આમાં PTSD (પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર) જેવી સ્થિતિ હોઈ શકે છે. તમે થેરાપી લો છો અને ધીમે ધીમે તેનો સામનો કરવાનો પ્રયાસ કરો છો. કારણ કે અમારી બાબત જાહેરમાં છે, તેથી લોકો તેના વિશે વાત કરે છે, વિચારે છે.' સુશાંત સિંહ રાજપૂત ડેથ કેસ સમયે રિયા ચક્રવર્તી દ્વારા પહેરવામાં આવેલી એક ટી-શર્ટ પણ ઘણી ચર્ચામાં રહી હતી, જેમાં પિતૃસત્તા ખતમ કરવા સંબંધિત એક લાઇન લખેલી હતી. હવે રિયાએ તે ટી-શર્ટ પહેરવાના નિર્ણય પર કહ્યું છે કે, 'મેં તે ટી-શર્ટ એટલા માટે પહેરી હતી, કારણ કે તે મારા પહેલા અધ્યાયનો ભાગ હતી. જ્યારે હું અરેસ્ટ થઈ, ત્યારે મેં તે ટી-શર્ટ પહેરી હતી, જેમાં લખેલું હતું, 'Roses are red, violets are blue, let's smash the patriarchy, me and you.' તે ટી-શર્ટે મારા માટે વાત કરી, જ્યારે કોઈ મારી તરફથી વાત કરી રહ્યું ન હતું. મેં કહ્યું હતું કે આવી વધુ ટી-શર્ટ બનાવો, જે તે લોકોની મદદ કરી શકે, જેના માટે કોઈ બોલતું નથી.' રિયાએ કહ્યું કે આ જ કારણ છે કે તેણે ભાઈ શૌવિક સાથે ક્લોથિંગ બ્રાન્ડ (ચેપ્ટર-2) શરૂ કરી, જેમાં તે ટી-શર્ટ બનાવી રહી છે. સુશાંત સિંહ રાજપૂતના મોત પછી 27 દિવસ જેલમાં રહી સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પછી તેમના પિતાએ રિયા ચક્રવર્તી પર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત ડ્રગ્સ સંબંધિત વાત સામે આવ્યા પછી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ પણ અભિનેત્રી અને તેના ભાઈ શૌવિકને તપાસના દાયરામાં લીધી હતી. કેસના કારણે રિયા ચક્રવર્તી 27 દિવસ સુધી જેલમાં રહી. CBIએ 22 માર્ચ 2025 ના રોજ તેના ક્લોઝર રિપોર્ટમાં રિયા અને તેના પરિવારને ક્લીન ચિટ આપી દીધી.

**એક્ટ્રેસ રિયા ચક્રવર્તીએ 27 દિવસ જેલમાં રહી હતી**

# હું યુટ્યુબ પર મોટિવેશન સ્પીચ આપીશઃ પંકજ ત્રિપાઠી

## વેબસિરીઝ 'મિર્ઝાપુર'ના કાલીનભૈયા-પંકજ ત્રિપાઠી આવી રહેલી નવી ફિલ્મને લઈને તો ચર્ચામાં છે



મુંબઈ

વેબસિરીઝ 'મિર્ઝાપુર'ના કાલીનભૈયા-પંકજ ત્રિપાઠી આવી રહેલી નવી ફિલ્મને લઈને તો ચર્ચામાં છે જ. પણ હવે તે પોતાની યુટ્યુબ ચેનલ ખોલવા માટે તૈયાર થઈ રહ્યા છે. ચર્ચા એવી પણ છે કે તે કોઈ નવો વિષય લઈને આવી રહ્યા છે. તાજેતરમાં એક ખાસ ઈવેન્ટમાં આવેલા પંકજ ત્રિપાઠીએ સોશિયલ મીડિયા સાથે જોડાયેલા કેટલાક મુદ્દાઓના દિલ ખોલીને જવાબ આપ્યા હતા,જ્યારે એમને પૂછવામાં આવ્યું કે, જો તેઓ પોતાની યુટ્યુબ ચાલું કરે તે એમાં વિષય શું રહે? મજાકીય અંદાજમાં તેમણે કહ્યું કે, હું મોટિવેશનલ સ્પીકર બનીશ અને લોકોનું માર્ગદર્શન કરીશ.આ સાથે એવી પણ સ્પષ્ટતા કરી કે, બિહારમાં એમના ભાઈ પર જે હુમલો થયો હતો એ પછી એમની તબિયત ઘણી સારી છે. મૂળ વાત એમ હતી કે, એક ખાસ ઈવેન્ટમાં મહેમાન બનેલા પંકજ ત્રિપાઠીને જ્યારે પૂછવામાં આવ્યું કે, સોશ્યલ મીડિયા પર એક્ટિવ રહેવા માટે અને લાઉડ-દમદાર અને અસરકારક પર્ફોમન્સ આપવા માટે કોઈ પ્રેશર ફીલ થયું છે? એ સમયે તેમણે ખૂબ જ સહજતા સાથે જવાબ આપ્યો કે,મને ક્યારેય આ વિષય પર કોઈ પ્રકારના પ્રેશરનો અહેસાસ થયો નથી. ફિલ્મમેકર્સ મને એવું કહે છે કે, સ્ક્રિન પર હું એ જ કરૂ જે મને સારૂ લાગે, જે હું નેચરલી કરી શકુ અને એ જ નેચરલી સ્ક્રિન પર લાગે. મને એ સ્ટાઈલ કરવા માટે પૈસા મળે છે. સાદગી અને ઓરિજિનાલિટી અંગે તેમણે મસ્તીભર્યા અંદાજમાં કહ્યું કે, હું તો મારી જાતને ઓથેંટિકેટ કુમાર કહુ છું. આ કાર્યક્રમ દરમિયાન તેમણે પોતાના ભાઈની તબિયત અંગે ચોખવટ કરી હતી. એમના મોટાભાઈ વિજેન્દ્રનાથ તિવારીની તબિયત હાલમાં ઘણી સારી છે.ધીમે-ધીમે તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે. 21 જુનના રોજ બિહારના ગોપાલગંજ જિલ્લામાં એમના ભાઈ વિજેન્દ્રનાથ પર જીવલેણ થયો હતો, આ વાવડ મળતા જ પંકજ ત્રિપાઠી પોતાના પરિવારજનોને મળવા માટે તાત્કાલિક પહોંચી ગયા હતા. હાલમાં એમના ભાઈની સારવાર પટણાની એક હોસ્પિટલમાં ચાલું છે.

# હવે અભિનેત્રી કૃતિ સેનને નેપોટિઝ્મ અંગે કાઢી ભડાસ

## કૃતિએ કોઈનું નામ લીધા વગર એ વાત કહી દીધી જેના પર લોકોને પણ આશ્ચર્ય થયું છે. કૃતિએ કહ્યું હતું કે, બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં સ્ટારકિડને શરૂઆતથી જ કેટલાક ફાયદાઓ મળવાનું ચાલું થઈ જાય છે.

મુંબઈ

બોલિવૂડની બોલ્ડ એન્ડ બ્યૂટીફૂલ એક્ટ્રેસ કૃતિ સેનને કોકટેલ-2 ફિલ્મથી પોતાના ફેન્સને દિવાના બનાવી દીધા છે. આ ફિલ્મમાં તેનો બિકિની અવતાર જોવા મળ્યો છે. આ અવતાર જોઈને ફેન્સ એની ફિટનેસ અને ફીગરના વખાણ કરી રહ્યા છે. ફિલ્મમાં એના પાત્રની નોંધ લેવાઈ રહી છે અને લોકો એની એક્ટિંગની પ્રશંસા કરી રહ્યા છે. એક એક ફ્રેમમાં એને એક્સપ્રેશનને દાદ આપી રહ્યા છે. બોલિવૂડમાં જે મુદ્દાની સૌથી વધારે ચર્ચા થાય છે એવા નેપોટિઝમ અંગે તેણે પોતાનો મત વ્યક્ત કર્યો હતો. કૃતિએ કોઈનું નામ લીધા વગર એ વાત કહી દીધી જેના પર લોકોને પણ આશ્ચર્ય થયું છે. કૃતિએ કહ્યું હતું કે, બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં સ્ટારકિડને શરૂઆતથી જ કેટલાક ફાયદાઓ મળવાનું ચાલું થઈ જાય છે. એ પછી કોઈ ક્નેક્શનની વાત હોય કે કોઈ ચાન્સ મળવાની વાત હોય..જે લોકો ફિલ્મી બેગ્રાઉન્ડમાંથી આવતા નથી, તેઓ શરૂઆતના તબક્કામાં પોતાની જાતને સાબિત કરી શકતા નથી તો એને ઈન્ડસ્ટ્રીમાંથી બાહર કરી દેવામાં આવે છે. પછી લોકો એને ભૂલી જાય છે. કૃતિ સેનન એક આઉટસાઈડર એક્ટ્રેસ છે. તેણે પોતાના ટેલેન્ટના દમ પર અને મહેનતના દમ પ ફિલ્મો કરી છે.ઈન્ડસ્ટ્રમાં પોતાનું એક સ્થાન બનાવી લીધું છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટે પોતાના કામથી ખુદને સાબિત કર્યા છે. એ રોલ સ્ટારકિડને મળે છે.

ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક ખાસ ઓળખ બનાવી છે. મને એ લોકોથી સૌથી વધારે પરેશાની છે જે વગર કંઈ કર્યે અને ખુદને સાબિત કર્યા વગર જ વર્ષોથી ચાન્સ મેળવી રહ્યા છે. ઘણીવાર એવું થાય છે કે, જ્યારે કોઈ ફિલ્મને લઈને કોઈ આઉટસાઈડરનો વિચાર કરવામાં આવે છે તો એ રોલ પણ કોઈ સ્ટારકિડને મળી જાય છે. મારી કોઈ સમસ્યા સ્ટારકિડ સાથે નથી.બિલકુલ નથી.જે વ્યક્તિઓ પોતાના ટેલેન્ટના દમ પર અને આવડતના દમ પોતાની જાતને સાબિત કરી બતાવી એની સામે મારો કોઈ વિરોધ જ નથી. ઈન્ડસ્ટ્રીમાં ઘણા એવા સ્ટારકિડ છે જે ખરેખર સારૂ કામ કરે છે અને ઘણા સારા કલાકાર બન્યા છે.





# બાળકોના ખોટા કામ માટે માતા-પિતાને દોષી ઠેરવવા યોગ્ય નથીઃ કંગના રણૌત

## રિયલ એસ્ટેટ કારોબારી કેતન અગ્રવાલ મર્ડર કેસ પર એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે પોતાની પ્રતિક્રિયા આપી છે

મુંબઈ

રિયલ એસ્ટેટ કારોબારી કેતન અગ્રવાલ મર્ડર કેસ પર એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરીને કહ્યું કે, 'બાળકોના ખોટા કામો માટે તેમના માતા-પિતા કે પરિવારને દોષી ઠેરવવા ન જોઈએ.' 'આજકાલ બાળકોના સંસ્કાર ફક્ત ઘરથી જ નક્કી નથી થતા, પરંતુ સોશિયલ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને તેમના મિત્રો તેમને પ્રભાવિત કરે છે.' લોહાગઢ કિલ્લામાં થયેલા આ હાઈ-પ્રોફાઈલ મર્ડર કેસમાં પોલીસે કેતનની મંગેતર સિયા ગોયલ અને તેના બોયફ્રેન્ડની ધરપકડ કરી છે. માતા-પિતાને જજ કરવા યોગ્ય નથી કંગના રનૌતે પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'માતા-પિતાને બાળકોના કાર્યો માટે દોષ આપવો યોગ્ય નથી. આજના સમયમાં બાળકો કોની સાથે ઉઠે-બેસે છે અને કોનાથી પ્રભાવિત થઈ રહ્યા છે, તે વધુ મહત્ત્વનું છે. બાળકોને કોણ 'પ્રોગ્રામ' કરી રહ્યું છે, તેનાથી જ તેમનો વ્યવહાર બદલાય છે. લોકો હવે અનેક પ્રકારના જીવન જીવી રહ્યા છે, તેથી કોઈ એક ઘટનાના આધારે આખા પરિવારને જજ ન કરવો જોઈએ.' કંગના પહેલાં ખુશ્બુ પટાની (દિશા પટાનીની બહેન), એક્ટ્રેસ આંચલ ખુરાના અને હિના ખાન જેવા સેલિબ્રિટીઝ પણ આરોપી સિયા ગોયલને લઈને ગુસ્સો વ્યક્ત કરી ચૂક્યા છે.

મંગેતરે બોયફ્રેન્ડ સાથે મળીને હત્યા કરી પોલીસ તપાસ મુજબ, 26 વર્ષીય રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ કેતન અગ્રવાલની હત્યાનું કાવતરું તેની મંગેતર સિયા ગોયલે તેના બોયફ્રેન્ડ ચેતન ચૌધરી સાથે મળીને રચ્યું હતું. કેતન અને સિયાની સગાઈ આ વર્ષે ફેબ્રુઆરીમાં થઈ હતી અને બંને આ વર્ષે નવેમ્બરમાં લગ્ન કરવાના હતા. પોલીસે સિયા અને ચેતન બંનેની ધરપકડ કરી છે અને હાલ બંને ન્યાયિક કસ્ટડીમાં છે. પહેલાં પ્રયત્નમાં કેતન બચી ગયો હતો પોલીસે જણાવ્યું કે, આરોપીઓએ કેતનને મારવાનો પહેલો પ્રયત્ન 14 જૂને કર્યો હતો. સિયા તે દિવસે કેતનને મહારાષ્ટ્રના લોહગઢ કિલ્લા પર લઈ ગઈ હતી અને ત્યાં તેને ખીણમાં ધક્કો મારી દીધો હતો.

# સાઉથના જાણીતા ડાયરેક્ટર કે.ભાગ્યરાજનું નિધન, અમિતાભ બચ્ચન સાથે બનાવી હતી 'આખરી રાસ્તા'

મુંબઈ

તમિલ ફિલ્મ જગત (ઈન્ડસ્ટ્રી) માટે શનિવારની સવાર એક દુઃખદ સમાચાર લઈને આવી. જાણીતા ફિલ્મ ડાયરેક્ટર કૃષ્ણસ્વામી ભાગ્યરાજ ઉર્ફે કે. ભાગ્યરાજના અવસાનથી તમિલ ઈન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છવાયો. 73 વર્ષના ભાગ્યરાજનું હાર્ટ એટેકના કારણે નિધન થયું. પરિવારમાં તેમની પત્ની અને ભૂતપૂર્વ અભિનેત્રી પૂર્ણિમા ભાગ્યરાજ તેમજ પુત્ર શાંતનુ અને પુત્રી શરણ્યા છે. શાંતનુ પણ તમિલ અને મલયાલમ ફિલ્મોના લોકપ્રિય અભિનેતા છે. તેમણે થલપતિ વિજયની ફિલ્મ 'માસ્ટર' (2021) માં એક મહત્વની ભૂમિકા ભજવી હતી. પોતાના અવસાનના થોડા સમય પહેલા જ ભાગ્યરાજ ખુશ્બુ સુંદરની પુત્રીના લગ્નમાં જોવા મળ્યા હતા. ભાગ્યરાજનું બોલિવૂડ કનેક્શન કોલેજ ડ્રોપઆઉટ ભાગ્યરાજને તેમની યુવાનીના દિવસોમાં બે દિગ્ગજો ખૂબ ગમતા હતા– તમિલ સુપરસ્ટાર એમ. જી. રામચંદ્રન અને હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રાજેશ ખન્ના. તેથી એ વાતનું આશ્ચર્ય ન થવું જોઈએ કે સાઉથમાં ઘણી બધી નામના મેળવ્યા પછી ભાગ્યરાજે હિન્દી ફિલ્મોનું પણ ડિરેક્શન (દિગ્દર્શન) કર્યું હતું. તેમણે પોતાની જ તમિલ ફિલ્મોની હિન્દી રિમેક બનાવી હતી. તેમણે પોતાની તમિલ ફિલ્મ 'ઓરુ કાયિધિન ડાયરી' (Oru Kaidhiyin Diary) ને હિન્દીમાં 'આખરી રાસ્તા' (1986) નામે બનાવી હતી, જેના હીરો અમિતાભ બચ્ચન હતા. ત્યારબાદ 1996માં ભાગ્યરાજે અનિલ કપૂર અને શ્રીદેવીની સુપરહિટ જોડી સાથે 'મિસ્ટર બેચારા' ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ પણ તેમની જ તમિલ ફિલ્મ 'વીતલા વિશેષાંગ'ની હિન્દી રિમેક હતી.

અભિનય (એક્ટિંગ) કરતી વખતે ભાગ્યરાજ મોટે ભાગે એવા જ પાત્રો ભજવતા હતા, જેમનું સમાજના વગદાર અને શક્તિશાળી લોકો દ્વારા શોષણ થતું જોવા મળતું હોય. આજના સમયની મોટા પાયા પર બનતી ફિલ્મો (લાર્જ સ્કેલ ફિલ્મ ઈન્ડસ્ટ્રી) થી અલગ, ભાગ્યરાજના સિનેમાની પોતાની એક આગવી ઓળખ હતી. તેમની ફિલ્મોમાં માનવીય લાગણીઓનું પાસું ખૂબ જ મજબૂત રહેતું. પોતાની ફિલ્મ લખવા, ડાયરેક્ટ કરવા અને એક્ટિંગ કરવાની સાથે-સાથે ભાગ્યરાજ તેમાં મ્યુઝિક (સંગીત) પણ આપતા હતા. આજે તમિલ ફિલ્મ જગતમાં તેમને એક આઈકોન (મહાન પ્રતીક) તરીકે યાદ કરવામાં આવી રહ્યા છે. પરિવારમાં તેમની પત્ની અને ભૂતપૂર્વ અભિનેત્રી પૂર્ણિમા ભાગ્યરાજ તેમજ પુત્ર શાંતનુ અને પુત્રી શરણ્યા છે. શાંતનુ પણ તમિલ અને મલયાલમ ફિલ્મોના લોકપ્રિય અભિનેતા છે.



પાક્કો ગુજરાત
રવિવાર | 28 જૂન 2026 | અમદાવાદ

### 4 વખતની ચેમ્પિયન ટીમ જર્મનીને હરાવી ઈક્વાડોરની નૉકઆઉટમાં એન્ટ્રી

# ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને 7-1થી હરાવ્યું:પાછળ રહ્યા પછી સતત 7 ગોલ કર્યા

**લંડન**

ભારતીય મેન્સ હોકી ટીમે FIH પ્રો લીગમાં તેના કટ્ટર હરીફ પાકિસ્તાનને 7-1થી કારમી હાર આપી. રાત્રે લંડનમાં ભારતીય ટીમ એક સમયે 0-1થી પાછળ ચાલી રહી હતી. પછી તેણે સતત 7 ગોલ કરીને માત્ર શાનદાર કમબેક જ ન કરી, પરંતુ પાકિસ્તાનને મેચમાંથી સંપૂર્ણપણે બહાર કરી દીધું. ટીમ ઈન્ડિયા તરફથી સુખજીત સિંહ (20મી મિનિટ), હરમનપ્રીત સિંહ (26મી મિનિટ), હાર્દિક સિંહ (34મી મિનિટ), જુગરાજ સિંહ, અભિષેક (41મી મિનિટ), રાજકુમાર પાલ (44મી મિનિટ) અને દિલપ્રીત સિંહ (54મી મિનિટ)એ એક-એક ગોલ કર્યા. પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અબુ મહમૂદ (13મી મિનિટ)એ કર્યો. હવે ભારતીય ટીમ લંડન ચરણની તેની છેલ્લી મેચમાં રવિવારે ઈંગ્લેન્ડ સામે ટકરાશે. પાકિસ્તાને 13મી મિનિટે અબુ મહમૂદના પેનલ્ટી કોર્નર પર કરેલા ગોલથી લીડ બનાવી. જોકે, ભારતે ઝડપથી જવાબ આપ્યો. 20મી મિનિટે સુખજીત સિંહે હરમનપ્રીત સિંહના પેનલ્ટી કોર્નર પર આવેલા બોલને ડિફ્લેક્ટ કરીને સ્કોર 1-1 કરી દીધો. ભારતીય ટીમે માત્ર 7 મિનિટની અંદર બરાબરીનો ગોલ કર્યો. કેપ્ટન હરમનના ગોલથી ભારત આગળ થયું હાફ ટાઈમ પહેલાં ભારતીય ટીમે પાકિસ્તાન પર 2-1ની લીડ મેળવી લીધી. મેચની 26મી મિનિટે કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરને




ગોલમાં ફેરવ્યો અને ભારતીય ટીમને આગળ કરી દીધી. મેચના ત્રીજા ક્વાર્ટરમાં ભારતે પોતાનો દબદબો વધુ વધાર્યો. 34મી મિનિટે મળેલા પેનલ્ટી સ્ટ્રોક પર હાર્દિક સિંહે ગોલ કર્યો. આના તરત પછી પાકિસ્તાનના પેનલ્ટી કોર્નર નિષ્ફળ જતાં થયેલા વળતા હુમલામાં જુગરાજ સિંહે ચોથો ગોલ કર્યો. હરમનપ્રીત સિંહે હાફ ટાઈમ પહેલા ગોલ કરીને ભારતને લીડ અપાવી.

અભિષેકે રિવર્સ હિટથી ફિલ્ડ ગોલ કર્યો 41મી મિનિટે અભિષેકે શાનદાર રિવર્સ હિટથી ભારતની લીડ 5-1 કરી દીધી. 44મી મિનિટે સતત મળેલા પેનલ્ટી કોર્નર બાદ રાજકુમાર પાલે રીબાઉન્ડ પર ગોલ કર્યો. 54મી મિનિટે દિલપ્રીત સિંહે મનદીપ સિંહના પાસ પર ગોલ કરીને ભારતની 7-1થી જીત સુનિશ્ચિત કરી દીધી.

## ફિફા વર્લ્ડ કપ 2026 : ઉસ્માન ડેમ્બેલેની હેટ્રિક, નોર્વે મેચ હાર્યું

**મેક્સિકોસિટી**

ફિફા વર્લ્ડ કપ 2026માં ફ્રાન્સની વિજયી કૂચ યથાવત રહી છે. સ્ટાર ફોરવર્ડ ઉસ્માન ડેમ્બેલેની વિસ્ફોટક હેટ્રિકના જોરે ફ્રાન્સે નૉર્વેને 5-1ના મોટા અંતરથી પરાજય આપીને ગ્રુપ સ્ટેજનો શાનદાર અંત કર્યો છે. આ ધમાકેદાર પ્રદર્શન સાથે ડેમ્બેલેએ ગોલ્ડન બૂટની રેસમાં પણ મજબૂત દાવેદારી નોંધાવી દીધી છે, જ્યાં પહેલેથી જ કિલિયન એમબાપ્પે અને લિયોનેલ મેસી જેવા દિગ્ગજો વચ્ચે જંગ જામ્યો છે. ઉસ્માન ડેમ્બેલે અને કિલિયન એમબાપ્પે જેવા સ્ટાર ખેલાડીઓના કરન્ટ ફોર્મને જોતાં ફ્રાન્સ આ વખતે ટાઈટલ જીતવા માટેનું પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. જો ટીમ આ જ લય જાળવી રાખશે, તો ટૂર્નામેન્ટમાં ફ્રાન્સને રોકવું કોઈપણ ડિફેન્સ માટે લોઢાના ચણા ચાવવા બરાબર સાબિત થશે. પ્રથમ હાફમાં ડેમ્બેલેનો દબદબો: 1994 પછી બન્યો ઐતિહાસિક રેકોર્ડ શનિવારે (27 જૂન) ફોક્સબોરોના બોસ્ટન સ્ટેડિયમ ખાતે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં ફ્રાન્સે શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. ઐતિહાસિક સિદ્ધિ: વર્લ્ડ કપના ઈતિહાસમાં વર્ષ 1994 પછી આ પ્રથમ વખત બન્યું છે જ્યારે કોઈ ખેલાડીએ મેચના પ્રથમ હાફમાં જ હેટ્રિક ફટકારી હોય. આ પૂર્વે 1994ના વર્લ્ડ કપમાં રશિયાના ઓલેગ સાલેન્કોએ કેમરૂન સામે ફર્સ્ટ હાફમાં 3 ગોલ નોંધાવ્યા હતા. ગોલ્ડન બૂટની રેસ થઈ વધુ રોમાંચક વર્ષ 2025ના બેલોન ડી'ઓર વિજેતા ઉસ્માન ડેમ્બેલેના નામે હવે આ વર્લ્ડ કપમાં કુલ 4 ગોલ થઈ ગયા છે. હાલમાં લિયોનેલ મેસી 5 ગોલ સાથે આ યાદીમાં ટોચ પર છે, જ્યારે ફ્રાન્સનો કિલિયન એમબાપ્પે 4 ગોલ અને 2 આસિસ્ટ સાથે બીજા સ્થાને છે.

### 34 રને હરાવી મેજર અપસેટ સર્જ્યો

## આયર્લેન્ડે કોઈપણ ફોર્મેટમાં ભારતને પહેલીવાર હરાવ્યું

**ડબલિન**

વર્તમાન T20 વર્લ્ડ ચેમ્પિયન ભારતને દુનિયાની 12મા નંબરની ટીમ આયર્લેન્ડે હરાવી દીધું છે. બેલફાસ્ટમાં શુક્રવારે રમાયેલી બે મેચની સિરીઝની પહેલી મેચમાં ભારત પર 34 રનથી જીત મેળવી. માર્ચમાં T20 વર્લ્ડ કપ જીત્યા પછી ભારતીય ટીમ આ ફોર્મેટમાં પોતાની પહેલી મેચ રમી રહી હતી. આયર્લેન્ડ સામે ભારતની આ અત્યાર સુધીની પહેલી હાર પણ છે.

ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા આયર્લેન્ડે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 182 રન બનાવ્યા. કેપ્ટન લોર્કન ટકરે સૌથી વધુ 50 રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમ




18.5 ઓવરમાં 148 રન જ બનાવી શકી. ઓપનર અભિષેક શર્માએ સૌથી વધુ 50 રન બનાવ્યા. ભારતના 7 બેટર્સ ડબલ ડિજિટ સુધી પણ પહોંચી શક્યા નહીં. યુવા બેટર વૈભવ સૂર્યવંશીને આ મેચમાં ડેબ્યૂ કરવાની તક મળી નહીં. બેલફાસ્ટમાં આયર્લેન્ડની શરૂઆતી 4 વિકેટ 51 રન પર પડી ગઈ હતી. તે પછી કેપ્ટન લોર્કન ટકર અને ગેરેથ ડેલાનીએ 64 રનની ભાગીદારી કરીને ટીમને સંભાળી. ટકર 36 બોલ પર 50 રન બનાવીને આઉટ થયો. ટકર પછી જોર્જ ડોકરેલ અને ડેલાનીએ 16 બોલ પર 49 રન જોડ્યા. ડેલાની 49 રન બનાવીને આઉટ થયો. આયર્લેન્ડે પહેલી T20માં મોટો અપસેટ સર્જતા ભારતને 18.5 ઓવરમાં 148 રન પર ઓલઆઉટ કરી દીધું છે. મેથ્યુ હમ્ફ્રીઝે અર્શદીપ સિંહને આઉટ કરીને મેચ પૂરી કરી. અર્શદીપે 4 બોલમાં 2 રન બનાવ્યા. તેનો કેચ ટિમ ટેક્ટરે ઝડપ્યો. આ પહેલા આ જ ઓવરમાં હમ્ફ્રીઝે હર્ષિત રાણાને પણ આઉટ કર્યો હતો. સિરીઝની બીજી મેચ 28 જૂને બેલફાસ્ટમાં જ રમાશે.

# FIFA World Cup: કેપ વર્ડેએ રચ્યો ઈતિહાસ

### કેપ વર્ડે નોકઆઉટમાં એન્ટ્રી કરનાર બન્યો સૌથી નાનો દેશ

**વોશિંગ્ટન**

ફિફા વર્લ્ડ કપ 2026માં એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે. પ્રથમ વખત વર્લ્ડ કપ રમી રહેલા નાનકડા દેશ કેપ વર્ડેએ શનિવારે ઈતિહાસ રચી દીધો છે. માત્ર 5 લાખની વસ્તી ધરાવતો આ દેશ વર્લ્ડ કપના નોકઆઉટ (રાઉન્ડ ઓફ 32) સ્ટેજમાં પહોંચી ગયો છે. શનિવારે રમાયેલી મેચમાં સ્પેને ઉરુગ્વેને 1-0થી હરાવતાની સાથે જ કેપ વર્ડેનું રાઉન્ડ ઓફ 32નું ટિકિટ કન્ફર્મ થઈ ગયું છે, જ્યાં હવે તેનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના સામે થશે. આ પહેલાં કેપ વર્ડેએ હ્યુસ્ટન ખાતે સાઉદી અરેબિયા સામે 0-0થી ડ્રો રમીને ગ્રુપ Hમાં કોઈ પણ ટીમને પોતાની સામે જીતવા દીધી નહોતી.

આફ્રિકાના પશ્ચિમ કિનારે આવેલો આ આઈલેન્ડ નેશન ક્ષેત્રફળ અને વસ્તીની દ્રષ્ટિએ વર્લ્ડ કપના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચનારો અત્યાર સુધીનો સૌથી નાનો



દેશ બની ગયો છે. લીગ રાઉન્ડના અંતે કેપ વર્ડે ગ્રુપ Hમાં બીજા સ્થાને રહ્યું અને પોતાના ડેબ્યૂમાં જ નોકઆઉટમાં જગ્યા બનાવી લીધી. 56 વર્ષીય હેડ કોચ બુબિસ્ટાની આ ટીમે માત્ર 8 મહિના પહેલાં જ પ્રથમ વખત વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરીને બધાને ચોંકાવ્યા હતા.

અજેય રહીને ગ્રુપ સ્ટેજ પાર કર્યું: ડિફેન્સ અને એટેકનો શાનદાર સમન્વય

કેપ વર્ડેએ ટૂર્નામેન્ટમાં પોતાની સફરની શરૂઆત 2010ના વર્લ્ડ કપ વિજેતા સ્પેન સામે 0-0થી ડ્રો રમીને કરી હતી, જેનાથી સાબિત થયું કે તેમનું ડિફેન્સ ખૂબ મજબૂત છે. બીજી મેચ: બે વખતની વર્લ્ડ ચેમ્પિયન ઉરુગ્વે સામે 2-2થી ડ્રો રમીને કેપ વર્ડેએ દર્શાવ્યું કે તેમનો એટેકિંગ લાઈન-અપ પણ શાનદાર છે. ત્રીજી મેચ: શુક્રવારે સાઉદી અરેબિયા સામે 0-0થી ડ્રો રમ્યા બાદ કેપ વર્ડે 3 પોઈન્ટ્સ સાથે ગ્રુપ Hમાં બીજા સ્થાને રહ્યું. તેઓ સ્પેનથી પાછળ પરંતુ દિગ્ગજ ઉરુગ્વે કરતાં 1 પોઈન્ટ આગળ રહ્યા. ઐતિહાસિક રેકોર્ડ: વર્ષ 2002માં સેનેગલના પ્રદર્શન બાદ કેપ વર્ડે વિશ્વનો એવો પ્રથમ દેશ બન્યો છે, જે પોતાના ડેબ્યૂ વર્લ્ડ કપમાં ગ્રુપ સ્ટેજ દરમિયાન એક પણ મેચ હાર્યા વગર નોકઆઉટમાં પહોંચ્યો હોય. ચાંદની ચોક કરતાં પણ ઓછી વસ્તી, મોટા દેશોને આપી માત કેપ વર્ડેની કુલ વસ્તી આશરે 5,25,000 છે, જે દિલ્હીના પ્રખ્યાત વિસ્તાર ચાંદની ચોકની વસ્તી કરતાં પણ ઓછી છે. વસ્તીની દ્રષ્ટિએ કુરાકાઓ અને આઈસલેન્ડ જેવા નાના દેશો પણ વર્લ્ડ કપ રમ્યા છે, પરંતુ તેઓ ગ્રુપ સ્ટેજથી આગળ વધી શક્યા નહોતા. કેપ વર્ડે આ તમામથી આગળ નીકળીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

40 વર્ષીય ગોલકીપર વોઝિન્હા બન્યો 'ધ વોલ' સાઉદી અરેબિયા સામેની નિર્ણાયક મેચમાં કેપ વર્ડેના 40 વર્ષીય અનુભવી ગોલકીપર વોઝિન્હા ગોલપોસ્ટ સામે દીવાલ બનીને ઉભા રહ્યા હતા. તેમણે મેચ દરમિયાન અદભુત સેવ કર્યા: પ્રથમ હાફના સ્ટોપેજ ટાઈમમાં મોહમ્મદ કાનોના શાનદાર હેડરને રોક્યો. 66મી મિનિટે હવામાં અદભુત ડાઈવ લગાવીને મોહમ્મદ અબુ અલ-શમતનો આકરો શોટ નિષ્ફળ બનાવ્યો. 92મી મિનિટે અબ્દુલ્લા અલ-હમદાનના ગોલ કરવાના પ્રયાસને નાકામ કરી મેચ ડ્રો રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આગામી મુકાબલો: આર્જેન્ટિના સામે ટક્કર કેપ વર્ડેની ટીમ હવે 3 જુલાઈના રોજ મિયામી ગાર્ડન્સ ખાતે રમાનારા રાઉન્ડ ઓફ 32ના મુકાબલામાં વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિના સામે મેદાને ઉતરશે.




### ભૂ-રાજકીય તણાવને કારણે કંપનીઓ અને ગ્રાહકો માટે ખર્ચમાં વધારો

# કોર્પોરેટ ક્ષેત્રે મંદી, ઓર્ડર 46% ઘટી 13 માસના તળિયે

**મુંબઈ**

કોર્પોરેટ ક્ષેત્રના રિપોર્ટ મુજબ મે ૨૦૨૬ માં નવા ઓર્ડર પ્રાપ્તિમાં ઘટાડો થયો છે. આ ઘટાડો માસિક અને વાર્ષિક બંને રીતે જોવાયો હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના વિશ્લેષણ મુજબ, મે મહિનામાં રૂ. ૩૯,૧૦૦ કરોડના નવા ઓર્ડર પ્રાપ્ત થયા હતા, જે એપ્રિલની તુલનામાં ૮ ટકાનો ઘટાડો છે, જ્યારે આશરે રૂ. ૪૨,૫૦૦ કરોડના ઓર્ડર પ્રાપ્ત થયા હતા. મે ૨૦૨૫ માં પ્રાપ્ત થયેલા ?રૂ. ૬૮,૦૦૦ કરોડની તુલનામાં આ ૪૬ ટકાનો ઘટાડો પણ હતો. આ આંકડો ૧૩ મહિનામાં સૌથી નીચો છે.

પશ્ચિમ એશિયાના સંકટને કારણે એલ્યુમિનિયમ અને તાંબાના ભાવમાં તીવ્ર વધારો થતાં પાવર ઈક્વિપમેન્ટ ઉદ્યોગ પર ખર્ચનું દબાણ વધ્યું : નબળા ચોમાસાની



બજાર પર અસર તાજેતરના ક્વાર્ટરમાં પ્રોજેક્ટ એવોર્ડ્સમાં મંદીથી રોડ ડેવલપર્સની ઓર્ડર બુક પર અસર પડી છે એમ ઈકરા એ જણાવ્યું હતું. ઈકરાના મતે, યુએસ-ઈરાન કરાર અને ચોમાસાની પ્રગતિ અંગે વધુ સ્પષ્ટતા સાથે આગામી મહિનામાં માંગની સ્થિતિ વધુ સ્પષ્ટ થવાની સંભાવના છે. સામાન્ય કરતાં ઓછા ચોમાસાની અપેક્ષાઓ ગ્રામીણ-લક્ષી ક્ષેત્રો જેમ કે એફએમસીજી, ટુ-વ્હીલર્સ, ટ્રેક્ટર અને કૃષિ-રસાયણોમાં માંગ ઓછી થવાનું જોખમ ઊભું કરે છે. સ્થિર આવકના વલણો શહેરી વપરાશને થોડો ટેકો પૂરો પાડી શકે છે, પરંતુ ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ફુગાવાનું દબાણ ચાલુ રહેશે, જે વપરાશ-આધારિત ક્ષેત્રોમાં વેચાણ વૃદ્ધિને મર્યાદિત કરી શકે છે, અને એકંદર માંગ વાતાવરણ પડકારજનક રહેશે. ઈરાન યુદ્ધ પછી વધતા ભૂ-રાજકીય તણાવને કારણે કંપનીઓ અને ગ્રાહકો માટે ખર્ચમાં વધારો થયો અને આર્થિક પ્રવૃત્તિ પર અસર પડી છે. પશ્ચિમ એશિયાના સંકટ અને ઓરમાંથી પ્રાથમિક ધાતુ કાઢતા ઔદ્યોગિક પ્લાન્ટમાં વિક્ષેપોને કારણે ભારતના પાવર ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ અને રિન્યુએબલ એનર્જી ઉદ્યોગો વધતા ખર્ચના દબાણનો સામનો કરી રહ્યા છે. પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા એલ્યુમિનિયમ અને તાંબાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. લંડન મેટલ એક્સચેન્જ પર એલ્યુમિનિયમના ભાવ ૨૦૨૪માં ૨,૩૦૦ થી ૨,૬૦૦ ડોલર પ્રતિ ટનથી વધીને ૩,૮૦૦ ડોલર પ્રતિ ટન થઈ ગયા છે. જોકે, છેલ્લા ૧૦ દિવસમાં ભાવમાં થોડો ઘટાડો થયો છે. ૨૦૨૫ની શરૂઆત અને મે-જૂન ૨૦૨૬ વચ્ચે બેન્ચમાર્ક એલ્યુમિનિયમના ભાવ ૩૦ થી ૩૫ ટકા વધ્યા હતા, જ્યારે મે મહિનામાં તાંબાના ભાવ રેકોર્ડ ૧૩,૦૦૦ ડોલર પ્રતિ ટન વટાવી ગયા હતા અને ૧૪,૦૦૦ ડોલર સુધી પણ પહોંચી ગયા હતા.

### કન્ટ્રી મેનેજિંગ ડિરેક્ટરનું પદ સંભાળશે

# ઉબર ઈન્ડિયાના CEO પ્રભજીત સિંહે રાજીનામું આપ્યું: સપ્ટેમ્બરમાં ઓપનએઆઈમાં જોડાશે

**મુંબઈ**

ઉબર ઈન્ડિયાના CEO પ્રભજીત સિંહે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેઓ સપ્ટેમ્બરમાં ચેટજીપીટી બનાવતી કંપની ઓપનએઆઈના ભારતીય ઓપરેશન્સમાં કન્ટ્રી મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે જોડાશે.

પ્રભજીત સિંહ ભારતમાં ઓપનએઆઈના સૌથી સિનિયર લીડર હશે અને તેઓ આ જ વર્ષે માર્ચમાં ઓપનએઆઈના એશિયા પેસિફિકના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરાયેલા કિરણ મણીને રિપોર્ટ કરશે. ભારતમાં ઓપનએઆઈનું કામ સંભાળશે પ્રભજીત ઓપનએઆઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે પ્રભજીત સિંહ પર ભારતમાં કંપનીના કન્ઝ્યુમર ગ્રોથ, એન્ટરપ્રાઈઝ એડોપ્શન, પાર્ટનરશિપ, રેગ્યુલેટરી એન્ગેજમેન્ટ અને ઓપરેશન્સની જવાબદારી રહેશે. તેમનું ધ્યાન પાર્ટનરશિપ



બનાવવામાં અને ભારતના મોટા AI ઈકોસિસ્ટમને સપોર્ટ કરવામાં રહેશે. સાથે જ તેઓ ગ્રાહકો, વ્યવસાયો, સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓને AI થી ફાયદો પહોંચાડવામાં મદદ કરશે. ઉબરમાં પ્રભજીત સિંહની 10 વર્ષની સફર આઈઆઈટી કાનપુર અને આઈઆઈએમ અમદાવાદના વિદ્યાર્થી રહેલા પ્રભજીત સિંહ શુક્રવાર સુધી ઉબરના ભારત અને દક્ષિણ એશિયા બિઝનેસના પ્રેસિડેન્ટ તરીકે કામ કરી રહ્યા હતા. ઉબર ઈન્ડિયામાંથી તેમનું જવું તેમના એક દાયકા લાંબા પ્રવાસનો અંત છે, જે દરમિયાન તેમણે ભારતભરમાં ઉબરના વિકાસ અને વિસ્તરણની દેખરેખ રાખી. પ્રભજીત ઓગસ્ટ 2015માં જનરલ મેનેજર, હેડ ઓફ સ્ટ્રેટેજી તરીકે ઉબર સાથે જોડાયા હતા. ત્યારબાદ જૂન 2020માં તેઓ પ્રેસિડેન્ટ બન્યા અને આ ક્ષેત્રમાં કંપનીના બિઝનેસનું નેતૃત્વ કર્યું. ઉબર પહેલા તેઓ મેકિન્સે એન્ડ કંપનીમાં એસોસિયેટ પાર્ટનર હતા. પ્રભજીતના રાજીનામા પર ઉબરના પ્રવક્તાએ કહ્યું કે વૈશ્વિક સ્તરે ભારત ઉબરના સૌથી મહત્વપૂર્ણ બજારોમાંનું એક છે, અને તે ઈનોવેશન અને લાંબા ગાળાના વિકાસનું એક મહત્વપૂર્ણ ડ્રાઈવર છે. પ્રવક્તાએ કહ્યું કે આજે અમારા બિઝનેસની મજબૂતી તે ઉત્તમ ટીમ અને પાયાને દર્શાવે છે જે વર્ષોમાં તૈયાર થયો છે.

### સરકારે સંપૂર્ણ સ્પષ્ટતા આપવી પડશે

# અદાણી કેસ તાત્કાલિક રદ કરવાનો અમેરિકી જજનો ઈનકાર: કહ્યું- માત્ર સપાટ નિવેદનથી કેસ નહીં હટે

**ફેડરલ પ્રોસિક્યુટર્સ એટલે કે સરકારી વકીલોએ 18 મેના રોજ જાહેરાત કરી હતી કે તેઓ આ મામલે આગળ કાર્યવાહી નહીં કરે. આ કેસમાં અદાણી પર લાંચખોરી યોજના સાથે સંકળાયેલા સિક્યોરિટીઝ ફ્રોડ અને વાયર ફ્રોડના આરોપો હતા.**

**વોશિંગ્ટન**

અમેરિકી જજે શુક્રવારે જસ્ટિસ ડિપાર્ટમેન્ટને નિર્દેશ આપ્યો છે કે તેઓ ભારતીય બિઝનેસમેન અને બિલિયોનેર ગૌતમ અદાણી વિરુદ્ધના ફોજદારી કેસો પાછા ખેંચવાના તેમના નિર્ણયને યોગ્ય ઠેરવવાનું કારણ જણાવે. કોર્ટે અદાણીના વકીલો દ્વારા કેસને ઔપચારિક રીતે રદ કરવાના અનુરોધ પર તરત જ નિર્ણય સંભળાવવાનો ઈનકાર કર્યો છે. ફેડરલ પ્રોસિક્યુટર્સ એટલે કે સરકારી વકીલોએ 18 મેના રોજ જાહેરાત કરી હતી કે તેઓ આ મામલે આગળ કાર્યવાહી નહીં કરે. આ કેસમાં અદાણી પર લાંચખોરી યોજના સાથે સંકળાયેલા સિક્યોરિટીઝ ફ્રોડ અને વાયર ફ્રોડના આરોપો હતા. આ પછી, અદાણીના વકીલોએ બુધવારે બ્રુકલિનના અમેરિકી જિલ્લા જજ નિકોલસ ગરાઉફિસને કેસને ઔપચારિક રીતે રદ કરવા વિનંતી કરી હતી. જોકે, જજે કહ્યું કે પ્રોસિક્યુટર્સની નોટિસ આ નિર્ણયનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ આપતી નથી. ગ્રાઉફિસે



કહ્યું કે સરકારનું સંક્ષિપ્ત, સીધું અને નિષ્કર્ષ કાઢતું નિવેદન અદાલતને કોઈ નિષ્કર્ષ પર પહોંચવા માટે પૂરતો આધાર આપતું નથી. આ સાથે, તે કેસને બરતરફ કરવાના સરકારી અનુરોધનું વિશ્લેષણ કરવાની તક પણ પૂરી પાડતું નથી. બે રાષ્ટ્રપતિઓના કાર્યકાળ વચ્ચે બદલાયો નિર્ણય અદાણી પર આ કેસ 2024માં ડેમોક્રેટિક રાષ્ટ્રપતિ જો બાઈડનના કાર્યકાળના અંતમાં દાખલ કરવામાં આવ્યો હતો. આરોપો હટાવવાનો આ નિર્ણય રિપબ્લિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં બીજા કાર્યકાળ દરમિયાન આવ્યો છે, જ્યાં જસ્ટિસ ડિપાર્ટમેન્ટે વધુ એક હાઈ-પ્રોફાઈલ વ્હાઈટ કોલર ક્રિમિનલ કેસને સમાપ્ત કરવાની માંગ કરી છે. કાનૂની નિષ્ણાતોનું કહેવું છે કે અમેરિકી ન્યાયાધીશો પાસે પ્રોસિક્યુટર્સને એવા કેસો ચાલુ રાખવા માટે મજબૂર કરવાનો બહુ ઓછો અધિકાર હોય છે જેને તેઓ આગળ વધારવા માંગતા નથી, પરંતુ જ્યાં સુધી ગરાઉફિસ તેને ફગાવી ન દે ત્યાં સુધી આરોપો સત્તાવાર રીતે પેન્ડિંગ રહેશે. બ્રુકલિન અમેરિકી એટર્ની કાર્યાલયના પ્રવક્તાએ આ અંગે કોઈ નિવેદન આપવાનો ઈનકાર કર્યો છે. શું છે આખો મામલો અને શું થયા કરારો? ગૌતમ અદાણી પર 2024માં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે ભારતીય સરકારી અધિકારીઓને લાંચ આપવા સંમતિ દર્શાવી હતી, જેથી અદાણી ગ્રુપની એક સહાયક કંપનીને સોલર એનર્જી પ્લાન્ટ વિકસાવવાની મંજૂરી મળી શકે. આ પછી તેમના પર પોતાની કંપનીની એન્ટી કરપ્શન પ્રેક્ટિસ વિશે ખાતરી આપતી માહિતી આપીને અમેરિકી રોકાણકારોને ગેરમાર્ગે દોરવાનો આરોપ હતો.

# આ અઠવાડિયે સોના-ચાંદીમાં મોટો ઘટાડો રહ્યો

- **ચાંદીની કિંમત ₹15432 ઘટીને ₹2.17 લાખ પ્રતિ કિલો થઈ, સોનું ₹5097 સસ્તું થયું**

**મુંબઈ**


સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 5,097 રૂપિયા ઘટીને 1.40 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 20 જૂને 1.45 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.32 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.17 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 15,432 રૂપિયા ઓછી થઈ.

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 36 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. આ ચાંદીના અત્યાર સુધીના સૌથી વધુ ભાવ હતા. ત્યારથી અત્યાર સુધીમાં 149 દિવસમાં ચાંદી 1.69 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. યુએસ-ઈરાન કરાર: અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર થયા છે. આના કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધનો ખતરો ઓછો થયો, જેનાથી રોકાણકારોએ સોના-ચાંદી જેવા 'સુરક્ષિત રોકાણ'માંથી પોતાના પૈસા કાઢવાનું શરૂ કરી દીધું. યુએસ ફેડરલ રિઝર્વનો અભિગમ: ફેડરલ રિઝર્વે તાજેતરમાં સંકેત આપ્યા છે કે તે આ વર્ષે વ્યાજ દરોમાં ઘટાડો કરવાને બદલે તેમને વધારી શકે છે. વ્યાજ દરો વધવાની અપેક્ષાથી સોના જેવી વ્યાજ વગરની ધાતની ચમક ઓછી થઈ જાય છે.

# અમિત શાહના હસ્તે 'ભારત ટેક્સી'નો શુભારંભ..!

## મુખ્યમંત્રીની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરત સહિતના એરપોર્ટ તેમજ વિવિધ સરકારી સંસ્થાઓ સાથે MoU કરવામાં આવ્યા



**બે વર્ષમાં ભારત ટેક્સી 500 શહેર-ગામડાઓમાં પહોંચશે: અમિત શાહ**

અમદાવાદ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિત શાહ 27 અને 28 જૂન એમ બે દિવસ દરમિયાન તેમના સંસદીય ક્ષેત્રના પ્રવાસે છે. સહકારી મોડલ આધારિત 'ભારત ટેક્ષી' સેવાનો આજે ગુજરાતમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે મહાત્મા મંદિર ખાતે પ્રારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરત સહિતના એરપોર્ટ તેમજ વિવિધ સરકારી સંસ્થાઓ સાથે એમઓયુ પણ કરવામાં આવ્યા છે. આ સાથે જ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત ગુજરાતનાં 14 પ્રમુખ શહેરોમાં 'ભારત ટેક્સીનો શુભારંભ થયો છે.

બીજી તરફ કાર્યક્રમમાં ઉપસ્થિત કેટલાક ટેક્સી ડ્રાઈવરો દ્વારા ખાનગી ટેક્સી વાહનોને આ મોડલમાં સામેલ ન કરવાની માંગ પણ ઉઠી હતી. આ કાર્યક્રમ દરમિયાન ભારત ટેક્ષીના સીઈઓએ વડોદરા એરપોર્ટ, અદાણી એરપોર્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), GETCO, અમદાવાદ પોલીસ, રાજકોટ એરપોર્ટ અને સુરત એરપોર્ટ ઓથોરિટી સહિતની સંસ્થાઓ સાથે એમઓયુ કર્યા હોવાનું જાહેર કર્યું હતું.

આ પ્રસંગે સહકારીતા મંત્રી અમિત શાહે કહ્યું કે, મુસાફરો અને ડ્રાઈવરોનું શોષણ ન થાય એટલે ટેક્સી શરૂ કરાવી છે. ભારત ટેક્સી મોંઘી છે, કેટલાક લોકો અફવાઓ ફેલાવે છે. અમે મુંબઈ, નાગપુરથી લઈ જયપુર, કોલકાતા સુધી પહોંચીશું. બે વર્ષમાં નાના-મોટા 500 શહેર-ગામડાઓમાં 2 વ્હીલર-ફોર વ્હીલર પહોંચાડીશું .

ખાનગી કંપનીઓ વાહનચાલકોને માત્ર ડ્રાઈવર ગણીને તેમનું શોષણ કરતી હતી, કમિશનના નામે કમાણી પડાવી લેતી હતી અને કોઈ સુનાવણી વગર રજિસ્ટ્રેશન બ્લોક કરી દેતી હતી.

પરંતુ 'ભારત ટેક્સી'માં આ વાહનચાલકો માત્ર ડ્રાઈવર નથી, પણ 'સારથિ' તરીકે ઓળખાય છે. આજે દેશભરના 7 લાખથી વધુ સારથિઓ રૂ.100ના શેર સાથે 'ભારત ટેક્સી'ના સહ માલિક-શેરહોલ્ડર બન્યા છે. આ મોડેલ માત્ર ગ્રાહકોને વ્યાજબી ભાવે સુરક્ષિત સવારી જ નથી આપતું, પરંતુ સારથિઓને સન્માન, સુરક્ષા અને સમૃદ્ધિની ગેરંટી આપે છે. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આજે, એક મહિલા પશુપાલક કે જેમણે માત્ર રૂ. 100ના શેરથી શરૂઆત કરી હતી, તે એક સિસ્ટમ એટલે કે અમૂલનો ભાગ છે, જે રૂ. 1.25 લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે. જેના પરિણામે અમૂલ વિશ્વની સૌથી વિશ્વસનીય ફૂડ બ્રાન્ડ તરીકે ઉભરી આવી છે.

### ■ 'શોષણ અટકાવવું, માલિકી અને સમૃદ્ધી આપવાનો ઉદેશ'

ભારત ટેક્સીના ત્રણ મુખ્ય ઉદ્દેશ છે, સારથિ અને ગ્રાહકનું શોષણ અટકાવવું, સારથિને સન્માન અને માલિકી આપવી તથા સુરક્ષા સાથે સમૃદ્ધિ સુનિશ્ચિત કરવી. હાલમાં દેશભરમાં 7 લાખથી વધુ સારથિઓ આ સહકારી સંસ્થાના સભ્ય છે અને 37 લાખથી વધુ લોકો આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે.

### ■ 'ખાનગી કંપનીઓએ પણ પોતાના ભાડાં ઘટાડવાની શરૂઆત કરી'

ભારત ટેક્સી'ની એન્ટ્રી રોકવા માટે બજારની અન્ય મોટી કંપનીઓ અત્યારે જાણી જોઈને નુકસાન વેઠીને પણ ભાડાં ઘટાડી રહી છે. આ માત્ર ગેરમાર્ગે દોરવાની યુક્તિ છે. પરંતુ 'ભારત ટેક્સી' ન તો થાકશે તથા ન તો મેદાન છોડીને ભાગશે. સહકારી ભાવના અને સેવાના સંકલ્પ સાથે આ સંસ્થા અડગ ઊભી રહેશે. જેમ અમૂલ અને ઈફકોએ ખાનગી કંપનીઓ સામે સફળતા મેળવી છે, તેવી જ રીતે 'ભારત ટેક્સી' પણ ગ્રાહકો અને સારથિઓના હિતમાં વિજયી બનશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### ■ 'સહકારી સંસ્થા તેના સભ્યો-સારથિઓને સસ્તા દરે લોન અપાવવામાં મદદ કરશે'

'ભારત ટેક્સી' માત્ર ભાડા પૂરતી સીમિત નથી. આવનારા દિવસોમાં આ સહકારી સંસ્થા તેના સભ્યો-સારથિઓને સસ્તા દરે લોન અપાવવામાં મદદ કરશે, તેમના પરિવારો માટે વીમાની ચિંતા કરશે અને તેમના બિઝનેસ વિસ્તરણના મોડેલને પણ આર્થિક ટેકો આપશે.

---


અમદાવાદમાં રફતારના રાક્ષસો બેફામ

## મોડી રાત્રે મર્સિડીઝ અને કિયા કાર વચ્ચે સર્જાયો પ્રચંડ અકસ્માત

અમદાવાદ

અમદાવાદના પોશ ગણાતા વિસ્તારોના માર્ગો જાણે સ્પીડ વલયના રેસિંગ ટ્રેક બની ગયા હોય તેમ મોડી રાત્રે રફતારના રાક્ષસોએ ફરી એકવાર બેફામ ગતિએ વાહનો હંકારીને મોટો અકસ્માત સર્જ્યો છે. શહેરના વ્યસ્ત માર્ગ પર એક લક્ઝુરિયસ મર્સિડીઝ (Mercedes) અને કિયા (Kia) કાર વચ્ચે એટલો પ્રચંડ અકસ્માત સર્જાયો હતો કે બંને મોંઘીદાટ ગાડીઓના બોનેટ અને એન્જિનનો કુરમો બોલી ગયો હતો. અકસ્માતનો અવાજ એટલો ભયાનક હતો કે આસપાસના લોકો ધડાકો સાંભળીને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, મોડી રાત્રે બંને કારના ચાલકો પૂરપાટ ઝડપે કટીંગ કરીને ગાડીઓ હંકારી રહ્યા હતા. આ દરમિયાન સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા બંને



વૈભવી કારો એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ પડી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે બંને ગાડીઓનો આગળનો હિસ્સો સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. સદનસીબે, અકસ્માત સમયે બંને લક્ઝુરિયસ કારોની સુરક્ષા એરબેગ્સ (Airbags) સમયસર ખુલી જતાં કાર સવાર નશામાં ધૂત હોવાની આશંકા ધરાવતા અમીરજાદાઓનો આબાદ બચાવ થયો હતો.

આ અકસ્માતને પગલે રોડ પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.

---

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં મારુતિ પ્લાઝા એડીસી બેંકની સામે

## ભાજપના ખેસવાળી કારમાંથી ₹50 લાખની ઉઠાંતરી

એક બાઈક ચાલકે ગાડીની પાછળ અથડાવી એટલે કારચાલક ગાડી નીચે ઉતર્યો હતો. અને તેની સાથે બોલાચાલી કરી હતી. આ સમયે નજર ચૂકવી બીજા બાઈક ઉપર આવેલા બે અજાણ્યા હેલમેટ પહેરેલા વ્યક્તિઓએ ગાડીનો કાચ તોડી અને ગાડીમાં પડેલા રૂપિયા 50 લાખ ઉઠાવી ફરાર થઈ ગયા

અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં મારુતિ પ્લાઝા એડીસી બેંકની સામે ગાડીમાંથી નજર ચૂકવી અને રૂપિયા 50 લાખની ઉઠાંતરીનો બનાવ સામે આવ્યો છે. બાઈક સવાર હેલમેટ પહેલા બે શખસ રૂપિયાની બેગ લઈ છૂમંતર થઈ ગયા હતા. ઘટનાની જાણ કૃષ્ણનગર પોલીસને થતા કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચ્યો હતો.

જે કારમાંથી 50 લાખ રુપિયાની ઉઠાંતરી કરવામાં આવી તેમાંથી ભાજપનો ખેસ અને ખોડલધામ અમદાવાદ લખેલો ખેસ મળી આવ્યો હતો. ફરિયાદી છે એમણે બાપુનગરમાં આંગડિયા પેઢીમાંથી 50 લાખ લીધેલા હતા અને આ રુપિયા લઈને એ લોકો કોઠિયા હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા, એ દરમિયાન રસ્તામાં બનાવ બન્યો હતો. એક બાઈક ચાલકે ગાડીની પાછળ અથડાવી એટલે કારચાલક ગાડી નીચે ઉતર્યો હતો. અને તેની સાથે બોલાચાલી કરી હતી. આ સમયે નજર ચૂકવી બીજા બાઈક ઉપર આવેલા બે અજાણ્યા હેલમેટ પહેરેલા વ્યક્તિઓએ ગાડીનો કાચ તોડી અને ગાડીમાં પડેલા રૂપિયા 50 લાખ ઉઠાવી ફરાર થઈ ગયા હતા.






પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે 27 જૂનના રોજ સવારના સમયે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જે મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સ છે એની પાસે જે ADC બેંક આવેલી છે, ત્યાં જે ફરિયાદી છે એ પોતાની ગાડી લઈને જે ગાડીમાં એક થેલામાં 50 લાખ હતા. જે બાપુનગર વિસ્તારમાં આંગડિયા પેઢીમાંથી ઉપાડીને એ લોકો જઈ રહ્યા હતા. એ દરમિયાન ત્યાં આગળ બાઈક ચાલકોએ એની જોડે બાઈક, ગાડી સાથે ટક્કર મારીને, ટક્કર માર્યા બાદ એ લોકો જોડે ઝઘડો કર્યો અને ઝઘડો કર્યા બાદ એ લોકોની ગાડીમાંથી 50 લાખ લૂંટીને ફરાર થઈ ગયેલા હતા. તે આધારે હાલમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ પોલીસની અલગ-અલગ ટીમો તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અલગ-અલગ ટીમો બનાવીને આરોપી પકડવા માટેની તજવીજ ચાલુ છે.

---

બોપલના મહિલા PSI વતી

## રૂપિયા 5 લાખની લાંચ લેતા હેડ કોન્સ્ટેબલ અને ASI સહિત બે ઝડપાયા

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસ બેડામાં લાંચની એક મોટી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. બોપલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ (PSI) વતી રૂપિયા ૫ લાખની મસમોટી લાંચ સ્વીકારતા હેડ કોન્સ્ટેબલ અને એક એએસઆઈ (ASI) સહિત બે વચેટિયાઓને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) એ રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ ટ્રેપની ગંધ આવી જતાં લાંચની મુખ્ય સૂત્રધાર મહિલા પીએસઆઈ પ્રિતલ ચૌધરી હાલ ફરાર થઈ ગઈ છે, જેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

મળતી માહિતી મુજબ, બોપલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પીએસઆઈ પ્રિતલ ચૌધરી સામે આક્ષેપ છે કે તેમણે ફરિયાદી વિરૂદ્ધ કોઈ કાયદેસરની અરજી કે ફરિયાદ ન કરવાના અવેજ પેટે શરૂઆતમાં રૂ. ૧૦ લાખની મસમોટી લાંચની માંગણી કરી હતી. જો કે, અંતે ભારે રકઝક બાદ રૂ. ૫ લાખ આપવાનું નક્કી થયું હતું.

ફરિયાદી આટલી મોટી રકમની લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલિક ગુજરાત એસીબી (ACB) નો સંપર્ક કરીને આખી ઘટનાની જાણ કરી હતી. એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એક ટીમ દ્વારા બોપલ વિસ્તારમાં જ લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

નક્કી થયા મુજબ, જ્યારે મહિલા પીએસઆઈ વતી હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ લાંચની રકમ રૂ. ૫ લાખ સ્વીકારી રહ્યા હતા, ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને બંનેને રંગેહાથ દબોચી લીધા હતા.

એસીબીની આ સફળ રેડ દરમિયાન લાંચિયા હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈની અટકાયત કરી લેવામાં આવી છે.

---

લખનઉ અને દિલ્હીમાં મોટી આગની ઘટનાઓ બાદ

## અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે કાર્યવાહી : 154 હોટલ-62 કોચિંગ ક્લાસને નોટિસ, 13 હોટલ સહિત 1 સંસ્થા સીલ!

### સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં 47 હોટલો અને 12 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી

અમદાવાદ

લખનઉ અને દિલ્હીમાં મોટી આગની ઘટનાઓ બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ સક્રિય બન્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ક્લાસીસમાં ફાયર સેફ્ટી અને નિયમોના પાલનને લઈને ફાયર બ્રિગેડ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ ઝોનમાં હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમો સામે નોટિસો ફટકારવામાં આવી છે તેમજ ગંભીર બેદરકારી સામે સીલિંગની કાર્યવાહી પણ કરવામાં આવી છે.

શહેરભરમાં હાથ ધરાયેલી આ ઝુંબેશમાં કુલ 154 હોટેલોને અને 62 શૈક્ષણિક તથા કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જ્યારે નિયમોના ગંભીર ભંગ બદલ 13 હોટલો તેમજ એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં



આવી છે. સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં 47 હોટલો અને 12 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી હતી. તેમજ 7 હોટેલો અને એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી હતી. ઉત્તર ઝોનમાં 7 હોટેલ્સ અને 10 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી છે.

દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 20 હોટેલ્સને નોટિસ આપવામાં આવી છે. દક્ષિણ ઝોનમાં 13 હોટેલ અને 3 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે. મધ્ય ઝોનમાં 27 હોટેલો તેમજ 8 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓ સામે નોટિસની કાર્યવાહી કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ઝોનમાં 24 હોટેલો અને 5 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જ્યારે નિયમોના ગંભીર ભંગ બદલ 6 હોટલોને સીલ કરવામાં આવી છે. ઈસ્ટ ઝોનમાં 16 હોટેલો અને 24 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે.

રાજકોટ અગ્નિકાંડ થયા બાદ છ મહિના સુધી અમદાવાદ ફાયર બ્રિગેડ સક્રિય બન્યું હતું અને શહેરમાં અનેક જગ્યાએ ફાયર સેફ્ટીના નિયમો અને ગેરકાયદેસર બિલ્ડીંગો બાબતે કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે અગ્નિકાંડ બાદ તંત્ર ઊંઘતું રહ્યું હતું અને હવે લખનઉ અને દિલ્હીની ઘટના બાદ અચાનક જાગેલા ફાયર બ્રિગેડ તંત્ર દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું છે.

---

## અમદાવાદમાં યુવતીને પ્રેમજાળમાં ફસાવી સોનાની ચેઈન અને મોંઘોદાટ મોબાઈલ પડાવનાર શખ્સ ઝબ્બે

અમદાવાદ

શહેરમાં સોશિયલ મીડિયા અને પ્રેમ સંબંધોના નામે નિર્દોષ યુવતીઓને ટાર્ગેટ કરતી ગેંગ અથવા શાતિર ઠગો બેફામ બન્યા છે. લગ્નની લાલચ આપી, પ્રેમની ખોટી જાળ બિછાવીને એક યુવતી પાસેથી સોનાની કિંમતી ચેઈન અને મોંઘોદાટ આઈફોન/મોબાઈલ પડાવી લેનાર એક રીઢા ઠગને અમદાવાદ પોલીસે વ્યુહાત્મક રીતે ઝડપી પાડ્યો છે. યુવતીની જાગૃતિ અને પોલીસની ત્વરિત કાર્યવાહીને કારણે આ 'રોમિયો ઠગ' હવે જેલના સળિયા પાછળ ધકેલાયો છે. મળતી વિગતો મુજબ, ઝડપાયેલા શાતિર શખ્સે ભોગ બનનાર યુવતી સાથે પહેલાં મિત્રતા કેળવી હતી અને ત્યારબાદ પોતે બહુ મોટા ઘરનો હોવાનો તથા સારો બિઝનેસ કરતો હોવાનો ડોળ કરી યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. વિશ્વાસ જીત્યા બાદ તેણે યુવતી સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. સંબંધ ગાઢ બનતા જ આ ઠગે પોતાની અસલી ચાલ ચાલી હતી. કોઈ આર્થિક મુશ્કેલી અથવા અર્જન્ટ જરૂરિયાતનું બહાનું ધરીને તેણે યુવતી પાસેથી સોનાની ચેઈન અને કિંમતી મોબાઈલ ફોન પડાવી લીધો હતો. આ કિંમતી ચીજવસ્તુઓ હાથમાં આવતાની સાથે જ શખ્સે યુવતીથી અંતર રાખવાનું શરૂ કર્યું હતું અને લગ્નની વાત પરથી પલટી મારી ગયો હતો.

---

## ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી : અખબારનગર સર્કલ પાસેથી રૂ.9.90 લાખના ગાંજા સાથે એક આરોપી ઝડપાયો

### ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે અખબારનગર સર્કલ પાસે, કેમલેનિયમ પ્લાઝાની બાજુમાં, વંદના સોસાયટીના કોમન પ્લોટની દીવાલ પાસે ફૂટપાથ પર નશીલા પદાર્થની હેરફેર થઇ રહી છે : ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ

શહેરમાં ડ્રગ્સ અને નશીલા પદાર્થોના દૂષણને નેસ્તનાબૂદ કરવા માટે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે નારણપુરા વિસ્તારમાં આવેલા અખબારનગર સર્કલ પાસેથી એક આરોપીને ૧૯ કિલો ૮૧૨ ગ્રામ ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. જપ્ત કરાયેલા ગાંજાની કિંમત અંદાજે રૂ. ૯,૯૦,૬૦૦/- થવા જાય છે.

મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે અખબારનગર સર્કલ પાસે, કેમલેનિયમ પ્લાઝાની બાજુમાં, વંદના સોસાયટીના કોમન પ્લોટની દીવાલ પાસે ફૂટપાથ પર નશીલા પદાર્થની હેરફેર થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસે તારીખ ૨૬/૦૬/૨૦૨૬ના રોજ ત્યાં રેડ પાડીને આરોપી સતીષકુમાર મનોહરલાલ મહેતા (ઉંમર વર્ષ




૪૧)ને પાસ-પરમિટ વગરના ગેરકાયદેસર ગાંજા સાથે રંગેહાથ પકડી લીધો હતો. આરોપી સતીષકુમાર હાલ ન્યૂ ક્રિષ્નાનગરની ચાલી, રાણીપ, અમદાવાદમાં રહે છે અને તે મૂળ ચાકેડે (તા. માંડલ, જી. ભીલવાડા, રાજસ્થાન) નો વતની છે. પોલીસે પકડાયેલા આરોપી અને તેને ગાંજાનો જથ્થો પૂરો પાડનાર સહ-આરોપીઓ વિરુદ્ધ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કુલ રૂ. ૯.૯૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત પોલીસે આરોપી પાસેથી રોકડા રૂપિયા અને મોબાઈલ સહિત કુલ રૂ. ૯,૯૬,૧૩૦/- ની મતાનો મુદ્દામાલ કબજે કર્યો છે, જેની વિગતો નીચે મુજબ છે: ગેરકાયદેસર ગાંજાનો જથ્થો (૧૯.૮૧૨ કિલોગ્રામ) - કિંમત રૂ. ૯,૯૦,૬૦૦/-, ૧ નંગ મોબાઈલ ફોન - કિંમત રૂ. ૫,૦૦૦/-, ૧ નંગ મોબાઈલ ચાર્જર - કિંમત રૂ. ૦૦/-, અંગઝડતીમાંથી મળેલા રોકડા રૂપિયા - રૂ. ૫૩૦/-, કાંતન અને પ્લાસ્ટિકનો થેલો તથા પૂંઠાના ટુકડા - કિંમત રૂ. ૦૦/-, બી.ઓ.પી.પી. ટેપ વીંટાળેલ પેકિંગ મટીરીયલ્સ - કિંમત રૂ. ૦૦/-, આરોપીનો ગુનાહિત ઈતિહાસ

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલ આરોપી સતીષકુમાર મહેતા અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો છે.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI